# ઇતિ મે મતિ

- સુરેશ જોષી

# ઇતિ મે મતિ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : નિબન્ધ

સુરેશ જોષી

ઇતિ મે મતિ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| મુખપૃષ્ઠ | ix |
| 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ | 1 |
| સર્જક-પરિચય | iv |
| ઇતિ મે મતિ | vii |
| નિવેદન / અર્પણ | viii |
| એકાન્ત – એક આત્મવિલોપન | 9 |
| અણુ અને વિભુ | 12 |
| નિરાશાની ઉપકારકતા | 16 |
| કરોડપતિ | 21 |
| કવિ : ક્રાન્તિનો અગ્રદૂત | 24 |
| સ્વપ્નની સૃષ્ટિ | 28 |
| મોક્ષની પણ વાસના? | 32 |
| તંદુરસ્ત માનવીની મર્યાદાઓ | 35 |
| ફંગોળાયેલું નગર | 39 |

શરીર : માનવઆત્માની શ્રેષ્ઠ છબિ 42
‘આપણે બુદ્ધિશાળીઓ’ 44
પરગજુ જીવ 47
હર્બર્ટ માર્ક્યુઝ 50
આન્તરપ્રતીતિનું પ્રામાણ્ય 53
સમયનું સાતત્ય 56
માનવી : દરમાં રહેનારું પ્રાણી 60
આત્મપ્રચારની નિરર્થકતા 64
ચિન્તનસભર નવલકથાઓ 68
સહિષ્ણુતા 72
વિચારનો નશો 76
વિષાદને સમજવાની ભૂમિકા 80
કોલાકોવ્સ્કીની વિચારસરણી 84
પારદર્શક નિખાલસતા 88
બુદ્ધિનિર્ભરતા 93
માનવની એક બીજી છબિ 98
અશ્રદ્ધા વિશેની શ્રદ્ધા 102
આદિમ સંસ્કૃતિના પ્રદેશમાં 107
સુખદુ:ખના તાણાવાણા 113

ધોળે દિવસે અંધારું 117

મોટેરાંઓનાં રમકડાં 121

# મુખપૃષ્ઠ

મુખપૃષ્ઠ



# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# ઇતિ મે મતિ

ઇતિ મે મતિ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : નિબન્ધ

સુરેશ હ. જોષી

સંકલન: શિરીષ પંચાલ

# નિવેદન / અર્પણ

સુરેશ જોષીના આ ચોથા નિબન્ધસંચય ‘ઇતિ મે મતિ’માં કેટલાક ચિન્તનાત્મક નિબન્ધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિબન્ધોની પસંદગી તેમની હયાતીમાં જ કરવામાં આવી હતી. આશા છે કે તેમના અન્ય નિબન્ધોની જેમ આ નિબન્ધો પણ ગુજરાતને ગમશે. આ નિબન્ધસંચયના પ્રકાશન માટે પાર્શ્વ પ્રકાશનનો તથા ભાઈ સુમન શાહે આના મુદ્રણ અને પ્રકાશનમાં ખૂબ જ રસ દાખવ્યો તે બદલ તેમનો પણ આભાર માનું છું.

– **ઉષા જોષી**

**સૌ. ઋચા અને શૈલેશને**

I stick my finger into existence – It smells of nothing. Where am I? What is this thing called the world? Who is it who has lured me into the thing, and now leaves me here? Who am I? How did I come into the world? Why was I not consulted?

– Kirkegaard

# એકાન્ત – એક આત્મવિલોપન

એકાએક ભૂતકાળના કોઈ અણબોટ્યા એકાન્તનો ઉચ્છ્વાસ મને સ્પર્શી જાય છે. એકાન્ત એક પ્રકારનું આત્મવિલોપન છે. કેટલાય પ્રકારની ગ્રન્થિઓથી ગંઠાયેલો, સ્મૃતિવિસ્મૃતિની છેદરેખાઓથી ઉઝરડાયેલો, વીતેલા અને અનાગતકાળથી ભારે, આકાંક્ષા અને ભયથી ત્રસ્ત એવા આપણા અહંકારને બરફની જેમ પીગળીને વહી જતો અનુભવવો કે કપૂરની જેમ કેવળ સુગન્ધ રૂપે વિસ્તરીને લય પામતો જોવો એ એક વિરલ અનુભવ છે. આ જગત સાથે ગૂંથાયેલા તાણાવાણા અળગા થાય, મમત્વની પકડ છૂટી જાય ત્યારે કેવળ હોવું એ પણ આછો આભાસ બની રહે. આવી ક્ષણ આવે ત્યારે એને ઓળખવાનો, એને સાચવી રાખવાનો લોભ પણ હોતો નથી. એ તો એ પછીથી ઉદ્ભવે છે. છતાં એ અનુભવની સ્મૃતિ સાથે મન ચેડાં કરવાં શરૂ કરી દે છે, એમાંથી કશુંક ઉપજાવી કાઢવાના ઉધામા શરૂ થઈ જાય છે, અને એ ઉધામા સાથે એ એકાન્તનો પૂરેપૂરો અન્ત આવી જાય છે.

હું આ અનુભવને આધ્યાત્મિક અનુભવને મોટે નામે નહીં ઓળખાવું, છતાં એટલું તો કહીશ કે એથી આપણી ચેતના પુષ્ટ થાય છે, આ એકાન્ત તે શૂન્ય નથી, એમાં બધું જ સારવી લીધેલું હોય છે. બાકી તો બધી પ્રવૃત્તિઓ દરમિયાન આપણું મન એનાં લેખાંજોખાંની આળપંપાળમાં ફસાયેલું હોય છે. ‘આટલું મળ્યું, આટલું ખોયું’નો ગોકીરો એ મચાવ્યા કરતું હોય છે. આથી જ તો આપણે એકાન્તના અનુભવ સાથે શાન્તિને જોડીએ છીએ. પણ બીજી બાજુ શાન્તિ અને વિષાદને પણ સમ્બન્ધ છે. શાન્તિ ઠરે પછી એને તળિયે વિષાદનો પોપડો બાઝ્યો હોય એવો અનુભવ થાય છે. એકાન્તમાં કશાનો નિષેધ નથી, પણ નિગરણ છે, નિમજ્જન છે. ઊલટાની એમાં તો સ્વીકૃતિની

માત્રા એટલી તો તીવ્ર બની રહે છે કે કદાચ તેથી જ એકાન્તને જીરવનારા બહુ થોડા હોય છે. કોઈ વાર એવી વ્યક્તિને જોઈએ છીએ જે એકાન્તથી ઘેરાયેલી હોય એમ લાગે છે. એની આંખોમાં એકાન્ત ઘુંટાયેલું દેખાય છે. એ શબ્દો બોલે તોય એકાન્તમાં થતા પરપોટા જેવા લાગે છે. એનું કારણ કદાચ એ હશે કે એઓ ક્યાંય સ્થગિત થઈને થંભી જતા નથી. રસળતી ગતિએ બધું સમથળ બનીને વહ્યા કરે છે. કશી આસક્તિનો આંકડો એમને ભેરવાતો નથી. ઘણા શ્રી અરવિન્દના કે શ્રી રમણ મહર્ષિના પ્રભાવની વાત કરે છે ત્યારે હું એને આવી રીતે જ ઘટાવું છું.

હું જાણું છું કે આની સામેની પણ એક સ્થિતિ છે, એમાં ઉત્પાત છે, જ્વાળામુખી છે. વિક્ષોભ છે પણ આવા ચક્રવાતોના પર જ શાન્તિની દૃષ્ટિધારાનો આધાર કદાચ રહ્યો હોય છે. આપણે જે હતા તેમાંથી પૂરેપૂરા મુક્ત થવું અને આપણે જે થવાના છીએ તે તરફ ગતિ કરવી, આ દરમિયાન આપણે આપણાથી જ છૂટીને ડગલું ભરવું પડે છે. પશુઓને તો એકાન્ત હોતું નથી. માનવી જ એકાન્ત શોધે છે, અને એકાન્તથી ભયભીત થઈને સમૂહનો આશ્રય લે છે. આખરે માનવીની પ્રબળ આસક્તિ પોતાને પોતાનામાં શોધવાની નહીં, પણ ઇતરમાં પૂરેપૂરો સંક્રાન્ત થયેલો જોવાની છે. આ ઇતર એ વાસ્તવમાં ઇતર નથી એમ કહી શકાય એટલે અંશે એને પોતાનાથી ભરી દેવાની છે. આમ માનવી ઝૂરે છે. સહચાર દ્વારા અદ્વૈતને ઝંખે છે. પણ આ અદ્વૈત તો એક આદર્શ છે, તેથી જ તો જે અપૂર્ણ રહી જાય છે તેની વેદના સદા રણઝણતી રહે છે. આ વેદના તે પૂર્ણતાને માટે ઝૂરવાની વેદના છે. એ પોતાને પૂરી રીતે પામવા માટે જ ઇતર માટે ઝૂરે છે અને એ ઇતર ઇતર મટીને પોતાનામાં ભળી જાય ત્યારે જ પૂર્ણતા સિદ્ધ થાય છે. પણ આપણે માનવી છીએ માટે જ એ શક્ય નથી. માટે જ ઝૂરવાની વેદના, માટે જ એકાન્તની, પ્રશાન્તિની આવી જતી ક્ષણોનું આટલું બધું મહત્ત્વ.

એકાન્તમાં આપણું આપણાપણું ઓગળી જવાની સ્થિતિએ પહોંચે છે, પણ પૂરું ઓગળી જતું નથી. જે રહી જાય છે તે છે ઇતરને માટેની આસક્તિનું બીજ. ફરી એ અંકુરિત થાય છે અને ફરી આપણે બીજા અન્તિમ તરફ દોટ મૂકીએ છીએ. માનવ-નિયતિની આ સ્થિતિને જ કેમ્યૂએ સિસિફસના શાપ જોડે સરખાવી છે. આ બે અન્તિમો વચ્ચે ફંગોળાયા કરતા માનવીની સ્થિતિ તે જ પાયાની અસંગતિ. આ બે અન્તિમોને અનેક નામે ઓળખાવીએ તેથી પરિસ્થિતિ બદલાતી નથી. આ બે અન્તિમો પૈકીના એકમાં આખરી આશ્રય લેવાનું શક્ય નથી. આથી જ માનવી નિરાશ્રય છે, અનિકેત

છે. એ સંસ્થાઓ ઘડે છે, ‘સંસ્થા’ સંજ્ઞા સૂચવે છે તેમ એ માનવીનો સ્થિર થવાનો પ્રયત્ન છે. પણ સંસ્થાઓ માનવીના વ્યક્તિત્વને ભાંગે છે. માનવીનું કાઠું એમાં સમાય એ માપનું કરી શકાતું નથી. આ ઘડવાભાંગવાની પ્રવૃત્તિ જ ધીમે ધીમે વિષાદ ઉપજાવતી જાય છે, એમાંથી વિરતિ જન્મે છે. આ વિરતિને પરિણામે વિદ્રોહની ભૂમિકા તૈયાર થાય છે. જે વિદ્રોહની ભૂમિકા સુધી પહોંચવાની લાચારીને સ્વીકારવા તૈયાર નથી તે સ્વેચ્છાએ આત્મઘાત સ્વીકારી લે છે. પ્રેમમાત્રમાં આત્મસમર્પણને નામે, અભિન્નતાને નામે, અદ્વૈતને નામે આ આત્મઘાત અનિવાર્ય બની રહે છે.

આથી જ તો પૂરેપૂરો આત્મવિકાસ એટલે શૂન્ય. પૂર્ણમાંથી પૂર્ણની બાદબાકી કરો તો પૂર્ણ રહે, કારણ કે પૂર્ણ અવિકારી. શૂન્યને કશી ઉપાધિ નડે નહીં. એ સૌથી નિલિર્પ્ત, પણ આ સ્થિતિ આત્યન્તિક અવસ્થા છે. એ માનવીના ભાગ્યમાં નથી, છતાં માનવી શેનાથી પ્રેરાઈને એ તરફ દોટ મૂકે છે?

આ દોટ, આ પ્રગતિ, આ વિક્ષોભની સામે વિદ્રોહ પોકારીને નિશ્ચલતાની સ્થિતિને સ્વીકારવાનો આગ્રહ પણ અર્વાચીન સાહિત્યમાં દેખાય છે. ગર્ભને પોતાની આગવી ગતિ નથી. મરણમાં ગતિ નથી. આ બે સ્થિતિને પામવાની વૃત્તિ સૅમ્યુઅલ બૅકેટની સાહિત્યસૃષ્ટિમાં દેખાય છે. ગતિને થંભાવી દઈને, ગતિના આત્માને પોતાનામાં સંભૃત કરીને રહીએ એવી આત્મસમાહિત અવસ્થા હવે ઇષ્ટ બની રહી છે.

આ સંસારની રોજ-બ-રોજની પ્રવૃત્તિનિવૃત્તિના ઘમસાણ વચ્ચે અટવાતા હોઈએ છીએ ત્યારે ક્યાંકથી એકાએક સુદૂર પ્રસારિત એકાન્તનો વિસ્તાર આવીને આપણને સ્પર્શી જાય છે. ગૌરીશંકરના શિખરને વીંટળાઈ વળતો પવન એની સમસ્ત નિર્જનતા સાથે આપણને સ્પર્શે છે. માનવીનું પગલું પણ પડ્યું નથી એવી કોઈ ગાઢ નિબિડ વનરાજિનો ઉચ્છ્વાસ આપણને આવીને સ્પર્શી જાય છે. ત્યારે આપણે અકારણ વિહ્વળ બની જઈએ છીએ. વિદ્રોહ, વિક્ષોભ અને વિશ્રાન્તિ કે વિલયની પરિભાષાના ચોકઠાની બહાર નીકળી જઈએ છીએ.

22-9-72

# અણુ અને વિભુ

કોઈક વાર એમ લાગે છે કે જાણે કશું બનતું જ નથી. કશી ઘટના આકાર પામે એવું, એને ઘાટ આપનારું, કોઈ બળ વરતાતું નથી. આમ દોડાદોડી, ધમાલ, ઘોંઘાટ – એ બધું તો ઘણું છે. છતાં કશું ન બનવાની જે એક નિસ્તરંગ સ્થિતિ છે તે એવી ને એવી રહે છે. આવા અનુભવની ક્ષણો ઝાઝી લંબાતી નથી. આવી ક્ષણે(સમયવાચક શબ્દો વાપર્યા વગર છૂટકો નથી!) એવું લાગે છે કે જાણે બધું જ થંભી ગયું છે. આથી આપણે પણ જાણે નિશ્ચિહ્ન બની જઈએ છીએ. ગતિ તો તુલનાના પર આધાર રાખે છે. જો કશું જ ગતિશીલ ન હોય તો તુલના શેની સાથે કરવી? ઘણી વાર એવો અનુભવ પણ થાય છે જ્યારે માત્ર આપણે જ થમ્ભી ગયા હોઈએ એવું લાગે છે. બાકીનું બધું ગતિશીલ લાગે છે. આથી એ ગતિનો ધક્કો વાગે એની પ્રતીક્ષા જ માત્ર કરવાની રહે છે.

કોઈક વાર એથી ઊંધો જ અનુભવ થાય છે. ઘણું બધું એક સાથે બનવા લાગે છે. બારીમાંથી ઝૂકીને જૂઈની કળી મારા તરફ જુએ, શિરીષની ડાળ ઝૂલીને અવકાશમાં આંદોલનનાં લયવર્તુળો વિસ્તારે, મેદાનમાં પવન દોડે, લીમડાના ઝાડ નીચે એક બાળક પોતે પોતાનામાં ખોવાઈ જઈને સમાધિસ્થ બુદ્ધની જેમ બેઠું હોય – આવી બધી નાની નગણ્ય લાગતી ઘટનાઓ દરેક ક્ષણે આગવું સ્વાયત્ત વિશ્વ બની રહે. સૂક્ષ્મ વસ્તુનિરપેક્ષ ચિન્તનથી આ બધું સમજવાનો ઉદ્યમ પણ એક ક્રીડા જ છે. છતાં કશા વ્યવધાન વિના અપરોક્ષ રીતે વસ્તુમાં પ્રવેશવું અને વસ્તુને આપણામાં પ્રવેશવા દેવી – એ સ્થિતિ જ મને ગમે છે. જે પરોક્ષતા આવે છે તે ભયને કારણે ટકી રહેવાની વૃત્તિથી ઊભા કરેલા અન્તરાયોને લીધે આવે છે. કશું નર્યું આપણાથી સહેવાતું નથી. મારા જ નર્યા

અસ્તિત્વને હું સહી શકતો નથી. આથી મારું કુટિલ મન મને પ્રશ્ન પૂછે છે : 'એવું નર્યું અસ્તિત્વ સંભવે ખરું?'

મન તો કદાચ વિરોધો, તુલનાઓ દ્વારા જ જગતને સમજવા ઇચ્છે છે. એમાં પદ માંડવા ને ભૂંસવાની રમત જ ખૂબ ચાલ્યા કરે છે.

આથી મારા જ મનની પકડમાંથી છૂટીને હું ભાગી જઉં છું. પ્રકૃતિમાં ચાલ્યો જાઉં છું. વૃક્ષ છે એથી વિશેષ એને વિશે કહેવાની કશી જરૂર ઊભી થતી નથી. વૃક્ષ એનાં વર્ષોનો ભાર ઝીલતું ઊભું નથી હોતું. એની ઘટામાં વૈભવ છે, સમયનો નર્યો ઢગલો નથી. પણ ઘરમાં જોઉં છું તો દરેક જણ પોતપોતાના સમયના કોશેટામાં છે. વૃદ્ધત્વ આવે તેની સાથે આજુબાજુના સમયનો પરિવેશ ખૂબ જ સંકીર્ણ બની જાય છે. સમય વાઘસિંહને પૂરવા માટેના પિંજરા જેવો બની જાય છે. વીતી ગયેલા સમયનો પટ વિસ્તૃત બને છે ત્યારે જ સમય આમ સંકોચાઈને આપણને સંકોચે છે. એ વિરોધ પણ કદાચ ક્લેશકર બની રહે છે. વય વધતાં ભૂતકાળમાં જીવવાનું વલણ વધે છે એ વાત મને તો સાવ ખોટી લાગે છે. ત્યારે મોટા ભાગની પ્રવૃત્તિ તો ભૂતકાળને ભૂંસવાની હોય છે. ભૂતકાળ વિનાના વર્તમાનમાં, કશા આધાર કે ટેકા વગર ઊભા રહી શકાય ત્યાં સુધી સમય આપણે માટે કાળ બનતો નથી.

મરણ પણ મને ઘણી સંકીર્ણ વસ્તુ લાગે છે. હું મરણને અન્ય લોકમાં જવાના સિંહદ્વાર રૂપે જોઈ શકતો નથી. જેમ વય વધે છે તેમ આપણા માટે સમય પિંડીભૂત, ભારે, સંકુચિત, હ્રસ્વ થતો જાય છે. સમયના આ અનુભવની વાત કરવાનું જરા અઘરું છે. છતાં એ અનુભવ જો કોઈ રીતે વ્યક્ત કરી શકાય તો જ સમયની ભીંસ અને રૂંધામણમાંથી છુટકારો મેળવી શકાય એમ મને લાગે છે. ઘણો સમય આપણા વ્યવહારની બહાર રહી જાય છે. એ આપણા લોહીમાં ઓગળતો નથી, હથેળીમાં ઝીલાતો નથી, આંખમાં સમાતો નથી. વૃક્ષમાં સમય વ્યાપી જાય છે. વૃક્ષો સ્થળ પરત્વે દરિદ્ર ભલે હશે, પણ સમયને એ અંકુરિત થવા દે છે, ફાલવા દે છે, ખરવા દે છે. મૂળથી બંધાયેલાં છતાં વૃક્ષો આકાશમાં મુક્ત છે. સમય સાથેનો મેળ બેસાડવામાં મુશ્કેલી પડે છે ત્યારે જ વેદના થાય છે. વેદના એ આપણા સમયમાંથી ઉતરડાયાની જ વેદના છે. પણ સમય વિશેની વધુ પડતી સભાનતા જ આપણને નિર્બળ તો નથી બનાવી દેતી? એક ક્ષણની સ્વયંપર્યાપ્તતાની મર્યાદાને ભેદીને એમાંથી મુક્ત થઈ જવાની પ્રવૃત્તિ જ સર્જન નથી? કોઈ કવિની એક પંક્તિ વાંચું છું ને તરત જ શબ્દમાંથી આકાશ પ્રકટે છે, એક બ્રહ્માણ્ડ

વિસ્તરે છે. શબ્દોમાં અણુ અને વિભુના બે અન્તિમ ધ્રુવોને પોતાના વ્યાપમાં સમાવી લેવાની શક્તિ પ્રકટ કરે તે કવિ. શિશુ માતાના ખોળામાં જ વિશ્વના વ્યાપને પામે તેવું કંઈક આ છે.

કેટલીક વાર કેવળ દૃષ્ટિપાત કરવો એ પણ કેટલું મોટું સાહસ લાગે છે! આપણા દૃષ્ટિપાત વિસ્તરે છે, એના છેડા લચી પડે છે. એમાંથી એક તનાવ ઊભો થાય છે, અત્યન્ત ઉજ્જ્વળ હોવાને કારણે નરી શ્વેત લાગતી એવી કશીક શક્તિ એમાંથી અવતરીને આકાશમાં ભળી જાય છે. આપણી આંખ અને આકાશ જોડાઈ જાય છે. એટલી બધી વિસ્તૃતિ આપણે ક્યાં સુધી સહી શકવાના હતા? પછી કેવળ દૃષ્ટિપાતથી આપણે અદૃશ્ય એવા કેટલાય ઊંચા ઊંચા સ્તમ્ભ ખડા કરી દઈએ છીએ!

બધું જ બનવાની દિશા તરફ ગતિ કરતી એક પ્રક્રિયા છે. આથી ધ્યેય કે લક્ષ્યની વાત કરવા કરતાં અવાન્તર સ્થિતિઓનું વર્ણન કરવાનું જ આપણે માટે તો શક્ય છે. પારગામી દીર્ઘ દૃષ્ટિનો મને લોભ નથી. સમ્મુખ જે છે તેને જ બને તેટલી તાદૃશતાથી જોવાનું બની શકે તો બસ. પણ હવે જાણે જોવાનો બહુ મહિમા રહ્યો નથી. પણ જે જોતો નથી તે બોલે શી રીતે? આંખો બંધ કરીને તપ કરનાર ઋષિ પણ આખરે તો અન્તરમાં દૃષ્ટિ વાળીને જુએ છે.

બીજી બાજુથી આપણા જમાનામાં આપણે શું જોવું તેની સ્વતન્ત્રતા આપણી પાસેથી આપણને ખબર ન પડે એ રીતે છીનવી લેવાઈ છે. ધીમે ધીમે, શું વાંચવું, શું બોલવું, શું વિચારવું એ પણ આપણા પર અકળ રીતે થતા દબાણને વશ થઈને આપણે નક્કી કરતા થઈ જઈશું. ટેલિવિઝન પાસે કલાકના કલાક બેસી રહેનારા પરવશ ગુલામોની પેઢી હવે આવશે, ટ્રાન્ઝિસ્ટરોએ એવા શ્રોતાઓ ઊભા કર્યા હતા.

ના, હું વિકાસ કે પ્રગતિનો વિરોધી નથી. પણ માનવીએ ઉપજાવેલાં સાધનો કેવી રીતે વાપરવાં તે વિશેની મારી વિવેકબુદ્ધિને કુણ્ઠિત કરે એવું કશું હું સહન કરી ન લઉં. આજે તો જ્યાં જોઈએ છીએ ત્યાં પ્રજાનો વિશાળ સમૂહ કશાક વેગીલા પ્રવાહમાં તણખલાની જેમ તણાતો દેખાય છે. લોકશાહી ઊંચી કરવા પૂરતી આપણી એક આંગળીને જ ટકાવી રાખે છે. બાકીના આપણા વ્યક્તિત્વનો એને ખપ નથી. શિક્ષણ સંસ્થાઓ અમુક દૃષ્ટિબિન્દુની માહિતી આપે છે, વ્યક્તિત્વનો વિકાસ કરતી નથી.

સામાજિકતા આપણને સદે અને પથ્ય નીવડે તેટલી જ માત્રામાં સ્વીકારવી જોઈએ. સમાજના એક એકમ તરીકે પણ આપણું કશુંક આગવું હોવું જોઈએ. જો એ ન હોય

તો આપણો સમાજ ઓળખાશે શી રીતે? સામાજિકતા આજે તો શાહીચૂસ કાગળ જેવી છે, એ આપણને પૂરેપૂરા ચૂસી લે છે, આપણે ઘાટઘૂટ વગરના એક ડાઘરૂપે જ માત્ર રહી જઈએ છીએ. માનવજાતિના ઇતિહાસમાં આપણે જોતા આવ્યા છીએ કે કોઈક ને કોઈક નિમિત્તે આપણા વ્યક્તિત્વના વિકાસથી ભડકતા રહ્યા છીએ અને એને રૂંધવાના અનેક પ્રયાસો કરતા રહ્યા છીએ. આથી જ તો આપણને ઇષ્ટ નહીં એવી આક્રમકતા આપણામાં પ્રવેશી જાય છે, ખોટા સંઘર્ષો ઊભા થાય છે. આપણે જે કાંઈ સ્વચ્છતાથી અને સંગીનપણે કરી શકીએ તે ભારે દબાણ અને તંગદિલી વચ્ચે કરતા હોઈએ છીએ. આમ આપણી ઘણી શક્તિ આ કૃત્રિમ સંઘર્ષને પહોંચી વળવામાં ખરચાઈ જાય છે, એ શક્તિને બચાવી લેવાના ઉપાય શોધવા પડશે.

21-6-75

# નિરાશાની ઉપકારકતા

વરસાદ સારો થયો છે. ગયા વરસ કરતાં તો બમણો થઈ ગયો છે. કોઈક કોઈક સદાના દુ:ખી જીવ ફરિયાદ કરવા લાગ્યા છે કે વરસાદ જરા વધારે પડતો છે. ડાંગરને વાંધો નહીં આવે, પણ બાજરી તો બગડી જ જશે. તો કેટલાક ચુસ્ત આશાવાદી કહે છે કે હવે તો કલિયુગ પૂરો થયો. સત્યયુગનાં એંધાણ વરતાવા લાગ્યાં છે. પણ બીજો એક વર્ગ છે જે મૂંઝાયેલો છે, એને હજુ આશા કે નિરાશાના અર્થની સુધ્ધાં ખબર નથી. પણ સમાજ તો આ બે ભાગમાં જ વહેંચાયેલો છે. પ્રામાણિક બુદ્ધિ ધરાવનારા મોટે ભાગે એકદમ આ કે તે દૃષ્ટિબિન્દુ સ્વીકારી લેતા નથી. આથી તેમને જ દ્વિધા થાય છે, પણ સમાજને આવો વર્ગ જ ખતરનાક લાગે છે. આથી એમના પર જાણે શાપ વરસાવીને કહેવામાં આવ્યું છે : 'સંશયાત્મા વિનશ્યતિ.'

કેટલાક રાતોરાત આશાવાદી થઈ જનારા લોકો પણ હોય છે. એમની દૃષ્ટિ એવી સૂક્ષ્મ હોય છે કે એમને નસીબનું પાંદડું ફરતું દેખાય છે. આશાવાદીને ઝાઝો પુરુષાર્થ કરવાનો હોતો નથી. એ હંમેશાં મોટા સમૂહની ઓથ પામીને જ રહેતો હોય છે. એણે ડગલું માંડવા માટે દિશા શોધવાની નથી. એને માથે સફળતા નિષ્ફળતાની કશી જવાબદારી હોતી નથી. નિરાશાવાદી જ ઘણી વાર આપણી પ્રવૃત્તિને ચાનક ચડાવે છે. આપણે ઉત્સાહમાં ને ઉત્સાહમાં નહીં જોઈ હોય તેવી મુશ્કેલીઓ તરફ એ આંગળી ચીંધે છે. એ આપણી સામે નવા પડકાર મૂકે, આપણી ભોળી નિશ્ચિતતાને સાવધ બનાવે પણ નિરાશાવાદીને સમાજ ભાંડે છેય ખરો. એ લોકો જ પ્રતિક્રિયાવાદી છે, એ લોકો જ વિઘાતક બળોનાં હાથમાં રમતા હોય છે. સૌથી વિશેષ આકરી પરિસ્થિતિ સંશયગ્રસ્તોની હોય છે. બે વિકલ્પોમાંથી એક્કેયનો તે સ્વીકાર કરતા નથી. પસંદગી

કરવાની સ્વતન્ત્રતાનો પણ જે ઉપયોગ કરતા નથી તેને સમાજ શી રીતે સહી લે? સંશયગ્રસ્તો કહે છે કે અમારી પ્રામાણિકતા જ અમને બતાવે છે કે આ વિકલ્પો સિવાયના બીજા વિકલ્પોની પણ સમ્ભાવના રહી હોય છે. અધીરાપણું કે આંધળો ઉત્સાહ બુદ્ધિમત્તાનું લક્ષણ નથી.

આથી જ તો વારેવારે આપણને નિષ્ક્રિય બનાવી મૂકતી આ કહેવાતી બુદ્ધિમત્તામાંથી મુક્ત થવા માટે, એના અંકુશમાંથી છૂટવાને, સામૂહિક સૂત્રોચ્ચાર, સરઘસ વગેરેનો આશ્રય લેવો પડે છે. ટૂંકમાં વ્યક્તિને ટોળાં વચ્ચે મૂકી દેવામાં આવે છે. આખરે એ વ્યક્તિ છે કોણ? સમષ્ટિ કે સમૂહના સન્દર્ભમાં જ એના વ્યક્તિત્વને અર્થ પ્રાપ્ત નથી થતો? પશુમાં કે પંખીમાં વ્યક્તિમત્તા નથી. પાળેલા કૂતરાને આપણે નામ આપીએ છીએ ને એના ગળામાં પટો બાંધીએ છીએ, એથી એને વ્યક્તિમત્તા પ્રાપ્ત થાય છે એમ કહીએ તો એવી વ્યક્તિમત્તા માનવીને ઇષ્ટ લાગશે ખરી? માટે જ તો કહેવાય છે કે પશુપંખીની યોનિથી પોતાની વિશિષ્ટતા સ્થાપવા માટે માનવીએ આગવી વ્યક્તિમત્તાને પોતાનું વ્યાવર્તક લક્ષણ ગણ્યું છે. સમાજમાં રહેવું, રાજસત્તાને વશ વર્તીને રહેવું ને સાથે સાથે પોતાની આગવી વ્યક્તિમત્તા પણ જાળવી રાખવી. આ આગવી વ્યક્તિમત્તા તે જ મૌલિકતા. આથી સર્જકોનું સમાજ ગૌરવ કરે.

વાસ્તવિકતા પ્રત્યે આંખમીંચામણાં નહીં કરવાં હોય તો કહેવું પડે કે સમાજને કે રાજસત્તાને સૌથી મોટો ભય મૌલિકતાનો. આ મૌલિકતા જ સૌથી ખતરનાક વસ્તુ. આથી સમાજ એના પર અંકુશ રાખવા મથે. એ અંકુશ રાખવાની પદ્ધતિઓ પણ સૂક્ષ્મ હોવી ઘટે. આદર આપીને, પ્રતિષ્ઠા સ્થાપીને, વિશિષ્ટ સ્થાન આપીને આ અંકુશ મૂકવામાં આવે. સર્જકો આખરે તો માનવીઓ હોય છે. એમનાથીય ભૂખમરાને સર્જકતાનો ઉદ્દીપન વિભાવ લેખવાનું ઝાઝો વખત બની શકે નહીં. એમનેય માન્યતા જોઈએ. સમાજમાં ઊંચું સ્થાન જોઈએ. કળાને ખાતર શહાદતને વરનારા તો વિરલ! સમાજ અને રાજસત્તા આ પરિસ્થિતિનો લાભ લે.

વિદ્યાપીઠો અને વિદ્યાપીઠોમાંના વિદ્વન્મંડળો આપણા સમાજની વૈચારિક આબોહવાના નિર્માણમાં બહુ અસર પાડી શકતા નથી એનું કારણ શું? બુદ્ધિ પર આપણે ઝાઝો મદાર રાખતા નથી એનું કારણ શું? ઘણી વાર તો એમ કહેવામાં આવે છે કે લમણાંઝીક કરવાથી કશું વળવાનું નથી. બુદ્ધિને વાપરનારા આપણે છીએ. આપણે એટલે કોણ? સમાજમાં પ્રવર્તતાં પરિબળોનો લઘુતમ દઢભાજક? એ પરિબળોની

નીપજ? બુદ્ધિના જ એક અંશ રૂપે ધૂર્તતા રહી નથી? પોતાની વિચારણાથી એકાએક ઊફરા જઈને, જેનો પોતાને વિરોધ હોય, તો તેનું જ ભારે નિપુણતાથી સમર્થન કરનારાં બુદ્ધિમાન પ્રાણીઓને મેં જોયાં છે. હા, એ સાચું કે માનવીનો વિકાસ થાય છે. એ આગલી સ્વીકૃતિઓને છોડીને કેટલીક વાર સામે અન્તિમે પણ જાય છે. પણ વિકાસને નામે આપણે ગમે ત્યાં એવાં વિરોધાભાસી વલણોને વાજબી ઠરાવી શકીશું? જૂના થયેલા વિચારની કાંચળી ઉતારી નાંખીને નવી વિચારણાએ ઊભા કરેલા પડકારને ઝીલનારા કેટલા? ઘણા તો સર્વસાધારણ સ્વીકૃત માન્યતાઓનું રક્ષાકવચ પહેરીને જ ફરતા હોય છે.

દરેક સમાજ પોતે જેને આવકાર્ય કે ઇષ્ટ લેખતો નથી તેને ભાંડવા માટેની આકરી ગાળ ઉપજાવી લેતો હોય છે. સંસ્કૃતિના વિકાસ સાથે આ માર્ગનો પણ વિકાસ થયો છે. માણસ જ્યારે ગાળ દે છે ત્યારે આપણે સમજી જઈએ છીએ કે એની બુદ્ધિશક્તિની સીમા આવી ગઈ છે. હવે બુદ્ધિની દિશામાં એ આગળ જઈ શકે તેમ નથી. આથી ગાળની સામે ગાળ દેનાર વચ્ચે જ સંવાદ આગળ ચાલી શકે છે. જે એ સ્થિતિએ નીચે ઊતરવા તૈયાર નથી તે ખામોશી રાખે છે અને કાયર ગણાઈ જાય છે. એક આખો સંક્રાન્તિકાળ એવો આવે છે, જ્યારે ઊહાપોહ બંધ થઈ જાય છે. એનું સ્થાન ગાળ લઈ લે છે. સમાજમાં એક તબક્કે પ્રશંસાવાચક ગણાતો શબ્દ જ એના પછીના તબક્કે ગાળ બની રહે છે. સુધારક શબ્દ જ્યારે ‘સુધરેલા’ તરીકે વપરાવા લાગ્યો ત્યારે તેમાં નિન્દાનું તત્ત્વ ભળ્યું. હજી હમણાંના જ સમયમાંથી ઉદાહરણ લેવું હોય તો ‘ગાંધીવાદી’ એ નવી ગાળ બની રહે છે.

સમાજમાં ‘વ્યક્તિ’ની પણ આ જ દશા થઈ છે. અર્વાચીન ઔદ્યોગિક સમાજમાં કે ઈજારાશાહીમાં ‘વ્યક્તિ’ની વાત કરવી એ નરી ભ્રાન્તિ જ નથી? આ વાતાવરણમાં વ્યક્તિત્વનો વિકાસ એટલે શું? આ વાતાવરણમાં જ વ્યક્તિ વધુ શક્તિહીન અને સલામતી વગરની લાગે છે. આપણે ફાસીવાદને ને પાંચમી કતારિયાને ગાળો દીધી. આજે જે સૌથી અણગમતું લાગે તેને આપણે ફાસીવાદી કહીએ છીએ. કોઈ પણ ગાળ દેવામાં જોહુકમી રહી હોય છે. બુદ્ધિ વાપરનારને માથે એક જવાબદારી હોય છે. એ જે કરે તેની સાભિપ્રાયતા એણે સિદ્ધ કરી આપવાની હોય છે. ગાળ દેનારને માથે એવી કશી જવાબદારી રહેતી નથી. ફાસીવાદનો જગતને અનુભવ થઈ ચૂક્યો છે. એનાથી જો બચવું હોય તો એને પોષે એવું વાતાવરણ ક્યાંય ઊભું થવા દેવું ન જોઈએ. આ

વાતાવરણનું લક્ષણ શું છે? જો વ્યક્તિ તુચ્છ અને નરી અસમર્થ લાગવા માંડે તો સમજવું કે ફાસીવાદનાં પગરણ મંડાઈ ચૂક્યાં છે.

અર્વાચીન લોકશાહીએ વ્યક્તિને બધાં જ બાહ્ય નિયન્ત્રણોમાંથી મુક્ત કરીને સાચી વ્યક્તિમત્તાનું ગૌરવ કર્યું છે એવું માનવામાં આવે છે. પણ આવી લોકશાહીમાં જ આમ વ્યક્તિતાને ખતરનાક લેખવાનું વલણ શરૂ થાય તો આપણે સવેળા ચેતી જવું જોઈએ. કશા બાહ્ય નિયન્ત્રણને વશ વર્તીને આપણે જીવતા નથી એનું આપણને અભિમાન હોય છે. આપણે આપણાં વિચાર, મંતવ્યો અને લાગણી મુક્તપણે વ્યક્ત કરી શકીએ છીએ. આ બધું હોય તો આપણી વ્યક્તિમત્તાની પ્રતિષ્ઠા થઈ જ છે એવું આપણે માની લઈએ છીએ. વિચારસ્વાતન્ત્ર્યનો અધિકાર હોવો એનો અર્થ શો? આપણી પાસે આપણા પોતાના કહી શકાય એવા વિચારો હોય તો જ આ અધિકાર આપણને શોભે ને પરવડે. પણ મોટે ભાગે આપણા સમયમાં તો એવું જોવામાં આવે છે કે વ્યક્તિ અમુક વર્ગ કે પક્ષની વિચારણાના પ્રચારનું સાધન માત્ર બની રહે છે. જો આવી પરિસ્થિતિ નહીં હોય તો વિચારસ્વાતન્ત્ર્ય એટલે અમુક વગ ધરાવનારા પક્ષની વિચારણાનો પ્રચાર કરવાનું સ્વાતન્ત્ર્ય એવો અર્થ થશે. એ તો વિચાર-સ્વાતન્ત્ર્યની નરી વિડમ્બના જ લેખાય.

વ્યક્તિમત્તાના ગૌરવ માટે બાહ્ય નિયન્ત્રણનો અભાવ હોય એવી પરિસ્થિતિ જ પૂરતી નથી. આપણી અંદરની ચૈતસિક પરિસ્થિતિ પણ એને અનુકૂળ હોવી જોઈએ. જો વાતાવરણ જ એવું ઊભું કરવામાં આવ્યું હોય કે સલામતીની ચિન્તામાંથી છૂટવા વ્યક્તિને આખરે આ કે તે સમૂહના પડખામાં જ લપાઈ જવું પડે તો આ વ્યક્તિસ્વાતન્ત્ર્યનો અર્થ શો? આથી જ તો આજે વ્યક્તિના પ્રભાવને જોતા નથી, આપણે જૂથ કે સમૂહને જ જોઈએ છીએ. આથી વિચારસ્વાતન્ત્ર્યના અધિકારને માટેનો કોલાહલ નિરર્થક બની રહે છે. હું મારા વિચારના બળમાં શ્રદ્ધા ધરાવતો નથી, પણ મને અમુક જૂથ કે સમૂહની છત્રછાયા મળી છે. એટલે હું સલામત છું એમ માનતો હોઉં છું. પછી મારી બુદ્ધિમત્તાનો ઉપયોગ કરીને હું ચતુરાઈપૂર્વક મારી આ વાસ્તવિકતાને બીજી કશીક સોહામણી સંજ્ઞાથી ઓળખાવીને અપ્રામાણિકતા વહોરી લઉં તો તેની મને ચિન્તા નહીં!

આપણી આથિર્ક સ્થિતિ અને આપણી ઉત્પાદનની પદ્ધતિ એવાં છે કે જેને કારણે આપણા જમાનામાં વ્યક્તિ વધુ ને વધુ વેગળાપણાની લાગણીમાં ધકેલાઈ છે અને એને કારણે એની નિરર્થકતા એને કોઠે પડી જાય છે. આ કે તે ટ્રેડ યુનિયન કે મંડળ કે પક્ષ

એને વાપરે છે. આ બધાં વગ ધરાવનારાં જૂથોને વાપરવાની વસ્તુઓ બની જાય છે, એ વ્યક્તિ મટી જાય છે. આથી જ વ્યક્તિ અસલામતીના કલ્પિત ભયથી બચવા માટે સત્તાનું શરણું લઈ લે છે. એ તત્સમ વૃત્તિને કશા પ્રતિકાર વિના સ્વીકારી લે છે. આમ ધીમે ધીમે એ યન્ત્ર ભેગો યન્ત્ર બની જાય છે. એનું સંચાલન કોઈક બાહ્ય બળ કરે છે. છતાં એ વ્યક્તિમત્તા અને વ્યક્તિસ્વાતન્ત્ર્યના અધિકારનું રટણ તો ચાલુ રાખે જ છે. પણ આ રટણ તો પછી એક પ્રાણવિહીન નિર્ણય બની રહે છે. એથી જ શાસક વર્ગ એનાથી ગભરાતો નથી. પણ આવી પરિસ્થિતિથીય શાસકો ગભરાય અને ભયના માર્યા આક્રમક બને તો સ્વતન્ત્રતાનું ભાવિ ઊજળું નથી એમ માનવું પડે.

12-9-75

# કરોડપતિ

બાળપણમાં મારા દાદાના મૌનથી ઘરનો અવકાશ જાણે ખૂબ વિશાળ થઈ જતો. એ વિશાળ અવકાશનો સ્પર્શ હજી હું અનુભવું છું. આથી કોઈક વાર અનેક અવાજોથી ખીચોખીચ ભરેલા અવકાશમાં હું રૂંધામણ અનુભવું છું. વાતો કરવી ને વાતો સાંભળવી ગમે છે, પણ તે જૂથની નહીં. બે માણસ વચ્ચે ચાલતી વાતનો જ રસ છે. ઘણા ભેગા થયા હોય ત્યાં આપોઆપ હું મૌન સેવું છું. કેટલીક વાર મૌન ઘેરું બનીને પથ્થર જેવું કઠણ થઈ જાય છે. પછી બોલતી વેળાએ શબ્દ એમાંથી કોતરી કાઢવો પડે છે. અનેક પ્રકારના નિરર્થક વાર્તાલાપ વચ્ચે બેઠો હોઉં છું ત્યારે મારું મન એ બધામાંથી છટકી જઈને કોઈ કવિની ખૂબ પ્રિય પંક્તિઓ શોધીને એમાં રમમાણ થઈ રહે છે. ગમ્ભીર મુખમુદ્રાવાળા, હોઠને સખ્ત બીડી રાખનારા, આંખોને ઊલટતપાસ લેતા હોય એમ ફેરવનારા લોકોથી હું અકળાઈ જઉં છું. અવાજમાં આત્મીયતાનો કૃત્રિમ રણકો લાવનારાથી પણ હું સાવધ રહું છું. રસ્તે ચાલતાં ચાલતાં મને વાતો કરવી ગમતી નથી. રસ્તે ચાલતાં ચાલતાં વૃક્ષોને જોવાનું મને ગમે છે. મને પ્રકૃતિમાં એટલો બધો રસ છે કે કેટલીક વાર તો માનવીઓની સૃષ્ટિમાં ફરજ ખાતર આવવાનું પણ અઘરું થઈ પડે છે. સૂરજનો તડકો, વહ્યો જતું જળ કે ફરફર વાતો પવન મને કરોડાધિપતિ બનાવી દે છે. હમણાં હમણાંનું એક બીજું સારું લક્ષણ મેં કેળવ્યું છે. હવે આ કે તે કરવાનો લોભ નથી. ઘણી વાર ભારે લોભથી ઘણું ઘણું કરી નાખવાનું મન થાય છે. એ ન થઈ શકે તો મન પશ્ચાત્તાપથી ચચર્યા કરે છે. પહેલાં હું જેને આળસ ગણીને પસ્તાતો હતો તેને હું હવે મારા જીવનની એક અનિવાર્ય આવશ્યકતા ગણું છું. કાર્યને ગૌરવ શાથી પ્રાપ્ત થાય છે? બે કાર્યો વચ્ચે ઠીક ઠીક મુક્ત અવકાશ રહ્યો હોવો જોઈએ. તો જ કાર્યો હળવાં બને છે ને પ્રકાશે છે. નહીં તો આપણાં

જ કાર્યો આપણને ભીંસી નાખતાં હોય એવું લાગે છે. આથી મન પરનાં નિયન્ત્રણ ઉઠાવી લઈને એને એની સાહજિક એવી આબોહવામાં સ્થિર કરીને, સમયની ચિન્તા કર્યા વિના કેવળ નિષ્ક્રિય બનીને બેસી રહેવું એ પણ ખૂબ જરૂરી છે.

આવી પળોમાં ભૂતકાળની કોઈ સુગન્ધની સ્મૃતિ ચિત્તમાં લહેરાવા લાગે છે, એથી તે સમયને માટે મન ઝૂરે છે ને દુ:ખી થાય છે એવું નથી. એથી મન એ નવી આબોહવાને માણ્યાનો આનન્દ જ અનુભવે છે. આવી જ ક્ષણોમાં કોઈ માણેલી કવિતાની પંક્તિઓ ચિત્તમાં વિસ્તરવા માંડે છે. શાન્તિની એવી ક્ષણોમાં રિલ્કેની પંક્તિઓ યાદ આવે છે. 'જો એક જ ક્ષણ માટે બધું નિ:શબ્દ બની જાય, પૂર્ણ નિસ્તબ્ધતા છવાઈ જાય, જે પદાર્થને હું આકસ્મિક રીતે મળું છું તે જો બધા નીરવ બની જાય, પડોશીઓનાં અટ્ટહાસ્ય અને મારી ઇન્દ્રિયોનો ઘોંઘાટ સુધ્ધાં શમી જાય, મારા ચાલી રહેલા ચરણોનો પણ પડઘો મને નહીં સંભળાય તો એવી એકાદ ક્ષણે હે ઈશ્વર, હું તારાં હજાર પ્રતિબિમ્બોને મારા વિચારનાં આન્દોલનોમાં પ્રસરતાં સ્પષ્ટ જોઈ શકું, ત્યારે જ તેને ઝીલીને મારાં બનાવી લઈ શકું અને તને મારી સમૃદ્ધિથી છલકાવી દઈ શકું .... કોઈકે પણ એના મનની આ નીરવતાની ક્ષણમાં તારો સંકલ્પ સેવ્યો છે. એ જાણીને મને પ્રતીતિ થાય છે કે મારા સંકલ્પની મર્યાદામાં એ પ્રવેશી શકે છે. પર્વતના ઊંડાણમાં સોનું રહ્યું હોય અને એ ઊંડાણને કોઈ તાગે નહીં તોય કોઈ દિવસ પર્વતના પેટાળમાંથી વહેતા ઝરણા સાથે એ સોનું ખડકોને ભેદીને આપોઆપ છતું થઈ જશે. ઈશ્વર આપણી ઇચ્છા પ્રમાણે નહીં પણ આપમેળે પોતાને આપણી દૃષ્ટિ સમક્ષ ઉઘાડતો હોય જ છે.'

આથી જ તો બધી જ નિ:શબ્દતાની અનુભૂતિમાં ઈશ્વરનો સ્પર્શ રહેલો અનુભવાય છે. પણ આવી નિ:શબ્દતા માટે નગર છોડીને વનમાં જવાની હું જરૂર જોતો નથી. અહીં બેઠો બેઠો ફિલ્મ સંગીતની રેકોર્ડ ઘોંઘાટ લાગે એટલા મોટા અવાજે વાગી રહી છે તે સાંભળું છું. સચિનદેવ બર્મન ગાય છે તે સાંભળું છું. અહીં નગરના મોજીલા લોકોના કોલાહલ વચ્ચે એકાએક એનો સૂર મને જગાડે છે. હું બંગાળની કોઈ પદ્મા જેવી નદીને કાંઠે મને ઊભેલો જોઉં છું. સામે કાંઠેથી હોડી હંકારતા કોઈ માછીમારનો આજુબાજુના વિશાળ અવકાશને ભરી દેતો સૂર હું સાંભળું છું. આ વાતાવરણમાંથી હું જાણે ઊંચકાઈ જાઉં છું.

પણ ફરસાણના ખોખા પર મધ્યકાળની કોઈ કાવ્યપોથીની હસ્તલિખિત પંક્તિઓ મરોડદાર અક્ષરમાં અંકાયેલી છે. કાંગડા અને રાજપૂત શૈલીમાં આલેખાયેલા ચિત્રની

પ્રતિકૃતિ હું જોડાં કે રેઝર બ્લેડની જાહેરખબર સાથે જોઉં છું. આ સ્થાનચ્યુતિ કળાને હીણી બનાવે છે. કળાને એ એના ગૌરવભર્યા સ્થાનેથી નીચે ઉતારીને રોજ-બ-રોજની દુનિયામાં રગદોળે છે. કળા અને સાહિત્યનું આજે સ્થાન ક્યાં? એ સૂક્ષ્મતાને માણવા જેટલી સ્વસ્થતા કોનામાં છે? મને સ્પિનોઝાની જે દશા થયેલી તે યાદ આવે છે. એ પોતાના ગુરુ પાસે ભણતો ત્યારે ગુરુની પુત્રી પ્રત્યે એને પ્રેમ થયો. પણ એની સાથે ભણનારો ધનિક પિતાનો પુત્ર એ કન્યાને સોનાનો હાર આપીને લલચાવી ગયો ને એને પરણી ગયો. ફિલસૂફ સ્પિનોઝાએ મૌલિક ચિન્તન રજૂ કર્યું. રૂઢિચુસ્ત ધર્મના સંરક્ષકો ચોંકી ઊઠ્યા, એને ધર્મમાંથી બહિષ્કૃત કર્યો. એનો કોઈ પડછાયો પણ લે નહીં, એને ક્યાંય કોઈ આશ્રય આપે નહીં. વરસાદની ઝડી એના પર તૂટી પડે, પવન એને ફેંકીને પછાડે, એ નરકના અગ્નિમાં બળે. ધર્મ જેવો ધર્મ આવી શાપવાણી ઉચ્ચારે, આવું ઝેર ઓકે અને છતાં ધર્મ રહે! સ્પિનોઝા શેરીમાં નીકળે તો કોઈ પશુને પથ્થર મારીને ભગાડે તેમ લોકો એને ભગાડે! આખરે સ્પિનોઝાએ નાસતાં-ભાગતાં આખરે એક માનવતાભર્યા કુટુમ્બના ઘરમાં કાતરિયામાં આશ્રય લીધો. પછી એને કદી માનવસમાજ વચ્ચે પગ મૂક્યો નથી. ઉપર એને માટે સવાર-સાંજ બારણા આગળ ખાવાની થાળી મૂકી જાય. એક દિવસે એ થાળી એમ ને એમ પડી રહી. જઈને જોયું તો સ્પિનોઝા ટેબલ પર માથું મૂકીને મરણશરણ થઈ ગયેલો! ટેબલના ખાનામાંથી એણે લખેલા પુસ્તકની હસ્તપ્રત નીકળી, એ પુસ્તક તે પ્રખ્યાત ‘નીતિશાસ્ત્ર.’ એણે ફિલસૂફીની દુનિયામાં હલચલ મચાવી દીધી. સમાજ, સંસ્થાઓ, ધર્મપ્રતિષ્ઠાનો આવી અનુદારતાથી જ પ્રતિભાશાળીઓ જોડે વર્તે છે. મહાકવિ હોમરને ઉત્તરાવસ્થામાં અંધ થઈ ગયા છતાં બારણે બારણે ભીખ માગવી પડી. સોક્રેટિસને ઝેર પીવું પડ્યું. સમાજ કદાચ આ સિવાય બીજી કોઈ રીતે પ્રતિભાશાળીનું ગૌરવ કરી શકતો નથી. સંસ્કૃતિનો વિકાસ થયો છતાં માનવીમાંની અસભ્ય બર્બરતા મરી પરવારી નથી.

28-12-75

# કવિ : ક્રાન્તિનો અગ્રદૂત

ભાવિક ભક્તોને શાતા વળી કે આ મહાશિવરાત્રિએ પણ ઠંડો પવન ફૂંકાયો અને ઠંડી પડી. જો એવું નહીં થાય તો આ કલિયુગમાં મહાદેવને માટેનાં ઘીનાં કમળ બને જ શી રીતે? પણ આ ઠંડી પડી, મહાદેવે પરચો બતાવ્યો, ઘી ઠર્યું, કમળ થયાં અને શિવભક્તોનાં મન પણ કમળની જેમ ખીલી ઊઠ્યાં!

આ તડકાનું પોત જુદું છે. આ માગશરનો તડકો નથી. એ સુખસેવ્ય નથી. એ લલચાવે છે ખરો પણ એના પ્રલોભનને વશ થવા જેવું નથી એમ અનુભવીઓ કહે છે. આજથી તો ફાગણ બેઠો. કેસૂડાં ને શીમળાને તો કોણ જાણે શીય ઉતાવળ આવી તે ફાગણ બેસતાં એ બન્ને વિદાય લેવાની અધીરાઈ કરતાં હોય એવું જ દેખાય છે. વિદ્યાર્થીઓ હવે તોફાન, હડતાળ, રમતગમત બાજુએ મૂકીને વાંચવા બેસી જશે. ટાઇફોઇડનાં જન્તુઓ ઊછરવા માંડશે અને આક્રમણની તૈયારી કરશે. કવિઓ તો હવે એવા સોગિયા અને દુ:ખિયા થઈ ગયા છે કે આટલી બધી વિટમ્બણા વચ્ચે વસન્તના આહ્‌લાદનાં ગીતો ગાવા માટે એમનો કણ્ઠ જ નથી ખીલતો. જેણે વરણાગિયા કૃષ્ણ અને કામણગારી રાધાનાં ગીત ગાયેલા તે મલેચ્છોનાં દેશમાં ફરી આવ્યા પછી બાથરૂમના શાવરમાંથી પીડિતોનું લોહી ટપકતું જોઈને છળી મરવાનું શીખી ગયા છે. કવિઓ ક્રાન્તિના અગ્રદૂત છે કે નહીં તેની મને ખબર નથી, પણ આપણો કવિ એવી તેવી ક્ષુદ્ર વાતોમાં લપટાતો નથી. એનું રોમેન્ટિક વિશ્વ એની પાસેથી કોઈ રાજસત્તા ઝૂંટવી લઈ શકે એમ નથી. એને સમાધિમાંથી જગાડીને કોઈ કહે કે હવે તો ગરીબો પણ ગરીબાઈને છોડી શકે એવો જમાનો આવી ચૂક્યો છે તો એ સફાળો ચમકીને પૂછે છે, 'હેં, મારે

હવે શું કરવાનું છે?' આટલું પૂછીને એ પાછો પેલા ફ્રેન્ચ કવિ આરિમિશોના અમર વામ મોન્શ્યોર બ્લૂમની જેમ યોગનિદ્રામાં સરી પડે છે!

બધી પરિસ્થિતિને માટે તૈયાર એવા થોડાક કવિઓને ઢંઢોળીને જગાડીએ છીએ ત્યારે જાગતાંવેંત પૂછે છે : 'શું ગાવાનું છે, બુંગિયો, સિંધુડો કે મરશિયા?' સર્જક બીજા પાસેથી પોતે શું કરવું તે વિશેની શીખ લેવા જાય તો સમાજમાં ઘણા બધા એને માત્ર શિખામણ જ નહીં, આદેશ આપવાને પણ તત્પર છે : 'સંસ્કૃતિ જાળવવી એ મુખ્ય વસ્તુ છે. સાહિત્ય નહીં હશે તો ચાલશે, પણ સંસ્કૃતિ નહીં હોય તો!'

સમાજ કવિને વારે વારે એક વાત કરતો હોય છે. સંસારમાં દુઃખ તો રહેવાનું જ, માટે દુઃખની ને દુઃખની વાતો ગાશો નહીં. યુરોપના લોકો હતાશ હોય તો ભોગ એમના! આપણને તો એવી સરસ ફિલસૂફી મળી છે કે દુઃખ આપણને સ્પર્શે જ નહીં. એ તો બધી માયા છે. એ સત્ય નથી માટે દુઃખની કે હતાશાની વાત કરવી નહીં. વળી વ્યક્તિનું તે શું મહત્ત્વ? એ તો મિથ્યા અહંકાર કહેવાય. આપણે તો નમ્રતા રાખીને વ્યક્તિત્વનો લોપ કરવો જોઈએ. પોતાની ઘોષણા કર્યે રાખવા કરતાં આત્મવિલોપન કરવું એ વધુ મોટી આધ્યાત્મિકતા નથી?

અત્યારે ઘણાં સોક્રેટિસને યાદ કરે છે. સોક્રેટિસે પોતાને પ્રેરનાર તત્ત્વની વ્યાખ્યા બાંધી હોત તો આજે એનો જે મહિમા છે તે રહ્યો હોત ખરો? આ બાબતમાં એણે સંયમ રાખ્યો, ઔચિત્ય જાળવ્યું તેથી એના સમકાલીનોમાં અને આપણામાં પણ એને વિશે આજેય આટલું કુતૂહલ જળવાઈ રહ્યું છે. આથી ફિલસૂફો પણ એના વિશે હજી જીભાજોડી કર્યા કરે છે. સોક્રેટિસે કેટલી નવી વિભાવનાઓ આપણને આપી, બૌદ્ધિક પ્રીતિના પર ભાર મૂક્યો. એવો માણસ 'અન્તરાત્માના અવાજ'નું પ્રભુત્વ સ્વીકારે તે કેવું લાગે?

અનુગામી પેઢીઓ સુધી પહોંચવા ઇચ્છનાર માટે આવી સન્દિગ્ધતા અનિવાર્યતયા ઉપકારક જ નીવડવાની. જે બૌદ્ધિક પદ્ધતિને જ સુસંગત રહીને પ્રવર્તે છે તેને આપણે ઝાઝા અનુસરતા નથી. એની વિચારપદ્ધતિનું માળખું હાથ આવી જાય એટલે આપણે એને છોડી દઈએ છીએ, કારણ કે પછી આપણે એનું રહસ્ય જાણવાનું રહેતું નથી. એ ક્યાં પહોંચી શકે એ આપણે જાણી ચૂક્યા હોઈએ છીએ. સોક્રેટિસ ગણતરીબાજ પણ ખરો અને પ્રેરણાને વશ વર્તનારો પણ ખરો. એનામાં રહેલા આ પરસ્પરવિરોધી વલણને એણે રહસ્યમય બનાવ્યું અને આપણને મૂંઝવી મારવામાં સફળ થયો. એને પ્રેરનારું પેલું

તત્ત્વ એ કેવળ મનોવૈજ્ઞાનિક હતું કે પછી એમાં કશી પરાભૌતિક વાસ્તવિકતાય હતી? એનો ઊગમ કશીક દિવ્યતામાંથી હતો કે પછી એ કેવળ નૈતિક હેતુઓનો પ્રતિભાવ જ હતો? ખરેખર આ દિવ્ય ધ્વનિને સાંભળતો હતો કે પછી એ કશી ભ્રમણા જ હતી? જર્મન ફિલસૂફ હેગલે તો એમાં કશી બાહ્ય વાસ્તવિકતા જોઈ નથી. એને એણે નરી આન્તરિક ઘટના જ ગણી છે. નીત્શે તો એને એક અભિનેતાની તરકીબ માત્ર ગણે છે!

પણ અનાહત નાદને સાંભળનારા માનવીનો પાઠ તમે આખી જિંદગી શી રીતે ભજવી શકો? એ ભલે અશક્ય ન હોય તોય એવા પાઠને નભાવવો દુષ્કર તો થઈ પડે. સોક્રેટિસ જેવાને પણ વાસ્તવમાં તો એ કોઈ દૈવી તત્ત્વને વશ વર્ત્યો કે પછી એ વાતનો પોતાના હેતુ માટે ઉપયોગ કર્યો એ ઝાઝા મહત્ત્વનું નથી. કદાચ બીજાથી પોતાનું રક્ષણ કરવા માટે પણ એણે એમ કર્યું હોય. સમાજના રસાલાથી ઘેરાયેલા એ એકાન્તપ્રિય જીવને જો ટોળાના આક્રમણથી બચવું હોય તો આત્મસંરક્ષણ માટે થોડું રહસ્ય તો ઉપજાવી જ લેવું રહ્યું! એ પ્રમાણભૂત હોય કે સન્દિગ્ધ પણ હોય, સાચી પ્રેરણા અને તૂત – એ બે વચ્ચેનો વિવેક કોણ કરે? રહસ્ય અને રહસ્યનો આભાસ એ બંને કોણ નોખા પાડી આપી શકે? સોક્રેટિસ બીજાઓને એમને રસ્તેથી રોકીને આડે રસ્તે ચડાવી દેતો હતો કે પછી એ કેવળ ભ્રમણ કર્યા કરતો હતો એ વિશે પણ આપણે શું કહી શકીએ? હકીકત એ છે કે એના ઉપદેશ પરત્વે આજે આપણે ઉદાસીન છીએ, પણ એણે પોતાને વિશે જે ઊહાપોહ ઊભો કર્યો તેમાં આપણને હજી રસ પડે છે. પોતાને એક સમસ્યારૂપ બનાવી મૂકનાર એ પ્રથમ ચિન્તક હતો. એનાથી જ નિષ્ઠાના અત્યન્ત ગૂંચવણભર્યા કોયડાની શરૂઆત થઈ. આવી એની આ સન્દિગ્ધતાને પામવા મથવું એમાં રસ છે, એને અમુક વિચારોનાં પુદ્‌ગલ રૂપે જોવો એમાં આંધળી ભક્તિ છે.

વ્યંગ કે કટાક્ષની ભાષાનું વર્ચસ્‌ કોઈ વાર સ્પષ્ટ વર્તાઈ આવે છે. કોઈકે કહ્યું છે કે આપણને એમ લાગે કે આપણે સ્વર્ગના દ્વારની નજીક આવી પહોંચ્યા પણ ત્યાં જ આ વ્યંગ આપણી આડે આવીને માર્ગ રોકે. એ સુફિયાણી સલાહ આપે : ‘અવિસ્મરણીય સ્વર્ગીય સુખની વાતો પડતી મૂકો, સમયના પ્રારમ્ભ કે અન્ત વિશેની કે પછી શાશ્વતતાની વાતો વળગણ બની ન જાય એ માટે સાવધ રહો. એ તો માત્ર એક મૃત સમયાવધિ છે, બીજું કશું નથી. કેવળ નિર્બળ લોકોને જ એવા તુક્કાઓમાં રસ પડે છે. ક્ષણને ક્ષણનું કામ કરવા દો. એ તમારાં સ્વપ્નોને ફરીથી આત્મસાત્‌ કરી લેતી હોય તો ઘણું સારું!’

આપણે ગમ્ભીરતાથી જ્ઞાનનો મહિમા ગાવા બેસીએ કે તરત જ આ વ્યંગ એનું

બેહૂદાપણું ચીંધી બતાવશે, ‘વસ્તુઓ એમની નક્કરતા છોડીને સમસ્યા બનવાની અધોગતિને પામે એમાં બડાશ મારવા જેવું છે શું? તમારું આ જ્ઞાન સદા પોતે જ પોતાનો છેદ ઉડાવતું રહ્યું છે. આથી એની અન્તિમ સ્થિતિ એના પ્રારમ્ભથી ખાસ જુદી પડતી હોય તેવું લાગતું નથી. આથી એમાં શબ્દ સિવાય કશું હાથમાં આવતું નથી. પણ વ્યંગની તિર્યક્તા વિના સત્યનું દર્શન કદાચ આપણે નહીં કરી શકીએ. આ વર્તુળાકાર બ્રહ્માણ્ડમાં સીધી રેખાઓને ક્યાંક તો વંકાઈ જવાનું આવે જ! છતાં વ્યંગ સિદ્ધ કરવાનું સહેલું નથી, અને પ્રયોજાયેલા વ્યંગને સમજવાનું પણ સહેલું નથી, આથી મોટા ભાગના લોકો આત્મતુષ્ટ રહી શકે છે.

5-3-76

# સ્વપ્નની સૃષ્ટિ

હવામાં અદૃશ્ય એવી સીડી પર થઈને નાના શિશુ જેવું લીમડાનું પાંદડું કૂદતું કૂદતું નીચે ઊતરે છે. જૂઈની કળી પોતાને પોતાનામાં સંકેલીને જાણે સમાધિસ્થ થઈ ગઈ છે. દૂરથી ધૂળની ડમરી ચક્રાકારે ઘૂમતી આગળ વધે છે. પડછાયાઓની ભાત ધીમે ધીમે ઊપસી આવવા લાગી છે. સમયની શૃંખલામાં હજી જકડાયા નથી એવા મુક્ત શિશુઓ ક્રીડાના આનન્દના લયમાં ચંચળ બનીને ડોલે છે. ત્યાં ઘરસંસારના રેઢિયાળ ક્રમનું ચીંચવાતું ચક્ર એના કર્કશ અવાજથી આ લયને તોડી નાખે છે.

ઘણા જીવનને સ્વપ્નની જેમ જીવી નાખે છે. એ રીતે જીવવાનું સુખ એ છે કે જીવનમાં દેખાતી અસંગતિઓની પછી આપણે ફરિયાદ નથી કરતા. સ્વપ્નનો તો અન્વય જ જુદો હોય છે ને! પણ સ્વપ્નોથીય આપણે છળી મરતા નથી? એથી તો ઝેકોસ્લોવાકિયાના પેલા કવિએ કહ્યું હતું, ‘દરેક રાતે હું ફરીથી મારી સ્મૃતિના એ નિર્જન સ્થાનની મુલાકાત લઉં છું. ત્યાં કદી કોઈએ વાસ કર્યો નથી, કારણ કે ત્યાં દોરી જનારો કોઈ રસ્તો જ નથી. ફરી ફરીને મારું સ્વપ્ન કોઈ ઘવાયેલા પંખીની જેમ ઊભું થવા મથે છે. જેણે એને ઈજા કરી છે તે શિકારી વનને છેડેથી સરી જાય છે. એના ચાલવાથી વૃક્ષો પરથી બરફની સળીઓ ખંખેરાઈને નીચે પડે છે. ને પછી નીચેની ઝાડીમાં અદૃશ્ય થઈ જાય છે.’

તો સ્વપ્નમાંય આપણે પાંખ છતાં ઊડતા નથી કારણ કે આપણે ઘવાયેલા છીએ. સ્વપ્નમાંય કોઈ શિકારીને સરી જતો જોઈએ છીએ. માનવીનું લોહી ઈશ્વર ચાખી ગયો છે. એ કોઈ ને કોઈ રૂપે આપણી હત્યાનો પ્રબન્ધ કરે છે. આમ સ્વપ્નમાંય બધી વિગતો તો આપણે જીવનમાંથી જ સંઘરીને નથી લઈ જતા? આથી રિલ્કે જેવો કોઈક કવિ માથું ધુણાવીને કહે છે કે ના, જીવન સ્વપ્ન નથી. ના, જીવન માત્ર સ્વપ્ન નથી. સ્વપ્નમાં પણ

અરાજકતાભર્યા જીવનના ખણ્ડો જ છે ને? આપણી દૃષ્ટિ અને આપણું હોવું જ એમાં સૂત્ર બનીને પરોવાયું છે – એ બન્ને ત્યાં અભિન્ન બનીને રહે છે.... સ્વપ્ન તો એક વૃક્ષ છે, એક ધ્વનિ છે, એક ઊડી જતો અણસાર છે, આપણામાં જ ઉદ્‌ભવતું અને શમી જતું એક સંવેદન છે, તમારી આંખોમાં તાકીને જોઈ રહેલું એ પશુ છે. એ તમારા તરફ ઝૂકેલો દેવદૂત છે, તમારા કેશમાં ક્યાંકથી કોઈક ફૂલ આવીને ખરે તેમ તમારી ચેતના પર ટપકી પડતો એક શબ્દ તે આ સ્વપ્ન છે. એ શબ્દ સાવ હળવો છે, એની શક્તિ ખરચાઈ ચૂકેલી છે, એ આભો બની ગયેલો લાગે છે. તમે તમારા હાથનો સમ્પુટ રચીને ઊભા રહો તોય એમાં સ્વપ્ન જ ઝીલાય છે – એ કોઈ દડાની જેમ હથેળી વચ્ચે બરાબર ગોઠવાઈ જાય છે. બધાં જ સ્વપ્નો તમને સુખદ રીતે સહ્ય નીવડશે એવું તમે માનતા હો છો.

હા, આપણે સ્વપ્નોને સહી લઈએ છીએ, કારણ કે જે આપણામાં છે તેનાથી ભાગીને આપણે ક્યાં જવાના હતા? પણ માથા પરના કેશપુંજ જેવો એનો ભાર હોય છે. એ આપણામાંથી જ ઊગે છે ને વિસ્તરે છે. એ આપણી શોભા પણ બની રહે છે. ઘરને ઘેરીને રહેલા ઉદ્યાનની જેમ આપણને એ આવરી લે છે. આથી કવિજનોએ તો સ્વપ્નની જ સ્તુતિ ગાવી સારી!

રાત પડે છે ત્યારે અયુત પ્રકાશવર્ષ દૂરનાં ગ્રહનક્ષત્રો મારી બારીના કાચ પર આવીને વસે છે. વિશાળ અવકાશમાં રહેનારા નાના શા કાચના ટુકડા પર સમાઈ જાય છે. પ્રતિબિમ્બ રચવાની ઈશ્વરની કળાની આપણે ઝાઝી કદર કરી હોય એવું લાગતું નથી. આ પ્રતિબિમ્બ દ્વારા જ ઈશ્વર વાસ્તવિકતા અને એનું સારવી લીધેલું રૂપ બંનેને સાથે રજૂ કરે છે. એમાંથી કળા જ નહીં, ફિલસૂફી પણ ઉદ્‌ભવી છે. છાયા છે ત્યાં સુધી આપણે તો દ્વૈતાવસ્થા જ સ્વીકારવી રહી. જો વસ્તુ સાચી છે તો એના સત્યને જ સારવી લેનારી છાયા પણ સાચી છે. એને મિથ્યા કહી નહીં દેવાય. છાયા કેવળ આકૃતિ છે. એ સંસાર વહેવારની કોઈ ઉપયોગી વસ્તુ નથી. સૂર્યની છાયા વડે સમયનું રૂપ માણસે ઓળખ્યું. સૂર્યશતક લખનારા કવિઓ છે પણ છાયાશતક લખનારો કવિ હજી કેમ પાક્યો નથી?

ઘણી વાર આપણી પોતાની વાસ્તવિકતા પણ નથી ભુંસાઈ જતી? આપણે કોઈના સ્વપ્નનો એક ભાગ નથી બની જતા? વાસ્તવિકતામાંથી આપણે નરી છાયામાં નથી સરી પડતા? પછી આપણો કોઈ ઉપયોગ કરી શકતું નથી. આપણા પર સૌ કોઈ પગ મૂકીને

જાય તોય આપણે દલિત નથી ગણાતા! છાયા બનીને પથરાઈ જવા છતાં આપણે કોઈની તસુભર ભોંય પચાવી પાડતા નથી. છાયા એટલે વફાદારી એવું આપણે માનતા આવ્યા છીએ. પણ છાયાને એનું આગવાપણું હોય છે છતાં છાયાપરાયણ બનીને આપણે જીવી શકતા નથી. ભલે આપણી કાયાને ઈશ્વરની છાયારૂપ ગણીએ છતાં આપણે મોંમાં સાચો ધાનનો કોળિયો ભરીએ તો જ ઈશ્વરની આ છાયા પણ ટકી રહી શકે!

પસ્તી વેચવા માટે કાઢી ત્યારે વર્ષો પહેલાંનાં કોઈ ચોપાનિયામાંથી એક છબિ મારી સામે તાકી રહી. એ છબિ હતી દક્ષિણ વિયેતનામની એક સ્ત્રીની. એક અમેરિકન સૈનિક એની તપાસ લઈ રહ્યો છે. એણે બંદૂકની નળી એ સ્ત્રીના લમણા તરફ તાકેલી છે. એ સ્ત્રીની પાછળ બીજો સૈનિક એના વાળ ખેંચીને ઊભો છે. એ સ્ત્રીના મોઢા પર અકાળે કરચલી પડી ગઈ છે. એથી એ હસતી હોય એવો આભાસ ઉત્પન્ન થાય છે.

એની સામે જ આજના છાપામાં જોયેલી બીજી તસ્વીર ખડી થાય છે. એક યહૂદી પિતા ગળેથી લટકતા પટામાં રાયફલ ઝૂલાવતો એના બે દીકરાઓના હાથમાં હાથ રાખીને ચાલે છે. એ શિશુઓ અને પેલી ઝૂલતી રાઇફલ આ બંનેની સહોપસ્થિતિ કોઈ સર્રિયલ કવિના કાવ્યમાંનાં બે કલ્પનોની સહોપસ્થિતિ જેવી નથી લાગતી? કવિ તો કૃતક ગામ્ભીર્યનો ડોળ કરીને શબ્દનો વેપલો ખેડીને શબ્દને મોઢામાં મમળાવતાં ગાળો દઈને રમત રમતો હોય છે. પણ આ તો પરાવાસ્તવિક એવી વાસ્તવિકતા છે. ખરી સર્રિયલ કવિતા તો આપણા જમાનાના સરમુખત્યારોએ જ રચી છે! સત્ય-અસત્યને ભેગાં વસાવવાની એમના સિવાય કોની હિંમત ચાલે?

વિયેતનામનું યુદ્ધ નિરાશા પ્રેરતું નથી, આશાનું કિરણ પ્રકટાવે છે. બધી યાતના વિટમ્બણા છતાં માનવી માથું ઊંચું રાખીને જ જીવશે. ફરી ડાંગરનાં ખેતર લહેરાઈ ઊઠશે. પણ આજનાં યુદ્ધો વધારે ખતરનાક, વધારે છળકપટભર્યાં અને જીવલેણ છે. એમાં જેને વેરઝેર નથી તે પણ હોમાઈ જાય છે. આમ છતાં આ આશાવાદ ફિક્કો પડી જાય છે તે કબૂલ કરું છું. માનવી યુદ્ધ લડતાં થાક્યો નથી. હવે ઠંડા યુદ્ધની ને બિનલોહિયાળ ક્રાન્તિની નવી શોધો થઈ છે. શું ઈશ્વર માનવીની સહનશીલતાનું હજી માપ કાઢી રહ્યો હશે?

આ સન્દર્ભમાં મને ચે ગુવેરા યાદ આવે છે. એણે કહેલું કે એ કોઈ અમુકતમુક દેશનો વતની નથી. જ્યાં પ્રજા આતતાયીઓની એડી નીચે કચડાય છે, જ્યાં માનવી ગુલામ છે ત્યાં ગુવેરા જઈને ઊભો રહે છે. એ દેશનો ઝંડો તે એનો ઝંડો. દમનો રોગ છતાં

કેડ સમાણાં પાણીમાં ચાલીને એ બોલિવિઆમાં છાપામારોની સાથે જોડાયો. આ બધું એણે શી શક્તિથી કર્યું હશે? એણે મરણની આવી ઠંડી ઉપેક્ષા શી રીતે કરી હશે? આ સન્દર્ભમાં એણે જે કહ્યું હતું તે મને યાદ આવે છે : ‘મેં મારી સંકલ્પશક્તિને કળાકારની એકાગ્રતાની સરાણે ચઢાવીને ધારદાર બનાવી છે. એ મારા પડતાંઆખડતાં ચરણને અને થાકી ગયેલાં ફેફસાંને આધાર આપશે.’

રશિયાનો શિલ્પી અરાજકતાવાદી વોઇનારોવ્સ્કી એડમિરલ દુબાસ્સોવ પર બોમ્બ ફેંકતા મરી ગયો. એણે પોતાનાં મરણની કલ્પના કરતાં કહેલું, ‘એ ક્ષણે મારા મોઢા પરનો એક પણ સ્નાયુ ફરકશે નહીં. હું એક પણ શબ્દ ઉચ્ચારીશ નહીં ને શાન્તિપૂર્વક ફાંસીને માંચડે ચઢી જઈશ. આ કોઈ મારી જાત પર મેં ગુજારેલું હિંસાનું કૃત્ય નહીં હોય. હું જે પ્રકારનું જીવન જીવ્યો છું તેનું જ એ સ્વાભાવિક પરિણામ હશે.’

આપણા મનમાં આ વાંચતાં પ્રશ્ન થાય છે કે આવી દૃઢતા, આવી સંકલ્પશક્તિની આખરે આવી દશા? આ શક્તિનો માનવ કલ્યાણાર્થે ઉપયોગ ના થઈ શકે? સમાજ શા માટે હજી બત્રીસ લક્ષણાનો ભોગ લેતો રહે છે? જો કોઈ ભૂવો મેલી વિદ્યાને માટે કોઈ જીવતા માનવીનો ભોગ લે તો આપણે એનો કેવો વિરોધ કરીએ છીએ?

ફ્રેન્ચ ક્રાન્તિ વખતે સેઇન્ટ જસ્ટે રાજાશાહીનો વિરોધ કરતાં કહેલું, ‘નિર્દોષતા જાળવી રાખીને રાજ કરવું અઘરું છે. એમાં રહેલું ગાંડપણ અતિ સ્પષ્ટ છે. દરેક રાજા બળવાખોર અને બીજાની ગાદી પચાવી પાડનારો જ હોય છે.’ એણે એનો શિરચ્છેદ થવાનો હતો તેની આગલી રાતે ભારે નિર્વેદથી કહેલું, ‘હું જે માટીનો બન્યો છું તેને ધિક્કારું છું. એ જ માટી તમને ઉદ્દેશીને બોલી રહી છે : કોઈ પણ આ માટીની બનેલી કાયાનો અન્ત લાવી શકે છે. પણ મેં જે મારી જાતને આપ્યું છે તે મારી પાસેથી કોઈ ઝૂંટવી લઈ શકે એમ નથી – સદીઓના આકાશ નીચેનું સમ્પૂર્ણ સ્વતન્ત્ર જીવન!’

26-4-76

# મોક્ષની પણ વાસના?

ફ્લોબેરે એક વાર કહ્યું હતું, 'હું રહસ્યવાદી છું અને હું કશામાં માનતો નથી.' આપણા જમાનામાં કશુંક આવું જ બની રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં એક પાયાનો વિરોધાભાસ આપણને દેખાઈ રહ્યો છે. આપણે ખૂબ જ કર્મરત છીએ, પણ પામતા કશું જ નથી. બધી જ બાબતમાં ખૂબ તંગ બનીને ઉત્કટતાથી આપણે વર્તીએ છીએ. પણ એ બધાં પાછળ એક પ્રકારની ઉદાસીનતા રહી હોય છે. આપણામાં એક પ્રબળ આસક્તિ છે. પણ બધા માને છે તેમ, આસક્તિ દેહ-વાસનાની નથી, એ આસક્તિ સંઘર્ષો વચ્ચે જ જીવવાની આસક્તિ છે. આપણે જે કાંઈ સાદુંસીધું અને સરળ છે તેનાથી જ મુંઝાઈ જઈએ છીએ. એને ગૂંચવી મારીને કોયડો ઊભો નથી કરતા ત્યાં સુધી આપણને કરાર નથી વળતો. આ ગૂંચ ઊભી કરવી અને ઉકેલવી, ત્યાર પછી જાણવું કે એની પાછળ તો કેવળ શૂન્ય જ હતું! આને પરિણામે થોડો વિષાદનો, વિરતિનો શોખ કરી લેવો, એથી ઊંડી સમજ અને નિર્ભ્રાન્તિની ચમકથી આંખ જાણે દીપ્ત થઈ ગઈ હોય એવો આભાસ ઊભો કરવો – આ અહેતુક લીલા આપણને ગમે છે.

આપણું મન જાણે અનેક વિકલ્પો ઊભા કરીને એમની વચ્ચે અમળાતું રહેંસાતું રહે, જે અસમ્ભવ છે તે જ સત્ય છે એમ પુરવાર કરવાને આપણે મરણિયો ઉત્સાહ બતાવીએ એ જ જાણે આપણી સજીવતાનું દ્યોતક ચિહ્ન છે એમ દર્શાવવા આપણે મથીએ, ઊહાપોહ તારસ્વરે કરીએ, એને વિતંડા સુધી ખેંચી લઈ જઈએ ત્યારે જ જંપીએ. તેમ છતાં વિચારતી વેળાએ, લખતાં કે બોલતાં જાણે સંયમમાં હોઈએ, જાણે તર્કની કોઈ અનુલ્લંઘનીય મુશ્કેલી ઊભી થઈ હોય એવો ડોળ કરીને ખચકાઈ જવું,

થમ્ભી જવું, નાટકી ઢબે વાક્યો અર્ધેથી છોડી દેવાં – આવો આપણો અભિનય રોજ-બ-રોજનો જાણે સ્વાભાવિક વ્યવહાર જ બની રહ્યો છે!

મારી આજુબાજુ તો ઘણાં લોકો જીવે છે, પણ હું કંઈ એ બધાંને જ મારાં સમકાલીન તરીકે સ્વીકારતો નથી. એવાં પણ લોકો છે જેમને પાંચ વર્ષ વીત્યાં કે પાંચ હજાર તેથી કશો જ ફેર પડતો નથી. એમને સમય સાથે કશો સમ્બન્ધ જ નથી. એમણે વિચારો વધાર્યા નથી હોતા, કેવળ દેવદેવતાઓ જ વધાર્યાં હોય છે. એઓ પરમહંસ નથી હોતાં, છતાં જે પરમહંસ ચેતનાને બ્રહ્મકલ્પ કરવાથી પામે તેમને એઓ જડ બનીને પામી લેતાં હોય એવી છાપ પડે છે.

બીજાં કેટલાંક એવાં છે જે સમયનો આઘાત પામીને સમયની બહાર ફેંકાઈ જવા જ સમય પાસે જતાં હોય છે. એમને થયેલા આ સમયના આઘાતને એઓ પોતાની અસાધારણતાનું દ્યોતક ચિહ્ન લેખે છે. એમનું જીવન એટલે આ આઘાતની જ આળપંપાળ. એમની પાસે એક જ ઇતિહાસ છે, અને તે છે આ આઘાતના વિકાસનો. એમના આ આઘાત વિશે મનીષીઓ ચિન્તન કરે ત્યારે ફિલસૂફી જન્મે, એ આઘાતનું સ્વરૂપ જાણવા કોઈ ધ્યાન ધરે ત્યારે ધર્મ જન્મે, એ આઘાતમાં કોઈ સમભાવી થાય તો સમાજ જન્મે.

મેં એવાં લોકો પણ જોયાં છે જેમનાં મુખ કાળની હથેળી જેવાં લાગે છે. કાળનાં સુકૃત્ય અને દુષ્કૃત્યની બધી જ છાપ એમનાં મુખ પર સંઘરાયેલી હોય છે. એમની આંખોમાં એક નિ:શબ્દ ફરિયાદ હોય છે : આ જમાનાએ અમને કોઈ કાર્યક્ષેત્ર જ ચીંધ્યું નથી! કાફ્કાની સૃષ્ટિમાંના પેલા મોજણીદારની જેમ એઓ મોજણીદાર, મહેસૂલી અમલદાર કે રેલવેનું સમયપત્રક ઘડનાર અધિકારી થવાનો હુકમ એમના ખિસ્સામાં રાખીને આવ્યા હોય છે, પણ કોઈ એ હુકમને પ્રમાણિત કરતું નથી. આથી એઓ કોઈના પિતા, પુત્ર કે પતિ થઈને જિન્દગી કાઢી નાખે છે. ગજવામાં રહેલા હુકમને આંગળીથી રમાડ્યા કરે છે, 'અમે જે છીએ તે નથી. અમે તો કંઈક ઓર જ છીએ' એવો સન્તોષનો ભાવ, આછા સ્મિત સાથે એમના મુખ પર રમ્યા કરતો હોય છે.

કેટલાક રખે ને આ સમયના, આ વર્તમાનના જ કેવળ ગણાઈ જઈએ એની ચિન્તામાં કે થોડો ઘણો વર્તમાન એમને વળગીને રહ્યો હોય છે તેને પણ અધીરા બનીને ખંખેરી નાંખે છે. પોતાની સામે જે આંખ માંડીને બેઠું છે તેને તેઓ જોતા નથી. એને ઉલ્લંઘીને એમની દૃષ્ટિ તો ઝાંખા આભાસ રૂપે દેખાતા ભવિષ્ય તરફ દોડી જતી હોય છે.

આથી જ તો મને લાગે છે કે મારાં સમકાલીન હું કોને કહું? હું આ પ્રશ્નનો વિચાર કરું છું ત્યારે એક વિલક્ષણ પ્રકારની નિર્જનતા મને ઘેરી વળે છે. આથી જ તો મારી આંખમાં, હું જેને જોઉં તેને મારા સમયમાં ખેંચી લાવવાની અધીરાઈ છે. આ નિર્જનતા સાથે મારા ટકવાથી જ કદાચ ઈશ્વરનો જન્મ થયો છે. પણ મને લાગે છે કે, ઈશ્વર હજી આશ્વાસન મટીને મારો સમકાલીન બની શક્યો નથી. એ બનવું એને માટે શક્ય જ નથી. તેથી જ તો આપણે એને કાલાતીત કહીને સમયની બહાર મૂકી દીધો છે!

મારો ભપકો અસ્તિનો અને સ્વીકારનો નથી. એ નાસ્તિ અને ઇન્કારનો દમામ છે. સ્વીકૃતિ બધું શોષી લે છે, અસ્વીકૃતિ જ તમને તમારાપણાનો આગવો આકાર આપે છે. પ્રાણીવિજ્ઞાનને નકારી કાઢીને આપણે માનવ બન્યા છીએ, સમાજને નકારી કાઢીને આપણે ક્રાન્તિકારી બન્યા છીએ, દેશને નકારી કાઢીને આપણે વિશ્વમાનવ બન્યા છીએ. નકારનું એકએક પગથિયું ચઢતાં ચઢતાં આપણે શૂન્યરૂપી મહા નકાર તરફ ગતિ કરી રહ્યા છીએ. પહેલાં મૂલ્યો સ્થાપનારને વિભૂતિ કહીને વન્દતા, હવે મૂલ્યોનો પ્રતિવાદ કરીને આપણને સ્થાપવા મથીએ છીએ. આપણે નમ્રતા કેળવીએ છીએ તે પણ બીજાની અપેક્ષાએ આપણી નમ્રતાની માત્રા કેટલી વિશેષ છે તેનું ગણિત માંડવા!

આ પરિસ્થિતિમાં મને નકારનો અને વિરોધનો જ નશો ચઢે ને! એ નકાર મારાથી મોટો બને એટલે મારું આત્મવિલોપન સિદ્ધ થઈ ચૂક્યું ગણાય. પણ માનવીનો અહંકાર કાંઈ આટલેથી થોડો જ અટકે? એણે તો આ નકારને ઉલ્લંઘી જતા માનવીની પણ કલ્પના કરી છે. પણ એ ઉલ્લંઘન પછી માનવીની સ્થિતિ શી? રહસ્યમાં રહસ્ય બનીને એ ભળી જશે? તો વળી એના અહંકારનું શું થશે?

મને જ્યારે લાગે છે કે મને આ જમાના સામે જ વિરોધ છે ત્યારે બધા જ્યારે આગળ વધતા હોય છે ત્યારે પીછેહઠ કરીને જ હું મારો વિદ્રોહ પ્રકટ કરું છું શબ્દકોશનું પરિમાણ બહુ સાંકડું હોય છે. એ વિદ્રોહ અને પીછેહઠને એક ખાનામાં સમાવી શકે એમ નથી. પણ મારે જો મારા વ્યક્તિત્વનું પરિમાણ વિસ્તારવું હોય તો મારામાં ઘણા વિરોધોને મોકળાશ કરી આપવી જોઈએ. તેથી જ તો હું હવે આ માત્રાવાચક સંખ્યાવાચક શબ્દોથી અન્તર રાખીને ચાલુ છું. જો 'અધિક'ને જ સ્વીકારીએ નહીં તો કેટલી હોંશાતોંશીમાંથી બચી જવાય? આથી જ કહું છું કે મોક્ષની વાસના જેવું બીજું હળાહળ વિષ કશું નથી.

*4-8-77*

# તંદુરસ્ત માનવીની મર્યાદાઓ

એક ચિન્તકે કહ્યું છે કે તંદુરસ્ત માણસમાં ગમે તેવા ગુણ હોય, પણ એને વિષે એક વાત નક્કી કે એ હંમેશાં નિરાશાજનક જ નીવડે છે. એ જે કહે તેના પર એકાએક વિશ્વાસ બેસતો નથી. આપણે જ્યાં સુધી કશાક ભયાવહનો અનુભવ કરતા નથી ત્યાં સુધી આપણા વ્યક્તિત્વને ગરિમા પ્રાપ્ત થતી નથી, આપણા શબ્દોને કશું વજન પ્રાપ્ત થતું નથી. આથી તંદુરસ્ત માણસ સાથે આપણે શો શબ્દવિનિમય કરી શકીએ? એને કશાનું સંક્રમણ કરવાનું હોતું નથી, એ એટલી હદે તટસ્થ બની જાય છે કે આ તટસ્થતા એને પોતાના વ્યક્તિત્વમાંથી જ ચ્યુત કરે છે તેનું પણ એને ભાન થતું નથી. એ નર્યા સ્વાસ્થ્યમાં સરી પડે છે. એ એક નગણ્ય એવી સમ્પૂર્ણતાની સ્થિતિ છે. એથી એ પોતાના તરફ કે જગત તરફ પણ બેધ્યાન બની જાય છે. પથ્થર નર્યો તન્દુરસ્ત હોય છે, વૃક્ષો તંદુરસ્ત હોય છે, એમાંનો એક બનીને એ જીવે છે. માંદગી એ દેહનો વિદ્રોહ છે. દેહનાં અંગો દરેક પોતપોતાને રસ્તે જવા ઇચ્છે છે. એકાએક એ બધાં રમતના નિયમો પાળવાનો ઇન્કાર કરી બેસે છે. દરેક પોતાના આગવા સાહસ માટે તત્પર બને છે, દરેક પોતાના તરંગ પ્રમાણે વર્તવા જાય છે. ચેતના અમુક માત્રામાં તીવ્ર બને એ માટે શરીરને થોડુંક અસ્વસ્થ થવું જ રહ્યું! ચેતના આપણને મૂળ તો દેહની, દેહનાં અંગોની જ હોય છે ને? તંદુરસ્ત હોઈએ છીએ ત્યારે આપણને ક્યાં અંગોની ચેતના હોય છે? માંદગી જ એમને વિશે આપણને સભાન બનાવે છે. માંદગીને જ કારણે એ અંગોની ભંગુરતા, એમનું મહત્ત્વ તથા આપણી એમના પરની નિર્ભરતા આપણને બરાબર સ્પષ્ટ થાય છે. આપણે એ ભૂલવા ઇચ્છીએ તોય માંદગી હઠાગ્રહપૂર્વક આપણને ભૂલવા દેતી નથી. આ ન ભૂલી શકવું એ જ તો આપણા શરીર સાથેના સંઘર્ષનું મૂળ છે. એ જ આપણા

શરીર સાથેના સમ્બન્ધમાં એક પ્રકારની નાટ્યાત્મકતા ઊભી કરી દે છે. એનાથી આપણી ઉન્નિદ્ર રાત્રિઓનો અવકાશ ભરાઈ જાય છે. નિદ્રામાં આપણે સમસ્ત વિશ્વમાં વ્યાપી જતી નિશ્ચિહ્ન નામહીનતામાં ભાગીદાર બનીએ છીએ. એક રીતે કહીએ તો નિદ્રા જ આપણે માટે તો પરમ આધ્યાત્મિકતાની સ્થિતિ, એમાં જ આપણે વિશ્વમય બની જઈએ. આપણું દર્દ આપણને ઉન્નિદ્ર બનાવે પછી આપણી સાથે કેવળ આપણે જ રહી જઈએ છીએ. માંદગી જે હજારો ચિન્તાઓ આપણા મનમાં ઉપજાવે છે તેનાથી આપણે ઘેરાઈ જઈએ છીએ. વેદાન્તનાં મહાન સૂત્રો આવા દર્દને કારણે ઉન્નિદ્ર બની જતી રાતે આપણને હસ્તામલકવત્ સુબોધ બની રહે છે. દેહ આત્માનો બહિષ્કાર કરે છે, આત્મા દેહનો બહિષ્કાર કરે છે. બન્નેનો સહવાસ અશક્ય બની રહે છે. આ સહવાસના અસત્યને નિભાવ્યે જવાનાં કાવતરાંનો કરાર ભાંગી પડે છે.

માંદગીને કારણે વધતી ચેતનાની માત્રાને કારણે આપણને મોક્ષનો અનુભવ થવો જોઈએ. પછી એથી ઊંધું જ વાસ્તવમાં તો બનતું હોય છે. આપણી વ્યાધિગત ઉપાધિઓ વધતી જાય તેમ તેમ આપણે આપણા જ દેહનો ભોગ બનતા જઈએ છીએ. એ દેહના તરંગો આપણે માટે પછીથી અનુલ્લંઘનીય આદેશો બની રહે છે. શરીરનું અનુશાસનપર્વ શરૂ થાય છે. એ આપણને જાસૂસને ડોળે જોયા કરે છે, આપણા પર ચોકીપહેરો ગોઠવે છે. એ નચાવે તેમ આપણે નાચવું પડે છે. શરીરને વશ વર્ત્યા પછી, એ જે અવમાનના કરે તે વેઠી લીધા પછી જ આપણને સમજાય છે કે આપણે મરણશીલતાના ખ્યાલથી કેમ છળી મરતા હોઈએ છીએ.

શરીર વિશે આપણને સભાન થવું જ ન પડે એટલું બધું આપણું સ્વાસ્થ્ય હોય છે ત્યારે એ શરીરની નાશવન્તતા વિશે આપણને વિચારવાનું જ ક્યાંથી સૂઝવાનું હતું! તંદુરસ્ત હોઈએ છીએ ત્યારે આપણાં અંગો નમ્ર અને વિવેકી હોય છે, માંદગીમાં એઓ પોતાના તરફ ધ્યાન ખેંચવાની હોંશાતોંશી કરતાં હોય છે. એ માટે જાણે બધાં અંગો વચ્ચે સ્પર્ધા ચાલતી હોય છે. આ ધ્યાન ખેંચવાની હોંસાતૂંસી જ એમને થકવી નાંખે છે. જે અંગ વધુ થાકી જાય તેના પર બીજાં અંગો સરસાઈ ભોગવે છે. આ સ્પર્ધાનું આપણને અરુચિકર એવું તત્ત્વ એ છે કે એમાં આપણે જ એ સ્પર્ધાનો ભોગ તથા સાક્ષી બનતા હોઈએ છીએ!

માંદગી એ એક પ્રકારનું અસમતોલપણું છે તેથી એ આપણી સાથેના સમ્બન્ધમાં તંગદિલીને ઉત્તેજે છે. જિન્દગી જાણે સફાળી દર્દનો ચાબૂક વીંઝાતાં કૂદકો મારે છે.

એમાંથી શાન્તિ પામવા માટે આપણે વળી અચેતન જડ તત્ત્વનો આશ્રય લેવાનો રહે. આટલી બધી વિક્ષુબ્ધતા અને પ્રાણવન્તતા પછી જડ સિવાય આપણને શાતા કોણ આપે? ફરી ભૌતિક જડતાને શરણે જવું એનું નામ જ મૃત્યુની ઝંખના! મરણનો ભય એટલે આ શરણાગતિનો અસ્વીકાર, જડતામાં જે સમતોલપણું છે, જે નિ:શબ્દતા છે તેનાથી આપણે જાણે ભયભીત થઈ ઊઠીએ છીએ. એ જ કદાચ સ્વાભાવિક સ્થિતિ છે. એની સામેની પ્રતિક્રિયા તે જીવન. જીવન નામે અસમતોલ જ હોવાનું. ગીતા પણ કેવાં કેવાં પ્રલોભનો આપીને આપણને એ પરમમ્ સામ્યમ્વાળી જડતા તરફ ખેંચી જવા મથે છે!

આપણે આજે જે કાંઈ છીએ તે ભૂતકાળના વ્યાધિના પરિણામરૂપ છીએ. આપણે ભવિષ્યના વ્યાધિ માટે એક પ્રકારની ચિન્તાતુરતા અનુભવીએ છીએ. માનવી હોવાનો આ કશા ચોક્કસ નિદાન વગરનો અધીપધી ઓળખાયેલો વ્યાધિ આપણને અન્ય માનવીઓ જોડે સહભોગી બનાવે છે. જિન્દગી નરી અસલામતીની અવસ્થા છે એનું ત્યારે આપણને સ્પષ્ટ ભાન થાય છે. જિન્દગી એક કામચલાઉ વસ્તુ છે, એ અસ્તિત્વની એક આકસ્મિકતાને જ પ્રકટ કરે છે. જો જીવન એક અકસ્માત છે તો વ્યક્તિ એ અકસ્માતના ગર્ભમાં રહેલો બીજો અકસ્માત છે.

આનો કોઈ ઇલાજ નથી, અથવા બીજી રીતે કહીએ તો આ કહેવાતા ઇલાજથી સારા થયેલા બધા જ વ્યાધિને આપણે આપણી અંદર જ સમાવીને જીવતા હોઈએ છીએ. એ વ્યાધિઓ વાસ્તવમાં તો આપણને કદી છોડતા જ નથી હોતા. વ્યાધિ અસાધ્ય હોય કે ન હોય એ વેદનાને પાતળી પડી જવા દેતા નતી. એ વેદનાને સઘન બનાવે છે, અક્કડ બનાવે છે, એને વ્યવસ્થિત બનાવે છે. વ્યાધિ એક વાર પ્રકટ થાય પછી એ પોતાનું ફરીફરી પુનરાવર્તન કર્યા કરવાની શક્તિ ધરાવે છે. પણ વ્યાધિનું પુનરાવર્તન કંટાળાના પુનરાવર્તન જેવું હોતું નથી. એ વંધ્યતા કે અપરિવર્તન-શીલતાનું દ્યોતક નથી બની રહેતું. એ માત્ર વેદના વિનાની સ્થિતિની અસમ્ભવિતતાને જ ચીંધે છે.

સ્વાસ્થ્યની સ્થિતિ એ અનસ્તિત્વની સ્થિતિ છે. ત્યારે આપણે છીએ એનું આપણને ભાન હોતું નથી. માંદો માણસ સ્વાસ્થ્યની અસ્તિત્વશૂન્યતાને ઝંખે છે, પોતાના અસ્તિત્વના અજ્ઞાનને ઝંખે છે. આખા વિશ્વની સમ્મુખ હોવા છતાં એમાં સ્થાન પામવાની કોઈ તદબીર ત્યારે આપણી પાસે હોતી નથી. માંદો માણસ ભૂતકાળને ભૂલી જઈને એક સવારે સાવ નિશ્ચિહ્ન બનીને ભવિષ્ય સામે નવેસરથી ઊભા રહી જવાનું ઝંખે છે.

'મારામાંથી જ ફરીથી પ્રારમ્ભ કરીને હું હવે કશું સિદ્ધ કરી શકીશ નહીં. એના કરતાં તો ઓગળી જઈને નહિવત્ થઈ જવું સારું.' એ બીજા બધા જ માનવીની કાં તો ઈર્ષ્યા કરે છે, કાં તો એમને ધિક્કારે છે. સૌથી વધારે એ તંદુરસ્ત માણસને ધિક્કારે છે, અવિરત વેદના આપણને પરિશુદ્ધ કરવાને બદલે આપણામાં શારીરિક દૃષ્ટિએ કે નૈતિક દૃષ્ટિએ જે કાંઈ ખરાબ છે તેને બહાર લાવે છે. આથી આચારસંહિતાનો એક નિયમ આ : માંદાનો કદી વિશ્વાસ કરો નહીં, જે પથારીવશ છે તેનાથી બીજે ચાલો.

માંદાની ગુપ્ત ઇચ્છા આ હોય છે : બધાં જ માંદાં પડે તો કેવું સારું! મરનાર બીજા સૌને પોતાની સાથે મરણપથારીએ જોવા ઇચ્છે છે. આપણે યન્ત્રણા વેઠતા હોઈએ ત્યારે બીજા સૌ પણ આપણી જેમ દુઃખી થાય એવું આપણે ઇચ્છીએ છીએ. વધારે નહીં તો આપણાં જેટલાં દુઃખી તો ખરાં જ. માનવીને માટે એક જ સમાનતા શક્ય છે. એ સમાનતા છે નરકમાં હોવાની. સ્વર્ગમાં તો સમાનતા જેવી લાગણીનો ક્યાં કશો અર્થ જ હોય છે! માણસ પાસેથી બધું લઈ લો તો ચાલશે, પણ એની ફરિયાદ કર્યા કરવાની શક્તિ જો લઈ લેશો તો એ બિચારો સાવ લાચાર બની જશે!

1-10-77

# ફંગોળાયેલું નગર

કલ્પી જુઓ એક એવું શહેર જે નિર્વીર્ય પર્વત પરથી નીચે ફંગોળાયું છે; નીચે આસમાની રંગનાં સમુદ્રનાં મોજાંઓ જાણે એને પોતાનામાં સમાવી લેવાને ઊછળી રહ્યાં છે. એ શહેર જાણે સાવ નિરાલમ્બ છે. આકાશ તળે, સમુદ્રની ઉપર આ શહેર તોળાઈ રહ્યું છે. જાણે એણે નીચે પડવાને ગુલાંટ ખાધી એ દરમિયાન કોઈ દૈવી હથેળીએ એને ઝીલી લીધું! બંગાળીઓ કહે છે તેવી આ એક 'માહેન્દ્ર ક્ષણ', આ નગર સમુદ્રમાં ગરકાવ થઈ જાય તે પહેલાં ટકી રહેવાનો આટલો સરખો સમય. પછી તો સમુદ્રનો સર્વલક્ષી પ્રેમ એને ભરખી જશે.

આમ છતાં એ નગર ટકી રહે છે. હવે તો એ સંગીતની શ્રુતિના જેવું હળવું થઈ ગયું છે. છતાં એનાં ઉદ્યાનોમાં જાણે સ્વર્ગના આધારસ્તમ્ભ હોય એવા જુવાન બલિષ્ઠ તાડ વિષુવવૃત્તીય પુષ્પોને અંજલિમાં ધરીને ઊભાં છે. પ્રકાશનાં જ જાણે તાડ વૃક્ષો પાંખાળા બનીને હવાની લહેરખીની ઉજ્જ્વળતાને હિંચોળી રહ્યાં છે. એ દૈવી અધરોષ્ઠને ક્ષણભર સન્તુલિત કરી રાખે છે. દૂર દૂરના જાદુભર્યા દ્વીપો તરફ એ જવા નીકળ્યા હતા. હવે ગળીના રંગનાં ઊંડાણમાં એ દ્વીપો મુક્ત બનીને સેલારા માર્યા કરે છે.

કવિનો વાસ એ જ નગરમાં. એ નગર, લાવણ્યમણ્ડિત મર્મગમ્ભીર એ નગર – એમાં જ તો કવિ વસે ને! જુવાનિયાઓ ત્યાંની સ્નિગ્ધ મસૃણ શિલાઓ પરથી લસર્યા કરે. ત્યાંની અજવાળાયેલી દીવાલો રોજ-બ-રોજ પસાર થનારા પથિકોને ચૂમે – લોકોની ભીડને પોતાની ઉજ્જ્વળતાથી ચૂમે.

આ નગરમાં કવિને એની મા આંગળી ઝાલીને દોરી લાવી. કલ્પી જુઓ એક શિશુને જે એના નાના કદને કારણે ડોક ઊંચી કરી કરીને વિસ્મયથી જોયા કરે, હૃદયમાં જે

અનુભવે તેને વર્ણવવાની જેની પાસે ભાષા નહીં, જેની ભાષા અન્-અર્થકતાને ઘસાઈને ચાલે, જે કશા નક્કર સંગીન તત્ત્વાર્થ વિનાની, કેવળ ઉદ્ગારોની જ બનેલી. એને આ ચલિષ્ણુ સંસારમાં આધાર એક માની આંગળીનો. ગતિના આવર્તો એની લઘુક કાયાને ખેંચી જાય, પણ એ પોતાની સ્થિતિ જાળવી રાખે કેવળ માની આંગળીને આધારે. આંગળીઓ કેવળ ચીંધવા માટે નથી હોતી, ધરવા માટે પણ હોય છે. આંગળીઓ દૂરતાને સંકેતિત કરે છે, તો નિકટ ખેંચીને આધાર આપીને ધરી પણ રાખે છે.

માની આંગળીને ઝાલીને શિશુ ચાલે છે લોકારણ્ય વચ્ચે ને ત્યારે કદાચ વેલબુટ્ટાથી શણગારેલા કોઈ દારૂના પીઠામાંથી એકાએક કોઈક વિષાદભરી ગિટાર ઝંકૃત થઈ ઊઠી હશે, એની ઝંકૃતિ હવામાં તોળાઈ રહી હશે, સમયની હથેળીમાં ઝિલાઈ રહી હશે; ત્યારે રાત્રિઓ કેવી નિઃશબ્દ હતી અને એથીય વધુ નિઃશબ્દ હતા પ્રેમી – ઘડીક ઝબૂકી જતા એ શાશ્વત ચન્દ્રની નીચે. અહીં ક્ષણિક અને શાશ્વત વચ્ચેનું કેવું અદ્ભુત સન્તુલન જોવા મળતું. પ્રેમ આમ તો વેદનાના ભારથી લદાયેલો, તે પણ જાણે આ વાતાવરણમાં સન્તુલિત બનીને હળવો હળવો થઈ જાય.

અરે, આપણને તો શાશ્વતતાનો એક ઉચ્છ્વાસ સરખો હણી નાખી શકે. ક્ષણ જ આપણો તો ઉદ્ધાર. શાશ્વતમાં ભળી જવા જેટલી, તદ્રૂપ થવા જેટલી આકાશી નિરાકારતા, વજનહીનતા આપણી પાસે ક્યાં છે? આજે જ સવારે સૂર્યની સાથે ખીલેલા નાજુક ફૂલની પાંખડીઓ પર જેમ જેમ સમયનો ભાર લદાવા લાગે છે તેમ તેમ એ ઢળવા લાગે છે અને આખરે એના શાખા સાથેનાં બન્ધનો શિથિલ થાય છે, કાળ એને આંચકી લે છે.

આપણા પર તો સમયના થર બાઝતા જ જાય છે, એને કારણે આપણો આપણને પોતાને થતો સ્પર્શ પણ પરોક્ષ બની જાય છે. દૃષ્ટિ ધીમે ધીમે અર્ધપારદર્શક અને પછી અપારદર્શક બની જાય છે. મને ઘણી વાર એવું લાગે છે કે આપણો ઈશ્વર આવી અપારદર્શકતાના ઉપચયમાંથી જ બનેલો છે. એ અપારદર્શકતા જ એને અદૃષ્ટ અને માટે જ નિરાકાર શૂન્યવત્ બનાવી દે છે.

આથી જ તો કવિ પોતાના નગરને શાશ્વતતાના આ ઉચ્છ્વાસના સ્પર્શથી બચાવી લેવા ઇચ્છે છે. જે ક્ષણે એ નગર ઈશ્વરના ચિત્તમાં ઉત્ક્રાન્ત થઈ જશે તે ક્ષણે જ તેનો વિલય થઈ જશે. અહીં, આ પૃથ્વી પર, શાશ્વતતાનું પ્રલોભન કોને લલચાવી શક્યું છે? એક તરંગ ખાતર, નર્યા આભાસમય એકાદ સ્વપ્ન ખાતર આપણે જીવન ન્યોછાવર

નથી કરી દેતા? અહીં કોણે જોયું ઇન્દ્રાસન? અને સૌથી ડગમગતું આસન હોય તો તે ઇન્દ્રનું. એટલે એને માટે હજાર વર્ષોનું તપ કરવાની મૂર્ખાઈ કોણ કરે! મને તો લાગે છે કે આસનમાત્રનો સ્વભાવ જ ડગમગવાનો છે. પદ્માસન હોય કે સિંહાસન – આખરે તો એ ડગમગે છે. માટે આ ચલિષ્ણુ જગતમાં આસન વાળીને બેસવું એ જ દોષ. આ પવન વહ્યા કરે, આ સમુદ્રનાં મોજાં એકબીજાની પાછળ દોડ્યાં કરે. સૂર્યચન્દ્રને કોઈ આસન નહીં.

ક્ષણને બધું ન્યોછાવર કરનારા જ ઈશ્વરનો શ્વાસ બની જાય છે. એવા કોઈ હોય જ નહીં તો ઈશ્વર શ્વાસ શી રીતે લે? આપણે જ તો ઈશ્વરના શ્વાસ. માટે જ આપણું મરણ તે નિ:શ્વાસ નહીં. મૃતકની પાસે આપણે ઘીનો દીવો પ્રકટાવીએ છીએ. એ જ સૂચવે છે કે જ્યોતિનું નિર્વાપન થયું નથી. પ્રાણવાયુથી હજી બધું ઉજ્જ્વળ છે.

નગર, નગરમાં ઉદ્યાનો, ઉદ્યાનમાં પુષ્પરાજિ – સર્વત્ર પ્રફુલ્લતા. પર્વત અને ઊંડી ગર્તા વચ્ચે જાણે ઊડીને જઈ રહેલા આ નગરને આધાર આપનાર બલિષ્ઠ ભુજાના જેવો લંબાયેલો આ સમુદ્ર અને ઉપરનું નગર હવામાં સ્થિર થઈ ગયેલા કોઈ શ્વેત પંખી જેવું જે ગન્તવ્ય સ્થાને પહોંચતું જ નથી, પહોંચવાનું જ નથી. એથી જ તો આ નગરને નથી વળગી કશી પાર્થિવતા કે નથી વળગી કશી સ્વર્ગીયતા. એવા અદ્ભુત નગરમાં જ કવિનો વાસ હોય. કવિ જ્યાં વસે તે નગર અદ્ભુત બનાવી જ દે.

તો જે માના હાથની આંગળીએ વળગીને કવિ હળુહળુ એ નગરની પંખીનાં પીંછાં જેવી મુલાયમ શેરીઓમાં ફર્યા – દિવસે ઉઘાડે પગે, રાતે ઉઘાડે પગે – તે નગરની આ વાત થઈ. પૂર્ણ ચન્દ્ર અને નર્યો વિશદ, સ્પષ્ટ સૂર્ય એના પર પ્રકાશે. કવિને મન તો અન્તરીક્ષનું આ નગર તે જ આકાશ. એ આકાશવાસી નગર જે પાંખો પસારીને આકાશમાં થઈને એક વાર જરૂર ઊડ્યું હશે. કવિના સુખના દિવસોનું એ નગર, કવિની જનનીરૂપ એ નગર, શુભ્રતમ નગર, દૈવીનગર, એની તરફ ફીણથી છલકાતા સમુદ્રનાં ઉત્તુંગ તરંગોથીય ઊંચું એ નગર – એમાં વિચેન્તે એલિકઝાન્દ્રેએ વાસ કર્યો હતો. ક્ષયનો વ્યાધિ, ક્ષયિષ્ણુ સંસ્કૃતિ અને સ્પૅનની સરમુખત્યારશાહી સામે ઝૂઝનાર આ કવિ નોબેલ પારિતોષિકને યોગ્ય છે કે નહીં તે આપણે નહીં ચર્ચીએ. ઓક્તાવિયો પાઝ કે રાફાએલ આલ્બેર્તી કે બોર્હેસને કેમ નહીં એવો પ્રશ્ન પણ નહીં કરીએ. પારિતોષિકથી અસ્પૃષ્ટ એવા રિલ્કે, વાલેરી, લોર્કાને આપણે કાંઈ થોડા જ ભૂલી ગયા છીએ?

*7-10-77*

# શરીર : માનવઆત્માની શ્રેષ્ઠ છબિ

ઘણી વાર વિચાર કરું છું તો મનમાં પ્રશ્ન થાય છે કે જેને વારેવારે 'હું' કહીને બીજાને ઓળખાવવાનો પ્રયત્ન કરું છું તે શું છે? આ સમાજમાં એ 'હું'ની વ્યાખ્યા બાંધવાનો મને સર્વાધિકાર મળ્યો છે ખરો? દરેક સમ્બન્ધ આ 'હું'ના નિશ્ચંતિ ખ્યાલમાં પરિણામકારી ફેરફાર નથી લાવી દેતો? હું જે કરું છું તે જ માત્ર નહિ, પણ હું જે કરતો નથી તેથી પણ એ 'હું'ની વ્યાખ્યા બદલાતી રહેતી નથી? આવી અનેક નિમિત્તે બદલાયા કરતી વ્યાખ્યાઓને યાદ રાખીને પોતાની જાત સાથે વારે વારે તાળો મેળવ્યા કરવાનો ઉદ્યમ કેવો તો થકવી નાખનારો હોય છે!

જે આત્મા 'અંગુષ્ઠમાત્ર' છે તેને મેં જોયો નથી, કારણ કે દેખાવાનો એનો સ્વભાવ જ નથી. વિટ્ગેનસ્ટાઇને તો કહ્યું જ છે ને કે માનવશરીર જ માનવઆત્માની શ્રેષ્ઠ છબિ છે! જોહ્ન હેયન્સ નામના કવિએ માનવીની જુદી જ વ્યાખ્યા આપી છે : એને ગમે તેના બદલામાં ગિરવે મૂકી શકાય છે. પગાર ચૂકવતાં પહેલાં જ કાપી લેવામાં આવતી રકમની જેમ સરકાર એને, એની જાણ કર્યા વિના ખણ્ડિત કરી શકે છે. પત્ની જે નામ દઈને એને બોલાવે છે તે નામ સાથે એનો સમ્બન્ધ બંધાયો હોતો નથી. એનો જે જવાબ વાળે છે તે પોતે છે એવું લાગતું નથી. બાળક કોઈ વાર હાથમાં કોલસો આવી જાય છે તો ભીંત પર થોડાક લસરકાથી માણસનું ચિત્ર દોરી નાખે છે. તે શું 'હું' છું? ના. જો પ્રામાણિકપણે કહેવું હોય તો એમ જ કહેવું પડે કે 'હું' મને ઓળખતો નથી. મારો આકાર ગમે તે હોઈ શકે. કોઈ વાર વૃક્ષની જેમ સીધો હું જમીનમાંથી જ ઊગી નીકળું છું તો કોઈ વાર જળની જેમ વહેતો થઈ જાઉં છું. કોઈ વાર હું મને નક્કરપણે સ્પર્શથી અનુભવવાને ઉત્સુક થઈ જાઉં છું ત્યારે જ 'હું' મને બાષ્પીભૂત થઈને ઊડી જતો જોઈ રહું છું. કોઈ

વાર ઝાકળના જેવો હું સ્પર્શભંગુર બની જાઉં છું તો કોઈ વાર અવિરત ફરી રહેલા યુગચક્રના આંકાને ઝીલનાર શિલા બની રહું છું. સરકારના મનમાં આવે છે ત્યારે એ મારું નામ એના કોષ્ટકમાંથી ભૂંસી નાખે છે. કોઈક વાર મારા નામ પર કોઈક કાળું પોતું ફેરવી દે છે, તો કોઈક વાર ઇતિહાસમાં સોનેરી અક્ષરે મારું નામ કોતરવાની મને લાલચ આપવામાં આવે છે! કોઈ વાર છાપામાં બે ઈંચની હેડલાઇન પર મને ઊભો કરી દેવામાં આવે છે તો કોઈક વાર ગુમ થયેલાઓની યાદીમાં મારું નામ મૂકી દેવામાં આવે છે!

મારી સાથેની સંતાકૂકડીની રમત યોજીને મને ઈશ્વરે એવો તો લીલાવશ બનાવી દીધો છે કે હવે ઈશ્વરને અનેક પ્રશ્ન પૂછીને પજવવાનો મને સમય જ નથી મળતો! કોઈ વાર સમયનું ચક્ર મારા મગજમાં ક્યાંક ખોટકાઈને ઊભું રહી જાય છે ત્યારે હું ચારેય યુગની બહાર ફંગોળાઈ જાઉં છું. કોઈ વાર છાપરું અને ચાર દીવાલવાળા સુરક્ષિત ઘર વચ્ચેથી હું ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત થઈને એકાએક અવકાશયાત્રીની જેમ અવકાશમાં તરતો થઈ જાઉં છું!

મારી પીઠ પર બધી બદલાતી સરકારોના સહીસિક્કા છે, મારા કપાળમાં અત્યાર સુધીમાં મેં ઓળંગેલી સરહદોની છાપ છે. મારી આંખોમાં જુગજૂની વેદનાના સાગરમાં સૂર્ય, ચન્દ્ર તર્યા કરે છે. મારાં ચરણ સદા મહાયાત્રાએ પ્રસ્થાન કરી ચૂક્યાં હોય છે. આ બધામાંથી જે કાંઈ પાછળ અવશેષમાં રહે છે તેના ભંગારમાંથી વળી સમાજ મને ઘડવાનો ઉદ્યમ કરે છે. વળી એના પર પ્રમાણભૂતતાના સહીસિક્કા કરાવવાનો વિધિ કરવો પડે છે. જન્મ્યાનો દાખલો સરકાર આપે નહીં ત્યાં સુધી હું જન્મ્યો છતાં જન્મ્યો ન ગણાઉં અને મર્યાનું પ્રમાણપ્રત્ર પણ સરકારી રાહે મળે નહીં ત્યાં સુધી મૃત્યુલોકમાં જવાનું બારણુંય કોણ મારે માટે ખોલે?

આથી જ તો મેં જોયું છે કે ઘણા લોકો પોતાનાં અંગત વ્યક્તિવાચક નામથી વેગળા રહીને જીવે છે. એઓ મરણિયા બનીને અંગત ભાષાનો ત્યાગ કરે છે. પૂરી બિનંગતતા સિદ્ધ કરવી એ જ એમનાં જીવનનો ચરમ પુરુષાર્થ બની રહે છે. એ લોકો જાહેર હવામાં જ જીવી શકે છે. છાપાની ભાષાથી પોતાની ભાષાને બહુ છેટે એઓ રાખતાં નથી. સુખદુ:ખની વ્યાખ્યા પણ એઓ અધિકારીઓ પાસે કરાવી લીધા પછી જ એને ભોગવે છે. આથી ઘણીવાર મને વળગેલા આ ‘હું’નું જાહેરમાં લિલામ કરવા ઉશ્કેરાઈ જાઉં છું. પણ ખરીદનાર તરીકે જો છુપાવેશે ઈશ્વર જ આવીને ઊભો રહ્યો હોય તો!

11-12-77

# 'આપણે બુદ્ધિશાળીઓ'

'આપણે બુદ્ધિશાળીઓ' એમ કહીને કોઈ વાતની શરૂઆત કરે છે ત્યારે મને હસવું જ આવે છે. હું જાણું છું કે બુદ્ધિનો આધાર સમ્પૂર્ણતયા સ્વીકારવાનું આપણું ગજું હોતું નથી. પરમ્પરાનો, રૂઢ રીતિનીતિનો આશ્રય લીધા વિના આપણે ઝાઝાં ડગલાં ભરી શકતાં નથી. બુદ્ધિને પ્રાપ્તિમાં રસ નથી, શોધમાં રસ છે. આપણે તો અમુકતમુક પામવા માટે બુદ્ધિનો છળ તરીકે ઉપયોગ કરવા તરત તૈયાર થઈ જઈએ છીએ. સાહસ કરતાં સલામતી આપણને પરવડે છે, તેમ છતાં, સલામતી શોધતાં હોઈએ ત્યારે બુદ્ધિની મદદથી આપણે સાહસ કરતા હોઈએ એવો દેખાડો કરીએ છીએ. એથી જ તો મને લાગે છે કે કેવળ બુદ્ધિથી આપણું શ્રેય નહીં થાય, સાથે પાયાની પ્રામાણિકતા જોઈએ. આવું નથી હોતું ત્યાં બુદ્ધિ જ ધૂર્તતાનો પર્યાય બની રહે છે. પ્રજાજીવન મોટે ભાગે આજકાલ વિક્ષુબ્ધ રહેતું હોય છે. કોઈ ને કોઈ પ્રકારનાં આન્દોલનો, સંઘર્ષો ચાલ્યા જ કરતાં હોય છે. વાતાવરણમાં ઉત્તેજના અનુભવાય છે. આપણે ન ઇચ્છીએ તોય પક્ષકાર બનવું જ પડે છે. તટસ્થ હોવાનો દાવો ભલે કરીએ પણ આજકાલ સમાજમાં તટસ્થનું માન નથી. તટસ્થ ભીરુ અને નિષ્ક્રિય લેખાય છે. તમે કોઈ ને કોઈ રીતે સક્રિય છો એવું લાગવું જ જોઈએ.

આવી પરિસ્થિતિમાં બધું ઊમિર્જન્ય આવેશો અને અભિનિવેશોથી ડહોળાઈ જાય છે. પણ આ તબક્કે જ સ્વસ્થ પારદર્શી ચિન્તનની સૌથી વધુ અપેક્ષા રહે છે. અત્યારે ચોતરફ જેની પ્રશંસા ગાજતી હોય તે કદાચ સાવ નિરર્થક પણ હોય. કેવળ પ્રવાહપતિત બનીને ટોળાના મતને સ્વીકારી લેવાનું સહેલું છે, પણ જો એ મત સાચો ન હોય તો એને એ જ તબક્કે પડકારીને એનો પ્રતિકાર કરવાનું દુષ્કર હોય તોય બૌદ્ધિક પ્રામાણિકતા

જાળવી રાખીને આપણે એમ વર્તવું જ જોઈએ. જે સમાજમાં આવો નિર્ભીક વર્ગ વધારે હશે તેનો જ જયવારો થશે.

તમે અમુક સંસ્થામાં છો એ પરિસ્થિતિ જ તમારે માટે કેટલી બધી બંધનકર્તા નીવડે છે! રાજકારણમાં તો તમારો કોઈ અંગત મત હોઈ જ ન શકે. ત્યાં પક્ષને વફાદારી એ જ સૌથી મોટું મૂલ્ય. પક્ષે સત્ય તરીકે નહિ સ્વીકાર્યું હોય તેનું જો તમે ઉચ્ચારણ કરો, તેની જો તમે હિમાયત કરો તો એ પક્ષને જોખમમાં મૂકી દે. સંસ્થા તમને એક અનુકૂળ એવા સમૂહની ઉષ્મા સંપડાવી આપે છે, સલામતી સંપડાવી આપે છે પણ એને ખાતર તમારે કેટલીક વાર સત્યનો જ ભોગ આપવો પડે.

મોટા ભાગના યાચકવૃત્તિ ધરાવનારા અને તેથી જ દીન હોય છે. ચિન્તન માટે એમને કશો ઉત્સાહ હોતો નથી. એ તો એમને મન વૃથા સમયવ્યય જ છે. આપણી મોટા ભાગની પ્રજા વિચારવાની જવાબદારી કોઈ વિભૂતિને, સન્તને, રાજકારણના નેતાને સોંપી દઈને નિશ્ચિન્ત બનીને જીવતી હોય છે. આ પરિસ્થિતિનો સૌથી મોટો લાભ શાસકો ઉઠાવે છે.

ધર્મનો આપણે આપણા બૌદ્ધિક પ્રમાદને પોષવા માટે દુરુપયોગ કરીએ છીએ. અનુભવ સાથેની પ્રત્યક્ષતાથી આપણે જે કાંઈ સમજી શકીએ એથી જે મૂલ્યબોધની પ્રક્રિયા સમાન્તર ચાલ્યા કરે તેમાં આપણી આ વૃત્તિ અવરોધક નીવડે છે. આ પરોક્ષતા અનિવાર્યતયા આપણને પરાવલમ્બી બનાવે છે અને પરાવલમ્બીને શ્રદ્ધાનો જ આધાર લેવાનો રહે, આથી ચિન્તનને નામે એ આ ઉછીની લીધેલી શ્રદ્ધાને ઘૂંટ્યા કરતો હોય છે. આમાંથી સામ્પ્રદાયિકતા ઊભી થાય છે. આપણે એક પ્રજા તરીકે, ગાંધી કે વિનોબા જેવી વિભૂતિને સામ્પ્રદાયિકતાના ચોકઠામાં ઉતારી આપવાની અપૂર્વ ક્ષમતા ધરાવીએ છીએ.

આથી જ તો સાચા અર્થમાં બૌદ્ધિક ઊહાપોહ ક્યાંય ચાલતો દેખાતો નથી. આપણે કશી શંકાનો સામનો કર્યા વિના જ, કેવળ બોલકી આધ્યાત્મિકતાને જોરે નિઃસંદેહ થઈ જતા હોઈએ છીએ. શંકરાચાર્યની અદાથી આપણે તર્કની અપ્રતિષ્ઠા કરીને રાચીએ છીએ. આમ જીવન સાથે લગભગ અસમ્પૃક્ત રહીને આપણે જીવ્યાનું મિથ્યા આશ્વાસન લેતા હોઈએ છીએ. બુદ્ધિનો સ્વભાવ સત્યાન્વેષણનો છે. સત્ય મારી કે તમારી લાગણી પર નિર્ભર રહેતું નથી. આથી આપણને એ શી રીતે પરવડે? આથી કર્મની મદદથી

આપણે આપણને રુચે એવી ભ્રાન્તિઓ ઊભી કર્યે જઈએ છીએ. પણ વાતો તો પરમ તત્ત્વની અને બ્રહ્મની જ કરીએ છીએ.

જીવવાની આ રીત સ્વીકારી લઈએ છીએ તેથી ધીમે ધીમે બૌદ્ધિક નિષ્ક્રિયતા એટલે જ સ્થિતપ્રજ્ઞતા એવું સમીકરણ આપણને રુચતું જાય છે. બુદ્ધિ તો પ્રપંચ રચે છે એમ આપણે કહીએ છીએ. સમસ્યાઓ પણ આપણને પણ કેળવે છે. પણ સમસ્યાઓ પરત્વે આપણું વલણ કેવું હોય છે? સમસ્યાને આપણે જાતે ઓળખી લેતા નથી. એ વિશે સમાજમાં વર્ચસ ધરાવનારો વર્ગ કઈ રીતે વિચારે છે, કેવું વલણ લે છે તેની આપણે રાહ જોઈએ છીએ. પછી એ પરત્વે આપણી સમ્મતિ પ્રકટ કરીને સામાજિક તરીકેની આપણી ફરજ પૂરી કરીએ છીએ.

રાજકારણવાળાઓ કૃતક સમસ્યાઓ ઊભી કરીને પ્રજાને એમાં સંડોવવાનું નાટક કરે છે. રાજકીય પક્ષોનો સમ્બન્ધ તો વિરોધનો જ હોઈ શકે. સહકારનો હોઈ જ ન શકે એવું લોકશાહીએ આપણને શીખવ્યું છે. આથી પ્રજાની ઘણી શક્તિ આવા મિથ્યા વિરોધો ને વિધિઓ યોજવા પાછળ, એને નભાવવા પાછળ ખરચાઈ જાય છે. આપણે ધીમે ધીમે જગતના વિશાળ માનવસમાજથી અળગા પડતા જઈએ છીએ. જાગતિક સમસ્યાઓ વિશે શ્રેષ્ઠ ચિન્તકોએ વિચાર્યું છે તેને 'પરદેશી માલ' ગણીને આપણે બહિષ્કૃત કરીએ છીએ. આમ, અનેક વિદ્યાપીઠો હોવા છતાં આપણું વિચારદારિદ્ર્ય વધતું જાય છે. તો સમૂળી ક્રાન્તિનું સ્વપ્ન સિદ્ધ થશે શી રીતે?

13-7-78

# પરગજુ જીવ

સલાહ આપનારાં શુભેચ્છકોની મને કદી ખોટ પડી નથી. કેટલીક આવી સલાહોમાં મારી ગર્ભિત આલોચના હોય છે તે હું સમજું છું. પણ એ શુભેચ્છાપ્રેરિત જ હશે એમ માનવું વધુ સુખકર નીવડે છે. એવા એક શુભેચ્છકે કહ્યું, 'હવે તમે જેને સો ટકા તમારું પોતાનું કહી શકો એવું લખવાનો ગાળો આવ્યો છે. હવે તમે એવું લખવા પાછળ જ ધ્યાન કેન્દ્રિત કરો.' એમનો ગર્ભિતાર્થ હું સમજી ગયો : તમે હવે કાફકાકૅમ્યૂની વાત છોડો અને આપણા દેશની આબોહવાને બંધ બેસે એવું લખો. હું જવાબમાં કહું છું, 'હજી જેને કેવળ મારું કહેવાય તેને માટેની મારી શોધ ચાલુ છે.'

આ હું કહેતો હતો ત્યારે મને પાબ્લો નેરુદાએ એક પ્રસંગે આ વિશે જે કહેલું તે યાદ આવ્યું : 'હું તો મૌલિકતામાં માનતો નથી. એ આપણા જમાનાએ ઉપજાવેલું એક ધતંગિ છે, જે હવે ઝડપથી પડી ભાંગવાની તૈયારીમાં છે.' મને એની વાત અમુક અંશે સાચી લાગે છે. મારી કહેવાતી મૌલિકતાને જાળવી રાખવાના અહંકારમાં જગતની સર્વશ્રેષ્ઠ ચેતનાના સમ્પર્કથી જ બચતો રહું તો તેથી હું કેટલો ઊણો રહી જાઉં!

આ ગ્રહિષ્ણુતા પણ કેળવવા જેવી છે. પણ એનો અર્થ એ નથી કે હું જે આ રીતે પામું છું તેને સીધેસીધું જ આત્મસાત્ કરી લઉં છું. મારી વિવેકબુદ્ધિથી હું એની પસંદગી કરું છું, જે સંચિત થાય છે તેનું રૂપાન્તર કરું છું. મારો પોતાનો આગવો અવાજ હું ખોઈ બેસવા નથી ઇચ્છતો. દરેક જમાનામાં અમુક એક જૂથ વધારે ઘોંઘાટ કરીને એનાં સૂત્રો ગજાવતું હોય છે, ખરીતાઓ બહાર પાડતું હોય છે. હું એવા કોઈ સરઘસમાં જોડાયો નથી. ઘણા મિત્રો મારાથી નિરાશ થયા હશે, એનો મને ખેદ છે, પણ હું મારી પ્રકૃતિને પ્રતિકૂળ થઈને કશું કરી શકું નહિ. એક શુભેચ્છક મુરબ્બીએ મારા વિશે મારા મિત્રને કહ્યું

હતું, 'એણે પોતે જ પોતાને સહુથી મોટો અન્યાય કર્યો છે.' આ સાંભળીને મને વિલક્ષણ પ્રકારનો આનન્દ થયો. મને થયું : મને અન્યાય કરવા જેટલો તો મારે મારી જાત સાથે સમ્બન્ધ છે! આ મમત્વ જ છૂટી જાય તો સર્જનને માટેની ભૂમિકા શી રહે? વિદ્યાપીઠમાં જ આ બધાં વર્ષો ગાળ્યાં છે. 'કેમ્પસ નોવેલ'નો પ્રકાર અમેરિકામાં ખેડાયો છે. હું ધારું તો એવી એકાદ દસ્તાવેજી નવલકથા લખી કાઢી શકું, પણ એ મારા સ્વભાવની વિરુદ્ધ છે.

અહીં મને મિગુએલ ફરનાન્ડેઝ નામનો સ્પૅનિશ કવિ યાદ આવે છે. એ લોર્કાનો અને નેરુદાનો મિત્ર હતો. એનામાં આરણ્યક આદિમતા અને કૌવત. એ ઊંઘતી ઘેટીના પેટ આગળ કાન માંડે ને આંચળ તરફ વહેતા દૂધનો અવાજ સાંભળે. એના વતનમાં નારંગીનાં ફૂલો અને બુલબુલ. બુલબુબના ટહુકાની આબેહૂબ નકલ કરે. એ નારંગીના એકાદ ઝાડ પર ચઢી જાય અને એની ઊંચામાં ઊંચી ડાળ પર બેસીને બુલબુલની જેમ ટહુક્યા કરે. પણ આજકાલના કવિઓ દાઢી વધારે ને જુદા જુદા વેશ કાઢે એવું આ નહિ. એ તો એની પ્રકૃતિ જ હતી.

એ સાવ અકિંચન. પોતાની કહેવાય એવી એક જ સમ્પત્તિ એની પાસે અને તે કવિતા. બાકી ઘરબાર કશું નહિ. આજીવિકાનું બીજું કશું સાધન નહિ. લોર્કા નેરુદા એની સારસંભાળ રાખે. એક વાર નેરુદાને થયું, 'આવો સારો કવિ, એને જરા ઠેકાણે પાડીએ તો નચિન્ત જીવે કવિતા લખશે.'

નેરુદાને એક મોટા અધિકારી સાથે પરિચય થયા પછી એની આગળ એણે ફરનાન્ડેઝની વાત મૂકી. ચોઘડિયું સારું તે એ અધિકારીએ એનામાં રસ લીધો. એણે તો ફરનાન્ડેઝની કવિતાઓ◌ં સુધ્ધાં વાંચેલી. આપણા દેશમાં તો કોઈ સરકારી વ્યક્તિ કવિતા વાંચે એવું બને તો હજી ચમત્કાર ગણાય. એ અધિકારીને લાગ્યું કે ફરનાન્ડેઝને કશુંક સ્થાન આપવું જોઈએ. પસંદગી એણે ફરનાન્ડેઝના પર જ છોડી.

નેરુદા તો રાજી રાજી થઈ ગયા. એણે જઈને ફરનાન્ડેઝને કહ્યું, 'અલ્યા, તારું નસીબ ઊઘડી ગયું. તું નામ પાડે એટલી વાર. તારે જે હોદ્દો જોઈતો હશે તે તને મળશે. તને કેવા પ્રકારનું કામ કરવાનું ગમશે તે તું કહે એટલે આપણે નક્કી કરી લઈશું.' ફરનાન્ડેઝ તો વિચારમાં પડી ગયો. એ સુખી જીવના મોઢા પર ચિન્તાની રેખાઓ અંકાઈ ગઈ. કલાકો નીકળી ગયા. સાંજ ઢળી ત્યારે જાણે એને જવાબ જડી ગયો હોય તેમ એની આંખમાં

આનન્દની ચમક આવી ગઈ. એણે નેરુદાને કહ્યું, ‘એ સાહેબ મને માડ્રિડ નજીક ક્યાંક ઘેટાં ચરાવવાની વ્યવસ્થા કરી આપશે?’

આ કાંઈ વધુ પ્રસિદ્ધિ મેળવવા માટેનું નાટક નહોતું. એણે તો એના મનમાં જે હતું તે જ કહી નાખ્યું હતું. કવિને માટે તો આવી અકંચિનતા જ સહુથી મોટી મૂડી. કાવ્ય સિવાયના કશા પ્રલોભનને વશ ન થવાની આ મગદૂરી હોવી એ આજે તો એક વિરલ વસ્તુ છે. સભાસમિતિથી દૂર રહીને આવા એકાદ કવિ જોડે નિરાંતે બેઠક જમાવવાનું મને ગમે છે. કાવ્યની બાબતમાં હું સ્વદેશીનો જ આગ્રહી નથી. કવિના સ્વભાવની અંગત મર્યાદાઓને કારણે પૂર્વગ્રહને વશ થઈને હું એની કવિતાને અન્યાય કરવા ઇચ્છતો નથી. હું એમ પણ નથી કહેતો કે કવિઓએ જાણી કરીને અકંચિન રહેવું જોઈએ. પણ સાધનસમ્પત્તિ એને માટે વળગણ બની રહેવી ન જોઈએ.

16-3-79

# હર્બર્ટ માર્ક્યુઝ

ગઈ 29મી જુલાઈએ હર્બર્ટ માર્ક્યુઝનું અવસાન થયું. એઓ મૂળ જર્મનીના વતની, પછીથી વસવાટ અમેરિકામાં કરેલો. આમ તો ડાબેરી વિચારસરણી એમણે અપનાવેલી પણ સમકાલીન સન્દર્ભ પરત્વે એનું પુન:સંસ્કરણ કરવાનો પણ પ્રયત્ન કરેલો. અમેરિકી સમાજવિદ્યા અને રાજકારણના એક ચિન્તક તરીકે જ આમ તો એમની ગણના થઈ હોત, પણ એમણે મૂડીવાદી સમાજના સ્વરૂપ વિશે ભારે ઉગ્ર ઊહાપોહ જગાવ્યો. રાજકારણીઓ અને સામૂહિક માધ્યમનો ઉપયોગ કરનારાઓ માટે એમણે સમસ્યાઓ ઊભી કરી. એઓ બંધ ઓરડામાં બેસીને વિચારનારા ચિન્તક નહોતા, આજનો બૌદ્ધિક સામાજિક ક્રાન્તિ લાવવામાં શી રીતે સક્રિય બની શકે તેનો નમૂનો એમણે પોતાના વર્તનથી પૂરો પાડ્યો. અભિનવ ડાબેરીના આન્દોલનના એઓ અગ્રણી બની રહ્યા.

જે યુવાનોની પેઢીને એઓ પોતાની વિચારસરણીથી દોરતા હતા તેની સાથેનો પણ એમનો સમ્બન્ધ સંઘર્ષ વગરનો તો નહોતો જ. આ બધું ડાબેરી આન્દોલન બર્કલી અને મેડિસન જેવી વિદ્યાપીઠોનાં કેન્દ્રોમાં શરૂ થયું. અમેરિકાની સામ્યવાદી પક્ષની પ્રવૃત્તિઓ પરત્વે એઓ નિર્ભ્રાન્ત બની ગયા હતા. અમેરિકામાં સમાજવાદી લોકશાહીની પદ્ધતિની સફળતા વિશે એમને ઝાઝી આશા નહોતી. હબસીઓને અલગ રાખવાની નીતિ સામેની દક્ષિણનાં રાજ્યનાં હબસીઓએ ઉપાડેલી શાન્તિમય સત્યાગ્રહની ચળવળમાં એમને વિશ્વાસ હતો. પ્રત્યક્ષ કાર્ય દ્વારા લોકમાનસને સ્પર્શવાની નીતિ એમને ગમતી હતી. હબસીઓ માટે તો આ સિવાય બીજો વિકલ્પ જ નહોતો, પણ ઉત્તરનાં રાજ્યોમાં ઘણા નવા ડાબેરીઓ રાજકીય સંસ્થાઓની વ્યવસ્થાને લગતી પાયાની વસ્તુઓ પર ધ્યાન ન આપતાં કેવળ સામૂહિક માધ્યમોના ઉપયોગથી જ ક્રાન્તિ સિદ્ધ થઈ જશે

એવી ભ્રમણામાં પડ્યા. આપણે ત્યાં નવનિર્માણનાં આન્દોલનમાં આવું જ કંઈક બન્યું. વિરોધના વિધિઓમાં, એને અંગેના નવા નવા નુસખાઓમાં જેટલો રસ હતો તેટલો આન્દોલનના પાયાને સંગીન બનાવવામાં રસ દેખાયો નહીં. પણ આંદોલનના વિરોધીઓ પણ સામૂહિક માધ્યમના શસ્ત્રને ઉપયોગમાં લઈ શકે. કેવળ બ્યૂગલો ફૂંકવાથી જ સામેવાળાના ગઢ તૂટી પડશે એવી ભોળી ગણતરી એની પાછળ હતી!

માર્ક્યુઝ પોતાને માર્ક્સવાદી તરીકે જ ઓળખાવતા હતા, પણ ઓગણીસમી સદીમાંના વર્ગસંઘર્ષને હવે સ્થાન રહ્યું નથી. કારણ કે એમને એમ લાગતું હતું કે કામદાર વર્ગ હવે મૂડીવાદીઓના વર્ચસ્ નીચે સત્તાના માળખામાં ભળી ગયો હતો. આથી મૂડીવાદી પદ્ધતિનો જ્યાં વિકાસ ઝાઝો થયો હોય ત્યાં ક્રાન્તિસાધક બળને માટેની શોધ નિરર્થક બની રહે છે. છતાં મૂડીવાદી પદ્ધતિમાં સુધારા કરી શકાય, કારણ કે ટેકનોલોજીનો એકધારો થતો રહેતો વિકાસ શોષણ અને દમનને પણ વધારે તો છે જ અને એને કોઈ રીતે ન્યાય્ય ઠરાવી શકાય નહિ. આથી જે પરિસ્થિતિ પ્રર્વતે છે તેમાં બુદ્ધિના સ્તર પર ન્યૂનતાનો અનુભવ થાય છે. સમાજને વધુ બુદ્ધિસંગત રીતે સુગઠિત કરવો જોઈએ એવું લાગે છે.

સમાજની બુદ્ધિસંગત વ્યવસ્થાના આ આદર્શને શી રીતે સિદ્ધ કરી શકાય? શ્રમજીવી વર્ગ સત્તા હાંસલ કરી લેશે એ વાતમાં માર્ક્યુઝને શ્રદ્ધા રહી નહોતી. ‘કાઉન્ટર રેવોલ્યુશન એન્ડ રિવોલ્ટ’ નામની એમની ઉત્તરકાલની કૃતિમાં આ અંગે થોડી ફેરવિચારણા એમણે કરી છે. ટેકનિશિયનો અને જુદી જુદી સેવાઓ આપતા વર્ગને પણ શ્રમજીવીઓમાં સમાવી લઈએ તો એઓ મૂડીવાદી સમાજના પુન:સંસ્કરણમાં કંઈક ફાળો આપી શકે એવું એમને લાગે છે. બૌદ્ધિકોના અને આવા શ્રમજીવીઓના વર્ગે એક જ ધ્યેયને સિદ્ધ કરવા પણ નોખા રહીને કામ કરવું જોઈએ. ભવિષ્યમાં કદાચ એઓ એક ભાષા બોલતા થઈ જશે એવી એમને આશા હતી. સહિષ્ણુ બૌદ્ધિકો પ્રાથમિક ભૂમિકાનું કાર્ય કરે અને એ રીતે સામાજિક ક્રાન્તિની ભૂમિકા તૈયાર કરી આપે એવા એમના પહેલાંના ખ્યાલ કરતાં આ વિચારણા વધુ ગળે ઊતરે એવી લાગે છે. પુરાણા માર્ક્સવાદીઓ આદર્શનિષ્ઠ સમાજવાદમાં શ્રદ્ધા રાખતા નહોતા. માર્ક્યુઝને એવી શ્રદ્ધા ખોઈ બેસવાનું કશું કારણ લાગતું નથી. સુવિકસિત મૂડીવાદ અને સમાજવાદી વ્યવસ્થામાં ટેકનિકલ અને ટેકનોલોજીકલ જે પ્રગતિ થઈ છે તે પ્રગતિ આથી સમય વીતતાં જરૂર ઊભી કરી શકાય એમ એમનું માનવું છે. આવી કલ્પના જૂલે વર્ન, હક્સલી

અને એચ.જી.વેલ્સે નહોતી કરી? પણ આખરે આજે પરિસ્થિતિ કેવી ઊભી થઈ છે? માર્ક્યુઝે વિજ્ઞાનના આજે થતા વિનિયોગનું પૃથક્કરણ કર્યું નથી. એની જે અસરો વિશે એઓ આગાહી કરે છે તેને માટેનાં શ્રદ્ધેય પ્રમાણો એમણે રજૂ કર્યાં નથી. આ ચર્ચામાં એમણે પ્રયોજેલી પરિભાષા નીતિના ક્ષેત્રની છે. એમાં 'પ્રભુત્વ', 'દમન', 'બર્બર', 'માનવીય', 'મુક્ત' જેવી સંજ્ઞાઓ વપરાઈ છે. આ વિચારણા જોડે બી.એફ. સ્કીનય કે નોર્મન ઓ. બ્રાઉનની વિચારણાને વિરોધાવીને જોવી જોઈએ.

માર્ક્યુઝ જે આદર્શ રાજ્યની કલ્પના કરે છે તેમાં કર્તવ્ય અને સુખ વચ્ચે પૂરું સામંજસ્ય સિદ્ધ થયું હશે. ફ્રોઈડની એવી માન્યતા હતી કે સંસ્કૃતિ હંમેશાં માનવીના ચિત્તમાં ઊંડે ઊંડે રહેલી વૃત્તિઓની વિરોધી જ બની રહેશે. એ સંઘર્ષ ચાલ્યા જ કરશે. માર્ક્યુઝ એવું કશું અનિવાર્યતયા બને જ એવું માનતા નથી. આપણી સુખની ખોજ કરનારી આદિમ વૃત્તિનો સંસ્કૃતિની અપેક્ષાઓ સાથે મેળ પાડી શકાય એમ એમને લાગે છે. દમનહીન મુક્ત માનવોના સમાજમાં એ શક્ય બનશે. આ રીતે આવેગ અને દમન વચ્ચે સદા ઊભી થતી સંઘર્ષની પરિસ્થિતિ વિશેના ફ્રોઈડના ખ્યાલને એઓ ચાતરીને ચાલે છે. આ રીતે માર્ક્સવાદના વર્ગવિગ્રહના ખ્યાલને પણ એઓ સ્વીકારતા નથી. આવા 'ઘૃણાસ્પદ વિરોધો'ને સ્થાને એઓ ઇતિહાસના ક્રમમાં ઉત્ક્રાન્ત થતી આવતી બુદ્ધિની પ્રક્રિયાને સ્થાપે છે.

આપણા આજના સન્દર્ભમાં આજે પ્રવર્તતી રાજકારણની અને સમાજની દોલાયમાન પરિસ્થિતિમાં ફરીથી હવામાં નવનિર્માણના આન્દોલનના ભણકારા વાગે છે. પણ આપણી પાસે હર્બર્ટ માર્ક્યુઝ જેવી વૈચારિક નેતાગીરી છે? બૌદ્ધિકોએ આગળ આવીને પોતાની દિશાસૂઝનો લાભ યુવાન પેઢીને આપવો જોઈએ. માર્ક્યુઝનું ચિન્તન કાર્યમાં પરિણમે એ માટેનું હતું. વિદ્વાન સમાજચિન્તકો અને દાર્શનિકોમાંથી આપણે ત્યાં કોણ આવા સ્થાનને યોગ્ય ગણાશે?

24-8-79

# આન્તરપ્રતીતિનું પ્રામાણ્ય

હું સ્વતન્ત્ર છું, હું વ્યક્તિમત્તાનું ગૌરવ કરું છું એમ કહેવાનો અર્થ શો છે? મારા પર સમાજ તરફથી, ધર્મ તરફથી, રાજસત્તા તરફથી કેટલી જાતનાં પ્રકટ-અપ્રકટ દબાણો આવ્યા કરે છે. મારી પ્રતીતિ પ્રમાણે વર્તવામાં અન્તરાય ઊભા થતા રહે છે. બુદ્ધિશીલો પ્રામાણિક નથી રહી શકતા. એમના યોગક્ષેમનું વહન કરવાની ચિન્તા એમને સતાવતી રહે છે. સમાજ જે પ્રતિષ્ઠા આપે તેને જતી કરવાનું એમને પરવડતું નથી. નાનાં નાનાં સમાધાનોથી શરૂઆત થાય છે. પછી ધીમે ધીમે અપ્રામાણિકતાની માત્રા વધતી જાય છે. મેં સ્વીકારેલું જીવનધોરણ હું છોડવા તૈયાર નથી. સુખસગવડ વગર મને ચાલતું નથી. મારે કુટુમ્બ છે જે મારા પર આધાર રાખીને જીવે છે. મારું કોઈ પણ પગલું એ બધાંના ભાવિ પર અસર પાડે છે. આથી હું જે લાચારીથી કરું છું તેને સદ્‌ગુણને નામે ખપાવવા ઇચ્છું છું. વફાદારી, સ્વાર્પણ, અહંકારનો ત્યાગ, નમ્રતા – આ દુર્ગુણો પર લગાડેલાં મોહક લેબલ માત્ર છે.

મારી આન્તરિક પ્રતીતિ પણ અવિકારી અને અપરિવર્તનશીલ નથી. હું એને આખરી માનીને વર્તું તોય મારી જાતને જ અન્યાય કરી બેસું. જગતને મૂંઝવતા બધા પ્રશ્નો વિશે ચિન્તકોએ આટલું બધું વિચાર્યું છે. આ બધું મને સુલભ છે. એની મદદથી હું મારી સમસ્યાને સમજી શકું છું. આમ છતાં જ્યારે વર્તન પરત્વેનો નિર્ણય લેવાનો આવે છે ત્યારે સત્યનિષ્ઠા, પ્રામાણિકતા કે મારી બૌદ્ધિક પ્રતીતિઓને હું વશ વર્તું છું એવું બનતું નથી. આ મારી નિર્બળતા બીજાઓમાં પણ હું જોઉં છું ને એથી હું મન સાથે સમાધાન કરી લઉં છું. આ કાંઈ સત્યયુગ નથી, જીવવું હોય તો બધું કરવું પડે.

નેતાઓ, શાસકો, રાજકારણીઓ માનવીની આ નિર્બળતાનો ગેરલાભ આનન્દપૂર્વક

ઉઠાવે છે. હું જ્યાં કામ કરતો હોઉં છું ત્યાં મહત્ત્વના નિર્ણયો લેવાની બધી જ સત્તા બીજા કોઈકના હાથમાં હોય છે. છતાં બધી જવાબદારી મારી હોય છે. આથી પળે પળે ‘ઉપરીની નજરે હું દોષિત તો નથી ને!’ એવી ચિન્તા મને સતાવ્યા કરે છે. બીજો ઉચાટ એ રહે છે કે મારું ચિન્તન વિશદ હોય, શું કરવું જોઈએ તે હું સમજતો હોઉં, એટલું જ નહિ એ કરવાની મારી શક્તિ મારામાં હોય તેમ છતાં હું કશું કરી શકતો નથી.

ભૌતિક સુખસગવડનો થોડો સરખો અભાવ પણ સહી શકવાની આપણામાં શક્તિ હોતી નથી. આથી એ જાળવી રાખવા માટે જે કરવું પડે તે કરવા આપણે તૈયાર થઈ જઈએ છીએ. નીચલા થર પરથી મધ્યમ વર્ગના ઉપલા થર પર એક વાર પહોંચી જાઉં પછી રોટરી, લાયન, બિઝનેસ કોન્ટેક્ટ્સનાં ચક્કરમાં પડવાનું થાય. પછી અમુક સ્તરના લોકોમાં જ હું હરું ફરું, એમની બધી નિર્બળતાઓનું હું અનુકરણ કરું. મારી ભાષા એમના પ્રભાવથી ઘડાય; હું સંગીતના સમારમ્ભોમાં જાઉં, નૃત્યો જોઉં – ટૂંકમાં સુખીસમ્પન્ન લોકો જે કરતા હોય તે જ કરતો થઈ જાઉં. એકાદ ચિત્રકળાના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન પણ કરું, પણ હું જાણતો હોઉં કે એમાં મારી પહોંચ કશી જ ન હોય. સમાજમાં ‘સફળ’ બનીને ‘ઉન્નતિ’ની સોપાનપરમ્પરા ચઢ્યે જનારાઓની એક કાવતરાંખોર ટોળી કામ કરતી હોય છે. એમનો આશ્રય મળવાથી જ પછી કૃતાર્થતા અનુભવાય છે.

લોકસેવાની સંસ્થાઓમાં પણ દરજ્જા અને પ્રતિષ્ઠા માટેની સ્પર્ધા મેં જોઈ છે. કોઈની શક્તિ પારખીને એને ઉચિત કાર્યક્ષેત્ર તથા પહેલ કરવાની છૂટ આપવાનું આ સમાજ શીખ્યો નથી. આ સમાજ ધન, દરજ્જો ને પ્રતિષ્ઠાની, સુખવૈભવની લૂંટાલૂંટમાં રાચનારો સમાજ છે. સાચાજૂઠાનો વિવેક કરવાની એને ફુરસદ ક્યાં છે? છતાં સત્યનું નામ લેવાથી હેતુ સિદ્ધ થતો હોય તો એ જરૂર લેશે.

આથી એરિક ફ્રોમ ‘આઇડિયલ’ અને ‘પેથેલોજિકલ એઇમ’ વચ્ચે વિવેક કરવાનું કહે છે. સુખેષણાથી, સ્પર્ધાથી, ચિન્તાથી હું જે સ્વીકારું તે આદર્શ નથી. આ બધી મર્યાદાઓને ઉલ્લંઘી જવાનો પુરુષાર્થ કરવા હું તૈયાર નથી. સ્વતન્ત્ર કોણ? જે સહેલાઈથી કશાને તાબે નથી થતો તે, શરણે નથી જતો તે. તો જે સ્વતન્ત્ર હોય તે કોઈ જાતનો ત્યાગ કે સ્વાર્પણ કરે જ નહિ? સ્વતન્ત્રતાને ખાતર બલિદાન દેનારનું શું? ફાસીવાદીઓએ પ્રજાને ખાતર અમુક ત્યાગ કરવાનું કહ્યું, એમાં સૌથી પ્રથમ ત્યાગ તે પોતાની બુદ્ધિશક્તિથી વિચારવાના વલણનો ત્યાગ. સરમુખત્યારો વફાદારી ઇચ્છે છે,

એ તમારી બધી જ જવાબદારી એમને માથે લઈ લે છે. પછી તમારે વિચારવાનો શ્રમ શા માટે કરવો જોઈએ?

આપણે મન સ્વતન્ત્રતાના બે અર્થ છે : એક તો એ કે આપણે પરમ્પરાગત શાસન ચલાવનારાં બળોથી મુક્ત થયા છીએ. એ રાજસત્તા હોય કે ધર્મ હોય આટલું બને તો જ મારી વ્યક્તિમત્તાને કશું ગૌરવ પ્રાપ્ત થાય. એનો બીજો અર્થ એ કે હું મારામાં બધી સમ્ભાવનાઓને નિર્બાધ સિદ્ધ કરી શકું છું, સહજ રીતે સક્રિય બનીને જીવી શકું છું. પણ જે સ્વતન્ત્રતા સ્વીકારે છે તે સમૂહ પાસેથી પોતાના નિર્ણયની સંમતિની અપેક્ષા રાખતો નથી. એ અળગો પડી જાય છે. સમૂહમાંથી જે આધાર કે બળ પ્રાપ્ત થાય છે તે એ પામી શકતો નથી. આખરે એ પોતાની બહાર રહેલા કશાક આશયનું સાધન બની રહે છે, પોતાનાથી અને બીજાથી અળગો પડી જાય છે. એનું સ્વત્વ ક્ષીણ થતું જાય છે. એ સહેલાઈથી ભયભીત થઈ જાય છે. એને સરમુખત્યારના સંરક્ષણની જરૂર પડે છે. આથી સ્વતન્ત્રતાને ફગાવીને એ તરત જ નવા પ્રકારનાં બન્ધનને સ્વીકારી લેવા તત્પર બને છે. સ્વતન્ત્રતા જાણે ક્રિયાશીલ બનીને એના વિરુદ્ધ અન્તિમે આપણને ઢસડી જાય છે!

આજની સાંસ્કૃતિક અને રાજકીય કટોકટીનું કારણ તે વ્યક્તિમત્તાની ભાવનાનો અતિરેક નથી, પણ હવે આ વ્યક્તિમત્તા તે એક ઠાલી વસ્તુ છે એવી આપણી માન્યતા છે. જે સમાજમાં વ્યક્તિ, એનો વિકાસ અને એનું સુખ સંસ્કૃતિનું લક્ષ્ય બને, જેમાં જીવનને સફળતા કે એવા કશાનો એને સાભિપ્રાય ઠરાવવા આધાર લેવો નહિ પડે, જેમાં વ્યક્તિને એની બહારના કશા બળને વશ વર્તીને રહેવાનું નહિ હોય, એ બળ રાજસત્તા હોય કે અર્થતન્ત્ર હોય, જે સમાજમાં વ્યક્તિનો અન્તરાત્મા અને એના આદર્શો બહારની માગનાં આન્તરિક રૂપ નહિ હોય, પણ ખરેખર એ એનાં પોતાનાં હોય અને એનાં સ્વત્વમાંથી જ ઉદ્ભવતાં હોય, તે સમાજ લોકશાહીને સફળ બનાવી શકે, આજના તકસાધુઓ નહિ!

૩૦-૫-૮૦

# સમયનું સાતત્ય

ખેતરમાં જૂનું કચરું કસ્તર બાળી નાખ્યું છે. હજી જમીન ખેડાઈ નથી, ચાસ પડ્યા નથી. વેરાન ખેતરોમાં ગ્રીષ્મના ઉત્તરાર્ધની શાન્તિ છવાઈ ગઈ છે. હજી વાતાવરણમાં વર્ષાની પ્રતીક્ષાનો અણસાર નથી. દૂરના વનમાં બદામી રંગનાં પાંદડાં ખર્યે જાય છે. પવનમાં ધૂળની ડમરીઓ ઊંચે ચઢે છે. એની સાથે મારું મન પણ ચક્રાકારે ઘૂમતું ઘૂમતું સમયના જુદા જ પરિમાણમાં પ્રવેશે છે. એ કાંઈ કેટલાય યુગોમાં ઘૂમી વળે છે. આ જન્મની સંજ્ઞાઓનું વળગણ સરી પડે છે, બધા સન્દર્ભો છૂટી જાય છે. એક ક્ષણના અનુભવમાં મારું મન ભયનો નવો સ્વાદ ચાખીને પાછું ફરે છે.

અત્યારે બધું અતિ સ્પષ્ટ અને તેજસ્વી લાગે છે, પણ અતિ સ્પષ્ટતા એક ભ્રાન્તિ રચે છે. મન એના પર સહેલાઈથી વિશ્વાસ મૂકી દેતું નથી. હું મારામાં રહેલી અસ્પષ્ટતાઓને આધારે જ ટકી નથી રહ્યો? જો બધું સ્પષ્ટ જ હોય તો મારે વિશે પછી કહેવા-વિચારવાનું રહ્યું ન હોત. આથી જ તો આપણને રહસ્યની આટલી બધી માયા છે. આપણું સત્ય ઝૂંટવી લે તો આપણે એક પ્રકારની નિરાંત અનુભવીએ છીએ, પણ જો કોઈ આપણું રહસ્ય ઝૂંટવી લે તો આપણે સાવ અકિંચન બની જઈએ છીએ.

હું રહસ્યવાદી નથી છતાં બધું જ જ્ઞાનની પકડમાં આવી જાય છે એવું માની શકતો નથી. અનુભવ જે ઉપલબ્ધ કરાવે તેનો અહેવાલ હંમેશાં જ્ઞાનની પરિભાષામાં આપી શકાતો નથી. બધું જ અજ્ઞેય છે એમ પણ હું માનતો નથી. આથી મને કુતૂહલ છે. હું વિસ્મય અનુભવી શકું છું. તેમ છતાં કોઈ વાર આ નહિ ઓળખાયેલું, નિકટ જવાનો પ્રયત્ન કરવા છતાં દૂર રહી ગયેલું આ જગત એક ભાર બનીને મન પર ચંપાઈ જાય છે. અનુભવમાં તદાકારતા છે, તદ્રૂપતા છે; જ્ઞાન અળગું રહી જાય છે. એ જીવનદ્રવ્યમાં

પ્રવહમાન થતું નથી, ચોસલા રૂપે રહી જાય છે. આથી જ્ઞાનનું અનુભવ રૂપે રૂપાન્તર કરવું એ આત્મસંજ્ઞાનો અભિન્ન અંશ બની રહેવું જોઈએ. આવું હું ઇચ્છું છું પણ આ બધું મને કોઈક વાર અટપટું લાગે છે.

હિટલરની યાતનાછાવણીની ગૅસ ચૅમ્બરમાંથી ઊડતી માનવીની રાખ મારી જીભને ટેરવે ચોંટી જાય છે. મેં કણ્ઠસ્થ કરેલી વેદની ઋચાઓના સ્વર બદલાઈ જાય છે. ગઈ કાલે જ બળાત્કારનો ભોગ બનીને જેણે મરણને વહોરી લીધું છે તે નાજુક ભંગુર કન્યાની પાછળ મને સીતા, દમયન્તી અને શકુન્તલાની અશ્રુભરી મુખમુદ્રા દેખાય છે. ઘડીભર મને તો એવું જ લાગે છે કે ઇતિહાસ આખો વેદનાના સૂત્રે પરોવાયેલો છે. સમયનું સાતત્ય એટલે વેદનાનું સાતત્ય.

જેમનામાંથી પુણ્ય ગંધાઈ ઊઠ્યું હોય એવા લોકો પણ મેં જોયા છે. આર્જવ એમનામાંથી સુકાઈ ગયું છે. એમની સાત્ત્વિકતા ગન્ધક જેવી છે. એ સહેજ સહેજમાં ભડકો થઈ ઊઠે છે. એમની આંખોમાં કરુણાની આર્દ્રતા નથી. એમના હાથ હંમેશાં આશીર્વાદ આપવાની મુદ્રામાં જ રહ્યા હોય છે. ગમે તે પ્રકારના કર્મને સત્કર્મમાં ફેરવી નાખવાનો એમની પાસે કીમિયો હોય છે. એઓ એમનાં થોડાંક દેવલાંને સાચવતા જિન્દગીભર બેસી રહે છે. ઉચ્ચાગ્રહને નામે એવા લોકો પોતાના અહંકારને બેહદ વકરવા દે છે. સત્ય ઉચ્ચારી ઉચ્ચારીને એમની જીભ લપટી પડી ગઈ હોય છે. ગેરસમજ પણ સમ્બન્ધ ધરાવતા માણસો વચ્ચે જ સળવળે છે. પણ જેઓ સભાનપણે બીજાના પર દોષારોપણ કરવાનો ઉત્સાહ ધરાવે છે તેઓ માનવસમ્બન્ધના ક્ષેત્રને ક્યારનાય છોડી ચૂક્યા હોય છે. અમાનુષીપણામાં જ એમને લોકોત્તરતાનો અનુભવ થાય છે. પહેલાના વખતમાં હરિજન પાસેથી વાણિયો પૈસા લે તો પાણીમાં ધોઈને લે. હજી હું કોઈ મારું અપમાન કરે તો, એના શબ્દોને કારુણ્યના જળમાં ઝબકોળીને જ સ્વીકારું છું.

ઘણા લોકો લક્ષ્મીના લક્ષ્મી સાથે થતા સંગમના સ્થાનને જ શ્રેષ્ઠ તીર્થસ્થાન માનતા હોય છે. સરસ્વતીનો ફલ્ગુ સ્રોત એમને દેખાતો નથી. કીર્તિનાશાને કાંઠે અલગારી બનીને બેસનારા તો વિરલા જ. શબ્દોને લોલીપોપની જેમ ચૂસનારા ઘણા, ધારદાર શબ્દોનો મુકાબલો કરનારા થોડા. વૃક્ષની છાયા નીચે બેસીને જગતને શીતળતાનો સંદેશો આપનારા ઘણા, નિર્જન વેરાનમાં શાન્તિના બે શબ્દો જોડી શકનારા થોડા. જેને શત્રુ નથી તેની મને ઈર્ષ્યા થતી નથી. એને હૃદયની સીમા વિસ્તારવાનું નિમિત્ત જ મળ્યું

નથી. જે સફળતાના ખાનામાં જીવનને પૂરી દીધું છે તે સફળતા સિવાય આ જીવનમાં પામવા જેવું ઘણું છે.

શબ્દો હું બોલતો રહ્યો છું. શબ્દો વચ્ચેના નવા નવા સમ્બન્ધો હું જોડતો રહ્યો છું. એ હંમેશાં સુખદ રહ્યું નથી. કોઈ વાર શબ્દ પારાની જેમ કશાક નવા વજન સાથે ઊંડે ઊંડે ઊતરી જાય છે, તો કોઈક વાર શબ્દ ઉચ્ચારતાંની સાથે જ એને ઉચ્ચારનારાના દાંતને તોડી નાખે છે. એક વાર લોકો રેશમ જેવી મુલાયમ ભાષાની વાતો કરતા હતા. હવે ભાષા તાજા હલાલ કરેલા પશુની ખાલ જેવી લાગે છે. એમાંથી વિના કારણે રેડાયેલા માનવીના રક્તની, આંસુની ખારાશની, પરસેવાની, નિઃશ્વાસની વાસ આવે છે. એ જ ભાષામાં પ્રેમીઓએ પણ એમનો પ્રેમાલાપ ચલાવવો પડશે. ઘણા શબ્દોને રેતીના કિલ્લાની જેમ ઘડે છે ને પછી શબ્દોને રેતી ભેગા થતા જોવાની રમત જીવનભર રમ્યા કરે છે. કેટલાક માનવી થયા છતાં હજી પશુની ભાષામાં, પંખીની ભાષામાં, કીટની ભાષામાં જ બોલતા હોય છે. કેટલાકના શબ્દો ધૂપસળી અને વાસી ફૂલોની ગન્ધથી ઘેરાયેલા હોય છે. ઘણા અગ્રણીઓના શબ્દો પોલા ઢોલની જેમ ખોખરા થઈ ગયા છે, પણ એમના વીરત્વનો વળ હજી ઊતર્યો નથી!

આમ છતાં નિઃશબ્દ થવાનું મને નહિ પરવડે. માનવીનું સ્વત્વ ઝૂંટવી લેવું હોય તો એની ભાષા ઝૂંટવી લો. ઘણા ભાષાને ઝૂંટવાઈ જતી જોઈને શબ્દોના પ્રપંચમાંથી છૂટ્યાની નિરાંત અનુભવે છે. જેઓ જગત સાથે પોતાને જોડે છે તેમને ભાષાના સેતુ વગર નહિ ચાલે. શબ્દ વિનાની શાન્તિને માણનારા પરમહંસ હોય છે અથવા મીંઢા હોય છે. ‘રખેને કશું બોલતાં છતા થઈ જવાશે તો?’ એવા ભયના માર્યા એઓ કશું બોલતા નથી. ક્યાંક કોઈકને શાતાના એક શબ્દનો ખપ પડ્યો હોય તોય એઓ મીંઢા બનીને બેસી રહે છે. એમની નિલિર્પ્તતા કોઈ કાયરની કે સ્વાર્થીની નિલિર્પ્તતા હોય છે. જે માત્ર બોલે નહિ પણ બીજાનેય વાણી સંપડાવી આપે તે ઋષિ. હંમેશાં ગંગાજળ છાંટેલા શબ્દો બોલવાનું તો આપણે પણ લીધું નથી. આપણે જીવનગંગામાં ડૂબકી મારીને તો જીવતા નથી! આપણે તો સંસારમાં રજોટાઈને જીવીએ છીએ. સ્વર્ગની કાન્તિ મુખ પર ધારણ કરનારા શબ્દો ઘણી વાર કૃતક અને ઠગારા નીવડે છે.

પ્રકૃતિની બધી ભાષા જાણનાર હજી કોઈ કવિ થયો નથી. આપણને કેવળ કાલિદાસ, વાલ્મીકિ કે રવીન્દ્રનાથથી ચાલવાનું નથી. ભવભૂતિ, નેરુદા કે ચેઝારે વાયેહોની પણ જરૂર પડશે. કર્ણ વડે કેવળ ભદ્ર સાંભળનારા જ સૌ પ્રથમ અભદ્રનો ભોગ બનતા

હોય છે. પણ અભદ્રને ભદ્ર તરીકે ખપાવવાની કુનેહ એ લોકો મેળવી લે છે. શબ્દ પારદર્શી હોય તો શંકાની નજરે જોવો. શબ્દ આંસુથી ડહોળાયેલો હોય, નિઃશ્વાસથી ધૂંધળો હોય, આક્રોશની આંચવાળો હોય, કારણ કે એ જીવતા માણસનો શબ્દ છે, દેવવાણી નથી. દેવનાગરી લિપિ તે સ્વર્ગમાં જવાની સીડી નથી. શબ્દને શિખર પર કળશની જેમ સ્થાપવાનો નથી, એને તો ચૌટે ને ઘાટે લઈ જવાનો છે. શબ્દોના રાફડા ન હોય, કવિ પ્રજાને શબ્દો ઘડી આપે છે એમ કહ્યું તે અર્ધસત્ય છે. પ્રજા જે શબ્દોને જીવનથી ઉચ્છ્વસિત કરે છે તેને આધારે જ કવિ એના શબ્દોને ઘડતો હોય છે. એ કડી જોડાયેલી રહેવી જોઈએ. શબ્દો જ એના પ્રકાશથી અભ્યન્તરને અજવાળે છે. પણ ઘણા શબ્દોને ઉત્સવના શણગારરૂપ જ જુએ છે. ઉત્સવ તો એકાદ દિવસ હોય. બાકીના દિવસોનું શું? ઘણા શબ્દોના ચીપિયાથી વેદનાનાં આંતરડાં બહાર ખેંચી કાઢે છે. પણ એ ચિત્કારમાંથી હજુ કશુંક રચવાનું બાકી છે તે એઓ જાણતા નથી હોતા.

2-6-80

# માનવી : દરમાં રહેનારું પ્રાણી

દોસ્તોએવ્સ્કીએ કહેલું કે માનવી દરમાં રહેનારું પ્રાણી છે. ત્યાર પછી ફ્રાન્ઝ કાફ્કાએ એની પ્રખ્યાત વાર્તા 'મૅટામોર્ફોસિસ'માં માનવીનું વંદામાં થતું પરિવર્તન બતાવ્યું છે. જેને કશાકનો ભય હોય તે દર શોધે. આપણે કદાચ માનવનિયતિથી જ ભયભીત થઈ ગયા છીએ. આથી સંસ્થાઓને આશ્રયે જીવવાની સહીસલામતી શોધીએ છીએ. સંસ્થા એક મોટું જાળું બની રહે છે ને આપણે એમાં માખીની જેમ ફસાઈ જઈએ છીએ. આપણા જમાનામાં સંસ્થાઓ પ્રત્યે ધીમો ધીમો પણ એકસરખો વિદ્રોહનો ભાવ વધતો જાય છે. એના મૂળમાં સંસ્થાઓ પરત્વેની નિર્ભ્રાન્તિ રહેલી છે. સંસ્થાઓનાં પેચીદાં બંધારણોથી આપણે વાજ આવી ગયા છીએ. આપણી સંસ્થા પરત્વેની લાગણી લાચારીની છે, એથી વાતાવરણમાં ગમગીની વધતી જાય છે. આ બધા સામે ઝૂઝતો ઝૂઝતો માનવી એક આપત્તિમાંથી ઊગરવા જતાં બીજી આપત્તિમાં ફસાતો જાય છે. આર્થિક સમાનતા પામવા જતાં એ વ્યક્તિસ્વાતન્ત્ર્ય ખોઈ બેસીને સરમુખત્યારશાહીનો ભોગ બની બેસે છે. આ સમાજ અને રાજ્યતન્ત્રમાં બધી જ ઝીણીઝીણી વિગતોની કાળજી રાખવામાં આવે છે; બીજું બધું જ વ્યવસ્થિત, પોતપોતાને સ્થાને હોય એમ લાગે છે. એક માનવીને જ પોતાનું સ્થાન જડતું નથી. એ પોતાને એક વિલક્ષણ, વિસંગત જગતમાં આવી પડેલો જુએ છે.

એક તરફ વિજ્ઞાને પુરવાર કરીને સ્થાપેલી હકીકતોનો પુંજ છે. એ બધી સાચી છે તે કબૂલ, એ વિશે કોની મગદૂરી છે કે શંકા લાવી શકે? પણ એક માનવી તરીકે એને એ નિરર્થક લાગવા માંડે છે. ફલાણો ગ્રહ પૃથ્વીથી આટલાં પ્રકાશવર્ષ છેટો છે કે પાણીનું બંધારણ અમુક સૂત્રમાં વર્ણવી શકાય છે. આ બધી વિગતોને માનવીના સુખદુ:ખ સાથે સમ્બન્ધ નથી. આપણે ધીમે ધીમે આવી હકીકતોના પુંજથી ઘેરાતા ગયા છીએ.

આ વસ્તુલક્ષી જગત સિવાયનું જે આપણું આન્તરિક જગત છે, જેનાં આશાઆકાંક્ષા નિરાશાવિફલતા આપણે માટે ઊંડો અર્થ ધરાવે છે તે જાણે એનું મહત્ત્વ ખોતું જાય છે.

આપણે એક વ્યક્તિ તરીકે જે સાદાસીધા પ્રશ્નો પૂછીએ છીએ તેના જવાબ મળતા નથી. આને પરિણામે આપણે જે જગતમાં વસીએ છીએ તે આપણે માટે અર્થહીન થતું જાય છે. આ અર્થહીનતા આપણને ચિન્તાતુર બનાવે છે. આપણા વ્યવહારમાં એનાં લક્ષણો વર્તાઈ આવે છે. મનોરુગ્ણતાનું પ્રમાણ વધતું જાય છે. બાળગુનેગારોનું પ્રમાણ વધતું જાય છે. મહાનગરો અપરાધ, હિંસા, દુરાચાર માટેની ફળદ્રુપ ભૂમિ જેવાં બની રહ્યાં છે. માનસોપચારની બોલબાલા છે. ઘણા આ અસલામતી અને ચિન્તાતુરતામાંથી બચવાને માટે કેફી દ્રવ્યોનું સેવન કરે છે, ઘણા ધર્મને ઢોંગ અને ધતિંગ બનાવી દઈને એનો આશ્રય લે છે. વૈશ્વિક ઋત અને શાશ્વત સૌન્દર્યના ખ્યાલ સામે સાહિત્ય અને કલાની સૃષ્ટિમાં વિદ્રોહ પ્રકટ થયો છે. ટેકનોલોજીની સિદ્ધિ પોકળ નીકળી છે, શૂન્યનો હાહાકાર વાતાવરણમાં સંભળાઈ રહ્યો છે. માનવી મરણિયો બનીને વસ્તુલક્ષિતાની પકડમાંથી મુક્ત અને અણીશુદ્ધ એવા જગતના કોઈક અંશની શોધમાં છે.

જગતની ઇન્દ્રિયનિર્ભરતાના સ્વીકારનો ઝોક માનવવિદ્યાના ક્ષેત્રમાં નવા પ્રાણનો સંચાર કરશે એવી હજી કેટલાકને આશા છે. અમેરિકી ફિલસૂફ વિલિયમ જેઇમ્સે જે કહેલું તે અહીં સંભારવા જેવું છે. ‘વિજ્ઞાનની અમુક શાખામાં શ્રદ્ધા ધરાવનારા વિજ્ઞાનીને સ્થાને મને સ્થાપીને હું એનું વૈજ્ઞાનિક વલણ સ્વીકારીને જગતને, અલબત્ત, જોઈ શકું એમ છું. એ દૃષ્ટિએ જોઈને હું એમ કલ્પી શકું છું કે આ સંવેદનોનું, વૈજ્ઞાનિક નિયમનું અને પદાર્થનું જગત જ જે કાંઈ છે તે છે પણ જ્યારે જ્યારે હું એવું વલણ સ્વીકારવા જાઉં છું ત્યારે મારામાં કશુંક બરાડી ઊઠે છે : મૂરખ! વૈજ્ઞાનિક સંજ્ઞાથી ઓળખાવવાથી જે નિરર્થક છે તે સત્ય બની જતું નથી. માનવજીવનના સમગ્ર અનુભવની અભિવ્યક્તિ મને વૈજ્ઞાનિક પદ્ધતિએ મર્યાદિત કરેલા જગતને ઉલ્લંઘીને જોવાને પ્રેરે છે. સાચું જગત તો કદાચ જુદો જ મિજાજ ધરાવે છે, એ વધારે સંકુલ રીતે રચાયેલું છે. વિજ્ઞાન એ સંકુલતાને નિયમોમાં તારવી લઈને એનું સરલીકરણ કરી નાખે છે.’

આ ‘જીવનવિશ્વ’ અને જે ભાષા દ્વારા આપણે એને જીવીએ છીએ અને અભિવ્યક્ત કરીએ છીએ તે એમાં કેવળ વસ્તુલક્ષી હકીકતોનો જ નહિ પણ આત્મલક્ષી વિગતોનો સુધ્ધાં સમાવેશ કરે છે. એની ક્ષિતિજ દૂર સુધી વિસ્તરેલી છે અને ઘણું સમાવિષ્ટ કરી શકવાને કારણે સમૃદ્ધ છે. ઇતિહાસવિદ જે હકીકતનો અભ્યાસ કરે છે તે માત્ર માપી

શકાય એવી વસ્તુલક્ષી વિગતો જ હોતી નથી, પણ જેમાં માનવજીવનનો મર્મ સમાયો હોય, જે જગતનું પોતાની રીતે અર્થઘટન કરે તેનો પણ સમાવેશ કરે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ કદાચ એ જગત ગૂંચવાડાભર્યું ને અસ્તવ્યસ્ત લાગે. એની પડછે વિજ્ઞાનના ખ્યાલો સાદા અને સુઘડ લાગે. એમ છતાં ઐતિહાસિક વિગતો પણ એના પુરાવા સાથે આપણને આપવામાં આવી હોય છે. એને વિશે શંકા લાવવી તે વૈજ્ઞાનિક હકીકત વિશે શંકા લાવવા જેટલું જ બેહૂદું લેખાવું જોઈએ. એમાં માત્ર અરાજકતા અને ગૂંચવાડો જ છે એવું નથી. એમાં વિગતો વચ્ચેના સમ્બન્ધો વધુ અટપટા હોય છે અને એ જુદી જુદી ભાત ઊભી કરે છે.

આ બધું કેવળ બુદ્ધિનિર્ભર સિદ્ધાન્તોની પરમ્પરાથી જ અવગત નહિ કરી શકાય. વિજ્ઞાન તો એની ઉપેક્ષા જ કરશે. છતાં દાર્શનિકને આમ કરવાનું પરવડશે નહિ એમાં જે તથ્ય રહેલું છે તેનો આપણા આ જગતમાંના આપણા અસ્તિત્વ માટે ખપ છે. જીવનના આ અર્થથી વંચિત એવી સૌથી આદિમ સંસ્કૃતિ પણ નથી. ગમે તેવી સુવિકસિત સંસ્કૃતિ પણ એની ઉપેક્ષા નહિ કરે શકે. વ્યક્તિસ્વાતન્ત્ર્યનું ગૌરવ કરનાર વ્યક્તિને પણ એવી ઉપેક્ષા કરવાનું નહિ પરવડે. આ જીવનવિશ્વનો, લાગણીનો રણકો જુદો જ છે. એને જુદી રીતે જ સમજવો પડે. વિલિયમ જેઇમ્સે નોંધ્યું છે તેમ એનું સત્ય જુદા ગોત્રનું છે. એનું શિસ્તબદ્ધ અન્વેષણ શક્ય છે. હવે ફિલસૂફી અને બીજી માનવવિદ્યાની શાખાઓએ એ કામ ઉપાડ્યું છે. નૃવંશવિદ્યા, સમાજવિદ્યા, મનોચિકિત્સા – આ દરેક શાખાનું એમાં આગવું અર્પણ છે. વાસ્તવમાં આ જ માનવીનું સાચું વિશ્વ છે.

પોતાનું અભ્યાસક્ષેત્ર અવ્યવસ્થિત, વિશૃંખલ અને આત્મલક્ષી ઘટનાઓ પૂરતું મર્યાદિત છે, એ બદલ માનવવિદ્યાઓને હવે નીચું જોવું પડે એવી પરિસ્થિતિ રહી નથી. વસ્તુલક્ષી વલણ ધરાવતું કોઈ વિજ્ઞાન આ ક્ષેત્રમાં દખલગીરી નહિ કરે તેની સાવધાની રાખવાની રહેશે. જો એવું થશે તો આ ઘટનાઓને બાતલ જ કરી દેવાશે.

હવે માનવવિદ્યાઓને એમનું આગવું જગત સમ્પ્રાપ્ત થઈ ચૂક્યું છે. એનું અન્વેષણ વૈજ્ઞાનિક પદ્ધતિએ નહિ થાય, પણ એનો અર્થ એ નથી કે બીજી સમપિર્ત કરી શકે એવી ઉત્તરદાયિત્વપૂર્ણ પદ્ધતિ એના અન્વેષણ માટે નહિ પ્રયોજાય. ફિનોમિનોલોજીમાં એ ક્ષમતા છે.

માનવીય સ્વતન્ત્રતા એ વિજ્ઞાને તપાસવાની વસ્તુલક્ષી હકીકત નથી. કાન્ટે કબૂલ રાખ્યું હતું કે એનું ક્ષેત્ર જુદું જ છે. બૌદ્ધિક અને વૈજ્ઞાનિક પદ્ધતિ અને એણે ઉપજાવેલાં

સાધનો અહીં ખપમાં ન આવે એ સ્વીકાર્યા પછી કાન્ટ એ નિર્ણય પર આવ્યો કે આ માનવીય વિશ્વ અનન્ય છે. એમ છતાં એને વિશે એણે થોડીક મહત્ત્વની વાતો તો કહી જ છે. હવે તો એ સ્પષ્ટ થયું છે કે માનવવિદ્યાએ ઊભી કરેલી શિસ્તથી આ ક્ષેત્રનો અભ્યાસ થઈ શકે. હવે એને અજ્ઞેય ગણવામાં આવતું નથી.

વિજ્ઞાનનો સમ્બન્ધ વસ્તુલક્ષી હકીકતો જોડે છે, જે પોતે પોતાનું અર્થઘટન કરતી હોતી નથી. જ્યારે માનવવિદ્યાઓને માનવીય અસ્તિત્વ જોડે સમ્બન્ધ છે જે હંમેશાં પોતાનું અર્થઘટન કરતું રહે છે. વ્યવહારુ કાર્ય જોડે સંકળાયેલી મનની કોઈ અમુક પ્રવૃત્તિને સ્વતન્ત્રતા જોડે સમ્બન્ધ છે એવું નથી. એને મૂળે તો જગતના અર્થઘટન અને એના મર્મ જોડે સમ્બન્ધ છે. એ સમગ્ર માનવીય સન્દર્ભનું આકલન કરીને જ જંપે છે. જગતના આ પુનર્ગઠનની સ્વતન્ત્રતા સમસ્ત માનવજીવનને આવરી લઈને રહી હોય છે. એનાં વિચાર અને સંકલ્પશક્તિને આવરી લે છે. જુદી જુદી માનવજાતિઓએ અને સંસ્કૃતિઓએ તેમ જ એક જ સંસ્કૃતિમાંના જુદા જુદા ચિન્તકોએ અને સર્જકોએ એકબીજાથી સાવ નોખાં એવાં એનાં અર્થઘટનો કર્યાં હોય છે.

આ રીતે મેળવેલી વ્યાપક સૂઝને આધારે વિજ્ઞાન એવી તારવણી કરતું હોય છે. આ જગતને એના જુદા જુદા અર્થો, બંધારણો અને તાર્કિક ભૂમિકાઓ છે. એને જુદા અભિગમની અપેક્ષા રહે છે. પોતાના આગવા જગતમાં દૃઢમૂલ થઈને આ વિદ્યાશાખાઓ બીજી જ્ઞાનની પ્રવૃત્તિ સાથે વિનિમયનો વ્યવહાર સ્થાપી શકશે અને વધુ અસરકારક રીતે સહકાર આપી શકશે. અસ્તિત્વના પર એની આન્તરિક બાજુએથી પ્રકાશ પાડવાથી, એની પ્રમાણિત કરી શકાય એવી સમ્ભવિતતાઓને ચીંધી બતાવવાથી સ્વતન્ત્રતાનું સાચું સંવર્ધન શક્ય બનશે.

16-6-80

# આત્મપ્રચારની નિરર્થકતા

ક્યિર્કેગાર્દે પણ એના સમકાલીનો સામે ફરિયાદ કરતાં કહેલું, ‘એમની નૈતિક આચારસંહિતા પોલીસ ખાતાના નિયમોના સારસંક્ષેપ જેવી છે, એમને માટે સૌથી મહત્ત્વની વસ્તુ તે રાજ્યવ્યવસ્થા માટે ઉપયોગી થઈ પડવાની તક છે. દરરોજ સાંજે ક્લબમાં પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવા તે એમનો પ્રિય વ્યવસાય છે, કશાક અજ્ઞાતને માટે, કશા સુદૂરને માટે, એઓ કદી તલસ્યા કે ઝૂર્યા નથી. કશું ન બની શક્યા હોવાના ભાનથી જે ઊંડાણનો અનુભવ થાય છે તે પણ એમને થયો હોતો નથી.’ આપણાં ઘણાં સમકાલીનોને પણ આ વર્ણન લાગુ પડી શકે એમ છે.

હૃદયજડ કે બુદ્ધિજડ લોકોને તો સહી લઈ શકાય, પણ જેઓ હૃદયને પામીનેય સહિષ્ણુતા અને સમુદારતા કેળવી ન શકે, જેઓ બુદ્ધિને પામીને એને પોતાની સર્વોપરિતા સ્થાપવાને માટેના નાના નાના પ્રપંચો અને વ્યૂહો રચવામાં જ ખરચી નાખે તેને સહી લઈ નહિ શકાય. પોતાનું અતિરેકી ચિત્ર આંકવાની વૃત્તિ માનવસહજ નિર્બળતાનું પરિણામ છે એ આપણે સ્વીકારી લઈએ, પણ એની સાથે બીજાની નિરર્થકતા અને નહિવત્તાનો પ્રચાર કરવાનો આસુરી ઉત્સાહ ભળે ત્યારે માનવ્યના મૂળ પર જ કુઠારાઘાત થતો હોવાથી એને સહી નહિ લેવાય.

કૃતિને પ્રકટ કરીને ધીમે ધીમે કર્તૃત્વનો વિલય સિદ્ધ કરવો એ એક કળા છે. કૃતિ દ્વારા જે પ્રકટ થાય છે તેને ટકવાને માટેના આધારસ્તમ્ભ આત્મપ્રચારથી ઊભા નથી કરી શકાતા. પછી કૃતિને ખીલી ઊઠવાને માટે જે રિક્ત અવકાશ જોઈએ તે મળતો નથી. પોતાની જ કૃતિ આગળ પોતે વામણો લાગે તો એ હકીકતનો સચ્ચાઈથી અને પ્રામાણિકતાથી સ્વીકાર કરવો જોઈએ, પરિમિત પ્રયોજન જ આપણા વ્યક્તિત્વને

સંકીર્ણ કરે છે. નાની નાની પ્રાપ્તિનાં લેખાંજોખાંમાં જ રચ્યોપચ્યો રહેનાર હાટડી માંડીને બેસનારા મારવાડીથી સહેજેય જુદો નથી. આ બધો નિરર્થક ઉદ્યમ ચાલ્યા કરતો હોય છે તે દરમ્યાન જ સાચી પ્રાપ્તિ તો એના હાથમાંથી સરી પડી હોય છે! લાલસા જેવું માણસને દયામણા બનાવનાર બીજું કશું નથી.

ઈંગ્લેંડમાં પચાસની આસપાસ કવિતાના ક્ષેત્રમાં 'ધ મુવમેન્ટ'ની સંજ્ઞાથી ઓળખાતું આન્દોલન થયેલું. એના એક અગ્રણી કવિ તે ફિલિપ લાર્કિન. 'લંડન મેગેઝિન'માં એમની મુલાકાતનો અહેવાલ છપાયો છે. એમાંના કેટલાક મુદ્દાઓ આજના આપણા સાહિત્યિક સન્દર્ભમાં વિચારવા જેવા છે. આપણે ત્યાં આદેશ અને ઉપદેશ આપવાની યોગ્યતા પ્રાપ્ત કરી ચૂકેલા એક વાતનું વારે વારે રટણ કર્યા કરતા હોય છે. સાહિત્ય દ્વારા સત્ય અને રમણીયનો આવિષ્કાર થવો જોઈએ. આ સત્ય તે કયું સત્ય? કશુંક ત્રિકાલાબાધિત સત્ય? કે કવિને જે અનુભૂતિ થઈ છે તેનું સત્ય? લાર્કિન કહે છે કે આ વાતને ખોટી રીતે મૂકવામાં આવે છે. દરેક કાવ્ય ક્યાં તો સત્ય ક્યાં તો સૌન્દર્ય તરફ ગતિ કરતું હોય છે. પણ સત્ય સુન્દર બની શકે, સૌન્દર્યનેય એનું આગવું સત્ય હોય. એની આ સચ્ચાઈ તે ધર્મપ્રમાણિત કે દર્શનપ્રમાણિત હોતી નથી. એ કાવ્યમાંથી જ ઉત્ક્રાન્ત થતી હોય છે. કવિના મનમાં થતો પહેલો સ્ફોટ કદાચ એને સૌન્દર્યથી અભિભૂત કરી નાખે. પણ એ જ તો સાવધ રહેવાની ક્ષણ છે. અનાયાસ સર્વસ્વીકૃત સત્ય એ કાવ્યનું સત્ય નથી, એ અભિપ્રાય કે વિચાર નથી. એને કાવ્ય જોડે મજ્જાગત સમ્બન્ધ હોય છે, ધર્મ કે દર્શન જોડે નહિ.

લાર્કિને એક કાવ્યમાં કહ્યું છે, 'જીવન પ્રથમ તો વિરતિ આણે છે, પછી ભય. આપણે એનો વિનિયોગ કરીએ કે ન કરીએ, એ તો વીતવાનું જ છે. આપણામાં પ્રચ્છન્ન રહીને કશાકને પસંદ કર્યું હોય છે તેને એ અવશેષરૂપે મૂકી જાય છે. પછી જીવન પૂરું થતું નથી પણ સમયનો અમુક ગાળો કે યુગ પૂરો થાય છે. આ પંક્તિઓમાં કવિના અનુભવનું સત્ય પ્રકટ થયું છે. એ સત્યને સર્વસમ્મતિની કે ત્રિકાલાબાધિતતાની અપેક્ષા નથી. એનું જીવાતુભૂત તત્ત્વ ધર્મ પર આધાર રાખતું નથી.

કવિ પ્રજાએ અને વિવેચકોએ પ્રશંસેલી પોતાની કોઈ કૃતિને જો નબળી ગણતો હોય તો, તે સમયે પ્રવર્તતી સાહિત્યિક ફેશનને અનુરૂપ હોવાને કારણે જ વખણાયેલી કૃતિની મર્યાદાને એણે ચીંધી બતાવવી જાઈએ. આત્મરતિને કારણે, કે સાહિત્યમાં તે ગાળામાં

વર્ચસ્ ધરાવનારા વર્ગનું સમારાધન કરવાને માટે એ ખોટાં સાહિત્યિક મૂલ્યોનો પ્રચારક ન બની રહેવો જોઈએ.

સર્જક પોતાની કૃતિ વિશે કશો દાવો ન કરી શકે. એની ગુણવત્તા વિશે બોલવાનો અવિવેક એણે દાખવવો નહિ જોઈએ. પોતે કૃતિ દ્વારા શું કરવાનો પ્રયત્ન કર્યો છે તેનો પ્રામાણિક અહેવાલ માત્ર એ આપી શકે. વિવેચકોને પોતાના અમુક સૈદ્ધાન્તિક દુરાગ્રહો અને હઠાગ્રહોનાં ચોકઠાંમાં અમુક કૃતિને ગોઠવવાનું અનુકૂળ થઈ પડતું હોય છે. તો, કૃતિને અન્યાય થાય તેની પરવા કર્યા વિના, એઓ એવું કરવાને પ્રેરાય છે. વિવેચકોના આવા ખોટા પ્રભાવનો વિરોધ કરવાનું પણ કવિનું કર્તવ્ય બની રહે છે.

લાર્કિનને વિવેચકોનો સારો અનુભવ થયો નથી. એઓ કેટલીક વાર કૃતિ આડે અવરોધક બળ ઊભું કરે છે. કેટલીક વાર એઓ તમને તમારા જેવું નહિ પણ બીજા કોઈકના જેવું લખવાને લલચાવે છે. કવિતાનો રસ માણવાનું બાજુએ રાખીને એઓ તમને જીવનશત્રુ, નિરાશાવાદી, હતાશાવાદી જેવી ગાળો દેવાનો આનન્દ માણતા હોય છે. સર્જકને માટે કશું આસાન નહિ બની રહેવું જોઈએ. દરેક પ્રકારની આસાનીથી એણે તો સાવધ રહેવાનું છે. પ્રચલિત રુચિ અને રસવૃત્તિને અનુકૂળ થઈને રહેવાનો માર્ગ સહેલો છે, પણ વાસ્તવમાં ગજું ધરાવનારો સર્જક પોતાની કૃતિને માણવા માટેની રુચિ પણ ઘડી આપતો હોય છે. લાર્કિન 'ધ મુવમેન્ટ'ના એક અગ્રણી કવિ તરીકે ઓળખાવાની પણ ના પાડે છે. એઓ કહે છે, 'હું કોઈ મોટો કવિ નથી, નજરે ચઢું એવો છું ખરો. અત્યારે એમ કેન્દ્રમાં છીએ એટલે અમારા પર ધ્યાન જાય છે. ચાળીસ વરસ પહેલાં યેટ્સ, એલિયટ, રોબર્ટ ગ્રેવ્ઝ, સ્પેન્ડર, ઓડેન, મૅકલિશ, બેન્જમેન, ડાયલન ટોમસ એ સ્થાને હતા. અને હવે આજે અમેય કેન્દ્રમાં રહ્યા નથી. આજે હવે એ સ્થાને કોણ છે? બીજા જે છે તે કદાચ મારાથીય નબળા હશે, માટે હું સારો લાગતો હોઈશ.'

કવિને માટે એક બીજું મોટું પ્રલોભન તે પયગમ્બર કે ફિરસ્તા થવાનું છે. એ પ્રલોભન કવિતાને માટે તો અનિષ્ટકારક જ નીવડે છે. નીતિની બારાખડીથી કવિતાની બારાખડી જુદી હોય છે એ પાયાની વાતનું વિસ્મરણ ન થવું ઘટે. કવિને લગાડાતાં બીજાં લેબલ પણ ઘણી વાર કાવ્યઘાતક નીવડવાનો જ સમ્ભવ રહે છે. લાર્કિન તો માને છે કે કવિતાના મૂળમાં સ્વસ્થતા રહી હોવી જોઈએ. કશા ઉદ્રેક, અભિનિવેશોના પર આધાર રાખતી કવિતા અમુક ગાળા પૂરતી અગ્રસ્થાન પામે છે. પણ પછી તરત જ પ્રજા એને ભૂલી

જાય છે, કારણ કે પ્રજા હંમેશાં ઉગ્ર ભાવાવેગની સ્થિતિમાં ટકી રહી શકતી નથી. ધૈર્ય કે તિતિક્ષા રાખનાર જડ જ થઈ જાય છે એવું નથી.

‘અમે જે રૂપે ઓળખાવીએ છીએ તેવું જ જીવન છે’ એવું ભોળી પ્રજા માની લેશે એવું માનનારો સર્જક તો પ્રજાથી પણ ભોળો હોય છે. વાસ્તવમાં પ્રજાનો શિક્ષિત વર્ગ પણ સાહિત્યને એટલું મહત્ત્વ આપતો નથી. આજે તો સાહિત્યનું મહત્ત્વ સ્થાપવા માટે સાહિત્યકારોને જ પોતાના પ્રચારક બનવાની ફરજ પડે એવું વાતાવરણ છે. જીવન વિશેની પ્રકટ થતી દરેક વિચારણાને પ્રમાણભૂત ઠરાવવા માટે પોતાના અનુભવની સમ્મતિ પણ આવશ્યક બની રહે છે. કવિ તમારા અનુભવની અવેજીમાં કામ નહિ આવી શકે.

નિરાશા કે હતાશાને નામે ગોકીરો મચાવી મૂકનારાં કેટલાંક હોય છે. વૃદ્ધાવસ્થા, મૃત્યુ, નિષ્ફળતા, નિર્ભ્રાન્તિ – આ બધી કંઈ કવિકલ્પનાની નીપજ નથી. એ બધું તો આ સૃષ્ટિમાં છે જ. તમે એને રૂપાળા શબ્દોની મોહજાળથી, ધર્મના ધૂપદીપથી કે ઉટપટાંગ તર્કથી ઢાંકી દઈ શકો નહિ. કવિને તો આવી પ્રવંચના આત્મવિઘાતક નીવડે. પછી માંગલ્યનું અને શ્રદ્ધાનું ગાણું ગાનારા છો ને ધર્મને ખંડણી ભર્યા કરે અને કવિતાની ઉપેક્ષા કર્યા કરે.

વિવેચક કાવ્યસર્જન અને કાવ્યાસ્વાદને માટેની અનુકૂળ આબોહવા રચી આપે નહિ તો ભલે, એને કાવ્ય સામે શત્રુવટ કેળવીને વીરત્વ નિષ્પન્ન કરવાની પ્રવૃત્તિમાં પડવું નહિ જોઈએ. અંગત રુચિને જ એક માત્ર સાચા ધોરણ તરીકે ઠસાવવાનો દુરાગ્રહ એણે નહિ સેવવો જોઈએ. ચેહોફે કહેલું વધુ સાચું લાગે છે. ‘કવિ કે સર્જક જોડે મતભેદ હોય તો તે હું પ્રકટ કરું, પણ એ કવિ કે સર્જક પોતાની આગવી રીતે પોતાને અભિવ્યક્ત કરે એની આડે જો સમાજ અન્તરાય ઊભા કરે તો હું એનો પક્ષ લઈને સમાજ સામે લડું.’

૩૦-૬-૮૦

# ચિન્તનસભર નવલકથાઓ

આન્દ્રે ઝીદની ‘કાઉન્ટરફીટર્સ’ નવલકથામાંનું એક પાત્ર નવલકથાના લેખકોને ચેતવણી આપતાં કહે છે, ‘નવલકથામાં બુદ્ધિશીલોનું નિરૂપણ કરવાનું હંમેશાં ખતરનાક નીવડે.’ આપણી કહેવાતી ચિન્તનસભર નવલકથાઓના નાયકોને જોતાં આ ચેતવણી સકારણ છે એવું લાગ્યા વિના રહેતું નથી. એ જ પાત્ર ઉમેરે છે, ‘એવા લોકો વાચકોને મરણતોલ કંટાળો આપે છે.’ એમાં ઊહાપોહ ચાલતો હોય એવો આભાસ કરવામાં આવે છે. એમાં સજીવતા હોતી નથી. બધું ધુમાડામાં બાચકા ભરવા જેવું લાગે છે. આમ છતાં ‘જીવનને સદા ગમ્ભીરતાથી’ જોવાનો આગ્રહ રાખનારા અને પ્રયોગશીલ સર્જકોને ઉછાંછળા કહીને ભાંડનારા ઠાવકા વિવેચકો આ ‘ચિન્તન’થી તૃપ્ત થઈ જઈને લાગણીવશ બનીને ઉદ્‌ગારો કાઢે છે.

એક પ્રશ્ન થાય છે : આપણા સમાજમાં બુદ્ધિશીલોનું વર્ચસ્ નથી એનું કારણ શું? રાજકારણવાળા એમને વેદિયા ગણે છે. એમને લોકસમ્પર્ક હોતો નથી. વિચારો કાંત્યા કરવા અને સક્રિય બનીને વર્તમાન સમસ્યાઓને ઉકેલવા આગળ આવવું નહિ એવો કહેવાતા બુદ્ધિશીલોનો આચાર હોય છે. એનો લોકસમ્પર્ક એ છાપામાં એકાદ કોલમ લખતો હોય છે એટલા પૂરતો જ હોય છે. ઘણી વાર એ સત્યને ભોગે તર્ક લડાવવાની રમતમાં રાચતો હોય છે. પણ જરૂર પડે ત્યારે આ રાજકારણવાળાઓ બુદ્ધિશીલોને પોતાના સમર્થન માટે વાપરે છે. બધા જ બુદ્ધિશીલો અપરિગ્રહી, અનાસક્ત હોતા નથી. એમને આ કે તે જોઈતું હોય છે. આથી રાજકારણવાળાના ખરીતા એઓ તૈયાર કરી આપે છે. જરૂર પડે ત્યારે દસ્તખત પણ કરે છે. પણ એથી આગળ વધીને જો એમના કારભારમાં બુદ્ધિશીલો દખલગીરી કરે તો એમને પડતા મૂકવામાં રાજકારણવાળાઓને

સહેજેય સંકોચ થતો નથી. ફ્રાન્સમાં લશ્કરી અધિકારી ડ્રેયફસને ખોટી રીતે સંડોવીને ખટલો ચાલતો હતો ત્યારે એમિલ ઝોલા વગેરે બુદ્ધિશીલોએ નિવેદનો બહાર પાડીને વિરોધ કરેલો. ત્યારે બ્રુનેતિયરે કહેલું, ઝોલા પોતાનું સંભાળીને બેસી રહે તો બસ. એમનું નિવેદન મૂર્ખામી, અસંગતિ અને ધૃષ્ટતાના નમૂના જેવું છે. આવી લશ્કરી બાબતમાં આ નવલકથાકાર માથું મારે તે મને તો કોઈ લશ્કરી અધિકારી પદવિન્યાસ કે છન્દોરચનાની બાબતમાં માથું મારે તેના જેવું જ બેહૂદું લાગે છે.' બ્રુનેતિયરના જેવું વલણ આપણે ત્યાં આજે ધરાવનારા ઘણા છે.

'ઇન્ટેલેક્ચુઅલ' શબ્દ જ ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં પ્રચારમાં આવ્યો. એમ કહેવાય છે કે ક્લેમેન્સોએ એનો પહેલી વાર, આજના અર્થમાં પ્રયોગ કર્યો. ફ્રાન્સના પ્રખ્યાત નવલકથાકારે પણ આ શબ્દનો પ્રયોગ કર્યો છે. આપણે ત્યાં બુદ્ધિશીલોની ઝાઝી આબરૂ નથી. વિદ્યાપીઠોમાં જ્ઞાનના ક્ષેત્રમાં એઓ રાજકારણના દાવપેચ ઘુસાડે છે એવો એમના પર આરોપ છે. એઓ પવન જોઈને પીઠ ફેરવનારા કાયર છે. આન્તરિક પ્રતીતિનું સમર્થ ઉચ્ચારણ કરીને સમાજના એક વિધાયક બળ તરીકે કામ કરવાની એમની તૈયારી હોતી નથી. બુદ્ધિનિષ્ઠ અધ્યાપકને મોટો મોભો આપીને વહીવટી તન્ત્રનાં સૂત્રો સોંપ્યા કે તરત જ એ ચોકઠામાં બરાબર ગોઠવાઈ જવા માટે એ જરૂરી બધાં જ સમાધાનો કરી લેવાં તત્પર થઈ જાય છે. કુશાગ્ર બુદ્ધિનો ઉપયોગ ચાટુ ઉક્તિ ઉચ્ચારવામાં થતો આપણે જોયો છે. આથી જ શાસકો અને સમાજમાં વગ ધરાવનારો વર્ગ બુદ્ધિશીલોને પરાસ્ત કરવા બુદ્ધિશીલોનો જ ઉપયોગ કરે છે. બુદ્ધિશીલો વડે બુદ્ધિશીલોનો છેદ ઉરાડવાની પ્રક્રિયા સદા ચાલતી જ રહે છે.

જે બાબતમાં બુદ્ધિશીલોની પહોંચ નહીં હોય તેમાં એમણે માથું મારવું જોઈએ નહિ. એઓ રાજકારણના કે સમાજના 'નાજુક પ્રશ્નો'ને સમજી શકતા નથી, કુનેહથી કામ પાર પાડવાનું જાણતા નથી. સત્યનું નામ લઈને હોબાળો મચાવી જાણે છે. અન્તરાત્મા તો જાણે એમને એકલાને જ મળ્યો હોય તેવો બાલિશ દાવો કરે છે. બીજાં ક્ષેત્રોમાં અનધિકાર પ્રવેશની ચેષ્ટા છોડી દઈને એઓ વિદ્યાપીઠના વર્ગોમાં, પુસ્તકાલયોમાં, પ્રયોગશાળાઓમાં પોતપોતાની રીતે વધુ વિકાસ સાધવામાં સક્રિય બને તો જ સમાજને લાભ થાય. આવી સુફિયાણી સલાહ વિદ્યાપીઠના કોઈ ને કોઈ બૌદ્ધિક કાર્યક્રમમાં 'ઉદ્‌ઘાટન' અને 'આશીર્વચન' આપવા આવેલા રાજકારણીઓને મુખે ઉચ્ચારાતી આપણે સાંભળી હોય છે.

બુદ્ધિશીલોને ગાળ દેવાને હંમેશાં જ્ઞાન અને ડહાપણ વચ્ચેના ભેદને ચીંધી બતાવવામાં આવે છે. કોઠાસૂઝ પ્રમાણે વર્તનારા પર સમાજ વધુ વિશ્વાસ મૂકતો હોય એવું લાગે છે. શુદ્ધ બુદ્ધિશીલતાને નીચી પાડવાના પ્રયત્નો સમાજમાં ચાલતા જ રહે છે. બૌદ્ધિક અભિગમનો પ્રભાવ ખૂબ જ મર્યાદિત હોય છે એમ કહેવામાં આવે છે. એના કરતાં દ્વિધાગ્રસ્ત નહિ એવી સંકલ્પશક્તિ અને આ પાર કે તે પારવાળી આંધળી સાહસિકતાનું વધુ ગૌરવ કરવામાં આવે છે. બુદ્ધિ તો આપણા સમૃદ્ધ સંકુલ વ્યક્તિત્વનો એક અંશ મનાઈ છે. બુદ્ધિ પરીક્ષણ કરે, સુધારે, જરૂર પડે ત્યાં નવી સ્થાપના કરે – આ બધું રૂઢિચુસ્તો અને પરમ્પરાવાદીઓને રુચે નહિ તે દેખીતું છે. આથી એઓ રાષ્ટ્રની અસ્મિતાનું નામ લઈને પૂર્વજો જે માર્ગ ચીંધી ગયા તેને અનુસરવાની હિમાયત કરે છે, તર્ક કરતાં સહજ કોઠાસૂઝને આથી જ એઓ મહત્ત્વ આપતા હોય છે. આપણી સાહજિક વૃત્તિઓ અને સૂઝ બુદ્ધિના વિકાસથી કુણ્ઠિત થાય છે એવું એઓ માને છે. વૃત્તિઓ અને આવેગોને વશ થઈને એઓ સંસ્કૃતિને પણ નિન્દે છે, અસભ્ય બર્બરતાને કૌવતને નામે આવકારે છે. સ્વસ્થતા તે જડતા એવું સમીકરણ માંડે છે. બુદ્ધિના ક્ષેત્રમાં પણ રોમાંચક સાહસોને અવકાશ હોય છે તે એમના માન્યામાં આવતું નથી. આથી વાક્યના પ્રમાણને એઓ સ્વીકારી લઈને નિશ્ચિત બની જાય છે.

સમાજમાં અને રાષ્ટ્રમાં વૃત્તિઓ અને આવેગોને વશ વર્તીને પ્રભાવ વિસ્તારનારા કેટલીક વાર આખી એક પેઢીને વિનાશના મુખમાં ધકેલી દે છે. તેના આપણે સાક્ષી બન્યા છીએ. કોઈ આતતાયી આવો અત્યાચાર ગુજારે ત્યારે એના ગુરુને શોધી કાઢીને એને આ માટે જવાબદાર ગણવામાં આવે છે. હિટલરનાં દુષ્કૃત્યો માટે નીત્શે અને હાઇડેગર પર દોષારોપણ કર્યાના દાખલા તો જાણીતા છે.

બુદ્ધિશીલો ઘમંડી, મિથ્યાભિમાની અને તોછડા હોય છે એવું પણ કહેવામાં આવે છે. પણ સોક્રેટિસને એના સમકાલીન અસહિષ્ણુ સમાજે ઝેર પાયું તે તો જાણીતું છે. બુદ્ધિશીલો પોતાનું જુદું જૂથ બનાવીને સમાજને ખતરનાક એવી પ્રવૃત્તિને પોષે છે એવું કહેવામાં આવે છે. બુદ્ધિશીલો કદી ટોળામાં રહેતા નથી. એઓ મૌલિક મતભેદને સ્વીકારવા જેટલા પ્રામાણિક, અને તેથી જ સહિષ્ણુ હોય છે. અસહિષ્ણુ તો હોય છે શાસકો. એઓ ગેલિલિયો પાસે અસત્ય ઉચ્ચારાવે છે. બુદ્ધિશીલોનું સાંસ્કૃતિક આભિજાત્ય પાશવી આચારને જોરે શાસન ચલાવનારાને ખૂંચે તે સમજાય તેવું છે. એમિલ ઝોલાએ અને બીજા અનેકે બતાવી આપ્યું છે કે બુદ્ધિશીલો હંમેશાં કાયર નથી

હોતા. ઝોલા પર અદાલતમાં મુકદ્દમો ચાલતો હતો ત્યારે એણે ન્યાયપંચને ઉદ્દેશીને કહ્યું હતું, 'હું તમારા કાયદાકાનૂન જાણતો નથી અને જાણવા પણ ઇચ્છતો નથી. કાયદાકાનૂન ઘડનારા મને અણઘડ લાગે છે. તમે કાયદાકાનૂન ઘડવાનું નીતિજ્ઞોને, સર્જકોને અને કવિઓને સોંપો એવું જ હું તો ઇચ્છું છું.' બુદ્ધિશીલ હોવાનો ડોળ કરીને પાંચમી કતારિયાની જેમ બુદ્ધિશીલોના વર્ગમાં ઘૂસી જઈને એને અંદરથી તોડનારો એક નવો વર્ગ ઊભો થયો છે. એનાથી સાવધ રહેવાની ખાસ જરૂર છે.

18-7-80

# સહિષ્ણુતા

આજના સન્દર્ભમાં સહિષ્ણુતા વિશે થોડું વધુ વિચારીએ. ઘણી વાર રાષ્ટ્રની સલામતી જોખમમાં છે, એવો ભય છે એવી રજૂઆત કરવામાં આવે છે. આપણી જે સમાજરચના છે તેને લક્ષમાં લેતાં આપણે સહિષ્ણુતાનું આચરણ યોગ્ય રીતે કરી શકીએ તેને માટે બે મુદ્દા ધ્યાનમાં રાખવાના છે. સમાજમાં જે વલણો દૃઢ થઈ ચૂક્યાં હોય છે અને જેણે ઊંડી જડ નાખી છે તે માનવીને માટે અહિતકર હોય છે. તે છતાં એ પ્રત્યે કંઈક નિષ્ક્રિય પ્રકારની સહિષ્ણુતા કેળવવામાં આવે છે. સહિષ્ણુતાનો બીજો પ્રકાર તે સક્રિય સહિષ્ણુતાનો, જેને સરકારી મંજૂરી મળતી હોય છે. ડાબેરી તેમ જ જમણેરી પક્ષો એ એકસરખી આચરે છે. એમાં પક્ષ લેવામાં આવતા નથી. એ અર્થમાં માર્ક્યુઝ એને 'શુદ્ધ' સહિષ્ણુતા કહે છે. આ પ્રકારની સહિષ્ણુતા ભેદ પાડવાની જે નીતિ અમલમાં આવી ચૂકી છે તેનું સમર્થન કરે છે.

પણ સ્વતન્ત્રતાને ઉપકારક બનનાર અને એના ક્ષેત્રને વિસ્તારનારી સહિષ્ણુતા આવી નિષ્પક્ષ હોતી નથી. દમન કરીને જે બળો સ્થિતસ્ય સમર્થનમ્ કરવા ઇચ્છતાં હોય તે પ્રત્યે એમાં અસહિષ્ણુતા હોય છે. અહીં પ્રશ્ન માત્ર આ અસહિષ્ણુતાની માત્રા અને પ્રસારના પ્રમાણનો જ છે. ઈંગ્લેંડ અને અમેરિકા જેવા ઉદારમતવાદી સમાજમાં અભિવ્યક્તિની સ્વતન્ત્રતા સમાજના કટ્ટર દુશ્મનો ગણાતાં હોય તેમને પણ આપવામાં આવે છે. અલબત્ત, એમાં એક વસ્તુ પર ધ્યાન રાખવામાં આવે છે. એઓ જે બોલે તેનું કાર્યમાં રૂપાન્તર થવું ન જોઈએ.

સમાજમાં જે પ્રકારની વર્ગભેદની ભૂમિકા હોય છે તે અમુક પ્રકારની મર્યાદા લાદે છે. એ મર્યાદાની અંદર રહીને સામાન્ય સ્વરૂપની સહિષ્ણુતાનું આચરણ થતું રહે છે.

પણ ઉદારમતવાદી સમાજમાં પણ સહિષ્ણુતાના આચરણ પરત્વે એક અપેક્ષા રહે છે. ‘આ સહિષ્ણુતા આચરનારાની બધી શક્તિઓ વિકસેલી હોવી જોઈએ અને એઓ કેળવાયેલી સમજવાળા હોવા જોઈએ.’ આથી જ જહોન સ્ટુઅર્ટ મિલ આ સન્દર્ભમાં બાળકો અને સગીરવયની વ્યક્તિઓનો ઉલ્લેખ કરતો નથી. એ કહે છે, ‘માનવસમાજ મુક્ત અને સમાન ભૂમિકા પર થતા ઊહાપોહથી પોતાની સ્થિતિ સુધારી શકે એવી કક્ષાએ પહોંચ્યો હોય તે પહેલાંની સ્થિતિમાં તો સ્વતન્ત્રતાનો, એક સિદ્ધાન્ત તરીકેના વિનિયોગનો કશો અર્થ રહેતો નથી.’ આ પહેલાંની સ્થિતિમાં માનવી હજી અસભ્ય રહ્યો હોય છે ત્યારે એવા જંગલી પર રાજ કરવાને માટે સરમુખત્યારશાહી જ વાજબી બની રહે. પણ એ સરમુખત્યારશાહીનો ઉદ્દેશ પણ એ અસભ્યોને સુધારવાનો જ હોવો જોઈએ અને એના વડે એ હેતુ સિદ્ધ થઈ શકવો જોઈએ. એમાં સ્વતન્ત્રતાના અને સત્ય વચ્ચેના આન્તરિક સમ્બન્ધની વાત ભુલાઈ ન જવી જોઈએ. એક રીતે કહીએ તો સ્વતન્ત્રતા એ સત્યને સિદ્ધ કરવાનું સાધન છે. અસ્તિત્વવાદીઓ માને છે તેવું સ્વતન્ત્રતાનું સ્થાન અહીં નથી. સ્વતન્ત્રતા શાને માટે? પણ સ્વતન્ત્રતા સત્યસિદ્ધિ માટે એમ કહીએ ત્યારે એનો અર્થ શો? અહીં સ્વતન્ત્રતા એટલે પોતાને માટેનો નિર્ણય કરવાની સ્વાયત્તતા એમ સમજવાનું છે. આત્મનિર્ણયની સ્વાયત્તતા એમ કહેવામાં પુનરુક્તિનો દોષ કેટલાકને દેખાશે. પણ એમાં આત્મનિર્ણય કરવાની, પોતાનાં જીવન વિશેનો નિર્ણય લઈ શકવાની શક્તિની અપેક્ષા રહે છે. શું કરવું અને શું ન કરવું, શું સાંખી લેવું અને શું ન સાંખી લેવું એનો વિવેક કરવાની શક્તિની એમાં અપેક્ષા રહે છે. પણ આ નિર્ણય એક વ્યક્તિનો અંગત નિર્ણય હોતો નથી. એ નિર્ણય તો એક વ્યક્તિ માનવસમાજની બીજી વ્યક્તિઓ સાથે રહીને કરે છે. એ પોતે સ્વતન્ત્રતા સિદ્ધ કરે તેની સાર્થકતા બીજા માનવોની સ્વતન્ત્રતા હોય તો જ હોય છે. મારી વ્યક્તિ તરીકેની સ્વતન્ત્રતા અને બીજી વ્યક્તિઓની સ્વતન્ત્રતા તે સ્પર્ધામાં ઊતરેલા હરીફો વચ્ચે કરવામાં આવતા સમાધાનના સ્વરૂપની નથી હોતી. અથવા કાનૂન અને સ્વતન્ત્રતા વચ્ચે કરવામાં આવતાં સમાધાન જેવી પણ નથી હોતી. વ્યક્તિનાં અને સમષ્ટિનાં હિતો વચ્ચે કરવામાં આવતાં સમાધાન જેવી પણ નથી હોતી. એવી સંવાદિતા સ્થાપવાનો આશય તો એવો સમાજ સર્જવાનો છે જેમાં આત્મનિર્ણયને કુણ્ઠિત કરે એવી સંસ્થાઓના દાસ બનીને માનવીને રહેવું ન પડે. અત્યારે અસ્તિત્વમાં છે તે સમાજોમાં હજી સ્વતન્ત્રતાનું નિર્માણ કરવાનું બાકી જ રહે છે. એ માટે જે દિશા લેવી જોઈએ, એ માટે ઉપકારક

બની રહે એવાં જે સાંસ્કૃતિક અને સંસ્થાકીય પરિવર્તનો કરવાં ઘટે તે વિકસેલી સંસ્કૃતિઓવાળી પ્રજાઓમાં તો જાણી લઈ શકાય તેમ છે.

સિદ્ધાન્તની ભૂમિકા હોય અને કાર્યમાં પ્રવૃત્ત થઈએ ત્યારે આપણને સાચાખોટા ઉકેલ વચ્ચેનો ભેદ સમજવાની વિવેકબુદ્ધિ પ્રાપ્ત થતી જાય છે. પણ એમાં યાન્ત્રિક નિશ્ચિતતા હોતી નથી. અમુક જરૂરિયાતના સન્દર્ભમાં એ નિર્ણય થતો હોય એમ પણ બને. પણ આ નિર્ણય બુદ્ધિપૂર્વક વાજબી રીતે લેવામાં આવતો હોય છે એટલું નક્કી. આદર્શ સ્થિતિ તો કદી સિદ્ધ થઈ જ હોતી નથી, એવો સમાજ તો ભવિષ્યમાં જ રહ્યો હોય છે. આથી એની કશી નિશ્ચયાત્મક વ્યાખ્યા આપી શકાય નહીં. સાથે એ પણ સાચું છે કે અત્યારે જે પ્રવર્તમાન સ્થિતિ છે તેને તો આપણે ઉલ્લંઘી જ જવાની છે. પણ પ્રવર્તમાન સમાજ વિશેનો અનુભવ અને સમજને કારણે જ આપણે મુક્ત અને બુદ્ધિસંગત રીતે વર્તનાર સમાજને શું ઉપકારક કે અપકારક તેનો નિર્ણય કરવાની વિવેકબુદ્ધિ કેળવતા રહીએ છીએ. એના નિર્માણમાં આડે આવતા અને એના નિર્માણની સમ્ભવિતતાને વિકૃત કરનારાં બળોને આપણે ઓળખી શકીએ છીએ. સ્વતન્ત્રતા એ ક્રમિક મુક્તિની સતત ચાલ્યા કરતી પ્રક્રિયા છે. વ્યવહાર વડે સિદ્ધાન્તમાં ફેરફાર થાય છે ને સિદ્ધાન્તથી વ્યવહાર નિયમિત થતો રહે છે. એમાં સાચું અને ખોટું, સારું અને ખરાબ ભળેલાં રહે છે.

આ પ્રક્રિયામાં આકસ્મિકતાને કારણે આવતી અનિશ્ચિતતા રહી હોવા છતાં એમાં નર્યું આત્મલક્ષી તરંગીપણું જ હોય છે એવું નથી. એમાં વિચારની અને અભિવ્યક્તિની સ્વતન્ત્રતા હોય એ એની પૂર્વશરત છે. એટલે કે એમાં સહિષ્ણુતા રહી હોવી જોઈએ. પણ આ સહિષ્ણુતા વિવેકપૂર્વક આચરવી જોઈએ. એ સહિષ્ણુતાને નામે જૂઠા શબ્દો અને ખોટાં આચરણોને આપણે સહી નહીં લઈએ. કારણ કે એ જ સ્વતન્ત્રતાની શક્યતાને નકારી કાઢતાં હોય છે. નિરુપદ્રવી ચર્ચાસભાઓમાં કદાચ આવી અવિવેકી સહિષ્ણુતા નભી જાય, વાતચીતમાંય નભી જાય. વિદ્વાનોના વિતણ્ડામાંય કદાચ ચલાવી લેવાય. પણ જ્યાં સ્વતન્ત્રતા અને સુખ જ જોખમાતાં હોય ત્યાં આવો અવિવેક સમાજને પરવડે નહીં. એવી પરિસ્થિતિમાં અમુક વસ્તુ નહિ જ કહેવાય, અમુક વિચારો નહિ જ પ્રકટ થઈ શકે, અમુક જાતની રીતિનીતિનું સમર્થન નહિ કરાય, સહિષ્ણુતાને દાસત્વનું સાધન બનાવો તો જ અમુક પ્રકારના વ્યવહારોને સહી લઈ શકાય.

ફ્રેન્ચ કવિ બોદલેરે ‘ડિસ્ટ્રક્ટિવ ટોલરન્સ’ (વિધ્વંસક સહિષ્ણુતા) એવી સંજ્ઞા વાપરી

છે. એવી વિધ્વંસક સહિષ્ણુતા કે ‘કૃપણ તટસ્થતા’નાં ભયસ્થાનોની કળાના ક્ષેત્રમાં નોંધ લેવાઈ છે. કળાકૃતિ ખરીદનારાઓ કળા, અ-કળા, કળાવિરોધી, જુદી જુદી એકબીજાની વિરોધી શૈલીની કૃતિઓ – આ બધું જ વિવેક વગર ખરીદતા હોય છે. આ કારણે કળાનો જે ઉગ્ર પ્રભાવ પડવો જોઈએ તે પડતો નથી. સ્વીકૃત વાસ્તવિકતા સામે કળા જે વિદ્રોહ કરે છે તેની નોંધ લેવાતી નથી. કળા અને સાહિત્યનાં ક્ષેત્રમાં હરકોઈ સંજોગોમાં સેન્સરશીપને સાંસ્કૃતિક પીછેહઠ જ લેખવી જોઈએ. સાચી કળાકૃતિ કદી દમનનો હાથો બની રહે શકે નહિ અને કૃતક કળા તો કળા લેખાતી જ નથી. કળા દમનના દીર્ઘ ઇતિહાસનો સામનો કરીને ઊભા રહેવાનું ખમીર ધરાવે છે.

12-9-80

# વિચારનો નશો

માનવી પોતાના હોવાપણા વિશે વધુ પડતું વિચારતો થાય એ કેટલાકને મતે સારું લક્ષણ નથી. વિચારનો નશો પણ બીજા નશા જેટલો જ ખરાબ છે. એથી જાણે કર્મમાંથી છુટ્ટી મળી જાય છે. પ્રમાદને સાભિપ્રાય ઠરાવવા માટે દાર્શનિક પરિભાષા મળી રહે છે. આપણે પોતાને વિશે તરંગે ચઢીએ એ તો નિરુપદ્રવી લેખાય, પણ આખી માનવતાને નામે એ ઉદ્યમ આરંભીએ! એટલું જ નહીં, એ પછી એ એક વળગણ બની રહે તો એ પરિસ્થિતિ ખતરનાક લેખાવી જોઈએ. પછી તો એ એક વ્યવસાય જ બની રહે. એમ કરવા જતાં કદાચ આપણે આપણી વ્યક્તિગત નિર્બળતાઓનો, ક્ષતિઓનો અને વિલક્ષણતાઓનો જ ગુણાકાર કરતા હોઈએ છીએ.

માનવ અસ્તિત્વની એક વિલક્ષણતા એ છે કે તમે એ વિશે વધુ વિચારવા માંડો કે તરત એ નર્યું નિરર્થક લાગવા માંડે છે. પછી આપણે ચહાનો દસમો કપ ગટગટાવતાં, એવા નિરર્થક અસ્તિત્વને દોસ્તોએવ્સ્કીના પાત્ર ઇવાનની અદાથી સ્વેચ્છાએ ફગાવી દેવાની વાતો કરવા લાગીએ છીએ. વૃક્ષોનું હોવું તે સ્વાભાવિક છે, માનવીનું હોવું એટલું સ્વાભાવિક લાગતું નથી. પ્રકૃતિ વિશેનું ચિન્તન, પ્રકૃતિકાવ્યો, પ્રકૃતિની પ્રશંસા – આ બધું એ અસ્તિત્વની સ્વાભાવિક સ્થિતિમાં થોડા સમય પૂરતા પણ, સરી જવા માટેના પ્રયત્નો હોય છે. મારામાં જ્યારે મારા હોવા વિશેના અનેક વિચારોની ધમાચકડી મચી રહે છે ત્યારે હું રસ્તાની ધારે, વર્ષોથી સ્થાનચ્યુત થયા વિના પડી રહેલા પથ્થરની નિશ્ચેષ્ટતાની ઈર્ષ્યા કરવા લાગું છું. ઘડીભર મારા જ ઘરનું દર્પણ બની રહેવાની મને ઇચ્છા થાય છે. બધું ગ્રહવું, ઝીલવું, પણ કશાનો પોતાના પર ડાઘ ન પડવા દેવો,

નિલિપ્ત રહેવું. કબીરનો આદર્શ એ જ નહોતો? ચુંદડીને એવી ને એવી અકબંધ પાછી વાળવી એ જ આપણો પરમ પુરુષાર્થ!

રૂમાનિયન ચિંતક સિઓરાન કહે છે કે જ્યારે આપણે શૂન્યમાં આત્મસાત્ થઈને રહીએ છીએ ત્યારે જ આપણે સાચું સ્વત્વ પામતા હોઈએ છીએ. બાકીનું બધું તો આપણી સાથેના એના મુકાબલા દરમિયાન આપણને કોઈ ને કોઈ રીતે ઊણા કરતું જ હોય છે. ઈશ્વરની કલ્પનાથી પણ આપણને પૂરો સન્તોષ થયો નથી. જો થયો હોત તો આદમ સ્વર્ગ છોડીને પૃથ્વી પર શા માટે જઈ પડ્યો હોત? એ અણજાણપણે ઈશ્વરની ઈર્ષ્યા કરતો હતો. શેતાને એની આ મનોદશાનું એને ભાન કરાવ્યું. ઉદ્યાનનાં બીજાં વૃક્ષોનાં ફળ ખાવાની એને છૂટ હતી. પણ ઇષ્ટ અને અનિષ્ટની વિવેકબુદ્ધિ જગાડનારા જ્ઞાનના ફળને ખાવાની જ મનાઈ હતી. અનિષ્ટ શું છે એ જાણવાથી જ આપણને અનિષ્ટ આચરવાનું પ્રલોભન થશે એવી ઈશ્વરને ચિન્તા થઈ હશે? પણ આખરે બન્યું શું? ઈશ્વરની વાત્સલ્યભાવે આપેલી ચેતવણી કરતાં શેતાનની ચઢવણી ચઢિયાતી નીકળી! મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં શેતાન ઈશ્વર કરતાં વધુ ચતુર લેખાય. શેતાનનો તો જે આશય હોય તે, પણ માનવીનો ઈશ્વરના સમોવડિયા થવાનો પ્રયત્ન પ્રશંસનીય છે, કારણ કે એ જ્ઞાન દ્વારા એ પોતાને સિદ્ધ કરવા ઇચ્છે છે, વળી એમ કરવાથી એ પોતાને મળેલી ઈશ્વરદત્ત અમરતાનો પણ ભોગ આપે છે. આ ભવાટવીમાંથી છૂટવા માટેનું મરણનું ખોડીબારું આપણો એ પૂર્વજ આપણને ચીંધતો ગયો! આથી જીવનવૃક્ષને છોડીને એણે જ્ઞાનવૃક્ષને જ પસંદ કર્યું. કાફકા કહે છે કે માનવીને જો પહેલાંના એ જ્ઞાનથી અકલુષિત નિષ્કલંક નિર્દોષ અવસ્થા ફરીથી પ્રાપ્ત કરવી હશે તો ફરીથી બીજી વાર જ્ઞાનના ફળને ચાખવું પડશે, આ બીજું પતન જ કદાચ ઊર્ધ્વગામી નીવડશે!

ઈશ્વરની ગણતરી એવી હશે કે અજ્ઞાની માણસની અમરતા નિરુપદ્રવી હોય છે. એથી ભય પામવાનું કશું કારણ હોતું નથી. પણ માનવી અમરતા અને જ્ઞાન બન્ને પામે તો? માનવીમાં વિદ્રોહની વૃત્તિ રહી છે. તે એક પાયાની વૃત્તિ છે. જેનો આદેશપૂર્વક નિષેધ કરવામાં આવે છે. તે આચરવાનો પછી એ પોતાનો અધિકાર સમજે છે. ઈશ્વરને આ નહીં સમજાયું હોય? એણે શા માટે ઇડનના ઉદ્યાનના કેન્દ્રસ્થાને જ્ઞાનવૃક્ષને સ્થાપ્યું? એને જો માનવીના આ વલણની ખબર હોય તો એણે જીવનવૃક્ષનાં ફળ ચાખવાનો જ નિષેધ કર્યો હોત!

આદિમાનવની મહત્તા કદાચ આપણે બરાબર સમજ્યા નથી. હજી પણ

વિસ્મયમિશ્રિત આદરથી આપણે પૂછીએ છીએ. અમરતાને કોરાણે મૂકીને એણે શા માટે જ્ઞાનનું ફળ ચાખવાનું પસંદ કર્યું હશે? અમરતા એને સાવ રેઢિયાળ શા માટે લાગી હશે? અમરતા સ્વર્ગનો કાયદો હતી માટે એણે ફગાવી દીધી હશે? આજે આદમના એ સ્વભાવનો વારસો આપણને મળ્યો છે. જે કાયદાથી ખૂબ જ સહેલાઈથી આપણને મળે છે તેનું જ આપણને કશું મૂલ્ય નથી રહેતું. એથી કર્તૃત્વનો આપણો અહંકાર અતૃપ્ત રહે છે. આપણી ઈશ્વર સાથેની સ્પર્ધા આ કર્તૃત્વ પરત્વે છે. સુખને એકસરખું સહ્યો જવાનું પણ આપણું ગજું નથી. મને તો લાગે છે કે માનવી દુ:ખ કરતાં સુખથી વધુ ગભરાઈ જાય છે. વધુ સુખ જ વૈરાગ્યનું મૂળ છે. સ્વર્ગ છોડવું એ માનવીનો, આ જ કારણે જન્મસિદ્ધ અધિકાર નથી બની રહેતો? સ્વર્ગમાં તો આદિઅન્તની પરિભાષા હોતી જ નથી. સ્વર્ગ તો આકારશૂન્ય જ છે. માનવીની પરમ મહેચ્છા મૂર્ત થવાની અને મૂર્ત કરવાની છે. આથી જ્ઞાનનું ફળ ચાખીને એ સમયનાં પરિમાણની સીમામાં જઈ પડ્યો. પૃથ્વી પર એણે પગ ટેકવ્યો. એને એના અસ્તિત્વના અક્ષાંશરેખાંશ પ્રાપ્ત થયા. સ્વર્ગની નિશ્ચિહ્ન અમરતામાંથી છૂટીને એ આત્મસંજ્ઞા પામ્યો. સ્વર્ગમાં તો લક્ષ્ય નહીં, ધ્યેય નહીં, માટે નિયતિ જેવું કશું નહીં.

એ સમજીએ છીએ ત્યારે કાફકા શા માટે વિનિમયની તૂટી ગયેલી કડીઓ પરત્વે અને લક્ષ્યના લોપ વિશે આક્રોશપૂર્વક બોલે છે તે સમજાય છે. જે શૂન્યાવકાશમાં છે તેને સ્વર્ગ પરથી અવતારીને પૃથ્વી પર એની આગવી મર્યાદાથી, એની આગવી નિયતિથી, ચિહ્નિત કરીને જ એની અધિકૃતતા અર્પી શકાય. કાફકા આવી અધિકૃતતાની શોધમાં છે. એણે પણ એની 'ધ કાસલ' નવલકથામાં કિલ્લારૂપે સ્થાપેલા સ્વર્ગને નકારી કાઢ્યું છે. એક બીજો પ્રશ્ન પણ આપણને હજી પજવે છે. સ્વર્ગમાંથી માનવી અવિકલ પૃથ્વી પર અવતરી શક્યો છે ખરો? ઈશ્વર એટલી ઉદારતા બતાવી શકે? મને લાગે છે કે ઈશ્વરથી છૂટા પડતાંની સાથે એ પોતાના એક અંશથી પણ છૂટો પડ્યો છે. આ વિકલ માનવીનો સાચો સ્વભાવ વ્યાકુળતા જ છે. એ પ્રેમથી વ્યાકુળ થાય છે. ભક્તિથી વ્યાકુળ થાય છે. આથી જ ચિત્તની સમાહિત અવસ્થા કેળવવાનો આદેશ ધર્મ એને આપ્યા કરે છે. ધર્મ ફરી માનવીને ઈશ્વરસદૃશ બનવાનાં પ્રલોભનો આપ્યા કરે છે. જે કામસર્પે ઇડનના ઉદ્યાનમાં કર્યું તે કામ ધર્મ અહીં કરી રહ્યો છે. આથી જ તો ધર્મથી સાવધાન રહેવાનો આપણો ધર્મ્ર બની રહે છે.

આથી માનવપુરુષાર્થે બે માર્ગ લીધા છે. ઈશ્વરસદૃશ થવાનો અને ઈશ્વરને ઉલ્લંઘી

જવાનો. આથી જ તો મેં શરૂઆતમાં કહ્યું કે માનવી માનવ્યની વાત કરે છે ત્યારે એ કૃત્રિમ અને વિલક્ષણ લાગે છે. ઘણી વાર આપણને હજી શંકા જાય છે કે જ્ઞાનના ફળમાં પણ ઈશ્વર કીડો થઈને પેસી નહિ ગયો હોય? ભલે ગીતા નિશ્ચયાત્મિકા બુદ્ધિની વાત કરે, સંશય જ આપણો સ્થાયી ભાવ છે. સંશય અને વિસ્મય વચ્ચેનો ભેદ નહિ પારખવા જેટલા આપણે 'અજ્ઞાની' નથી. વિસ્મય ભક્તિમાં પરિણમે છે કારણ કે એ અદ્ભુત અને અલૌકિકની દિશામાં આગળ વધે છે. સંશય એટલે જ દ્વિધા, માટે જ એની ગતિ કુણ્ઠિત હોય છે. આથી જ એ ભક્તિના વૈકુણ્ઠની બહાર રહે છે.

26-9-80

# વિષાદને સમજવાની ભૂમિકા

માનવસન્દર્ભ વિશેની સમજથી મનનું સમાધાન થાય ખરું? આપણી વિચારણાને જો આપણે, આપણને અનુકૂળ એવા બિન્દુએ, અટકાવી દઈએ તો જ કદાચ સમાધાન થાય. મને તો લાગે છે કે વિશદતા અને વિષાદ અવિનાભાવે સંકળાયેલા છે. કબીરે તો કહી દીધું, ‘સબસે ઊંચી પ્રેમસગાઈ’ પણ માનવનો માનવ સાથેનો સમ્બન્ધ કેટલી તો અટપટી સમસ્યાઓ ઊભી કરે છે? સાર્ત્રે એમની ફિલસૂફીના આકરગ્રંથ ‘બિઈંગ એન્ડ નથિંગનેસ’માં માનવસમ્બન્ધોની ચર્ચા કરતાં ત્રણ મુદ્દાઓ તારવ્યા છે. 1. આપણે ઇતર સાથેના સમ્બન્ધમાં કદી પણ એકબીજાની સ્વતન્ત્રતાનો સ્વીકાર કરી શકવાના નથી, 2. બીજી વ્યક્તિને આપણો કોઈ હેતુ સિદ્ધ કરવા માટે સાધનરૂપ ન ગણવા એ લગભગ અશક્ય છે, 3. ચૈતન્યશીલ માનવીઓ વચ્ચેના સમ્બન્ધનું સારભૂત તત્ત્વ સહઅસ્તિત્વ, સામૂહિકતા કે પરસ્પરાવલમ્બન નથી પણ સંઘર્ષ જ છે.

આમ છતાં અન્યત્ર સાર્ત્ર કહે છે કે આપણે બીજાઓની સ્વતન્ત્રતાનો આદર કરવો જોઈએ. એક સ્થળે એમણે કહ્યું છે, ‘હું બીજાઓની સ્વતન્ત્રતાને મારું લક્ષ્ય બનાવું નહીં ત્યાં સુધી મારી સ્વતન્ત્રતા પણ મારું લક્ષ્ય બની શકે નહીં.’ પરસ્પરાવલમ્બનની વાત અહીં સ્વીકારી લેવામાં નથી આવી? સ્વતન્ત્રતા જ સર્વ મૂલ્યોની આધારભૂમિ છે. શુભ નિષ્ઠાથી કાર્યમાં પ્રવૃત્ત થતા બધા જ લોકોના કાર્યનું આખરી મહત્ત્વ તો એમની સ્વતન્ત્રતાની શોધ જ બની રહે છે. આપણી સ્વતન્ત્રતા બીજાની સ્વતન્ત્રતા પર અને બીજાની સ્વતન્ત્રતા આપણી સ્વતન્ત્રતા પર આધાર રાખે છે.

આમાંથી જ સમસ્ત માનવજાતિને સમર્પિત થઈને કાર્યમાં પ્રવૃત્ત થવાનો અભિગમ સ્ફુટ થાય છે. આથી જ તો હું મારી સાથે બીજાની સ્વતન્ત્રતાને જાળવવા પ્રતિબદ્ધ થાઉં

છું. ગીતામાં કહ્યું છે કે કર્મની ગતિ ગહન છે. આપણા કર્મના પરિણામના છેડા ક્યાં કોને જઈને સ્પર્શશે તેની આપણને ખબર હોતી નથી. પાબ્લો નેરુદાની એક કવિતા વાંચીને એક જુવાને આપઘાત કર્યો એ સાંભળીને એઓ હેબતાઈ જ ગયેલા! સ્ટેફન ઝવાઈગે આ જ મર્મને પ્રકટ કરતી 'વિરાટ' નામની વાર્તા લખેલી છે તે જાણીતી છે. આથી આપણે જ્યારે કશુંક કરવાની પસંદગી કરીએ છીએ ત્યારે તે સમસ્ત માનવસમાજ વતી કરીએ છીએ એ ભૂલવું ન જોઈએ. તો જ એ કાર્ય મૂલ્યમાં પરિણમે છે. મને ઘડવાની પ્રક્રિયા જ માનવસમાજને ઘડતી રહે છે.

વિષાદને સમજવાની કશી ભૂમિકા આમાંથી આપણને મળી રહે છે ખરી? સમસ્ત માનવ સમાજ વતી કાર્યમાં પ્રવૃત્ત થવામાં મોટી જવાબદારી રહેલી છે. આથી જ આપણે ચિન્તાતુર રહીએ છીએ. કેટલાંક એવી ચિન્તાને ભયના માર્યા ઢાંકી દે છે એટલું જ. આપણે કશું કરવાનું નક્કી કરીએ ત્યારે 'જો બીજાઓ પણ એ જ કરે તો શું થાય?' એ પ્રશ્ન આપણને પૂછી લેવો જ જોઈએ. સાર્ત્ર આપણી સ્થિતિને લશ્કરના સેનાપતિની સ્થિતિ સાથે સરખાવી છે. એ જે વ્યૂહ રચે તેના પર કેટલાંયનાં જીવનમરણનો આધાર રહ્યો છે!

માનવસમ્બન્ધ વિશે આ જ સાચું છે એમ માનવાને આપણે લલચાઈ જતા નથી. એકબીજાને પૂરેપૂરા સમજી શકવાની અસમ્ભવિતતાને કારણે જ મૈત્રીમાં કે પ્રેમમાં નવા નવા આવિષ્કારથી થતા વિસ્મયનો આનન્દ પણ નથી રહ્યો હોતો? માતા શિશુની અસહાયતા જાણે છે, એથી જ તો એનું વાત્સલ્ય ઉદ્દીપ્ત નથી થતું? આપણે એકબીજાના પૂરક થવા માટે એકબીજાનો સહકાર નથી ઇચ્છતા? પોતાને બીજા ચાહ્યા કરે એટલું જ માત્ર ઇચ્છનારા સ્વાર્થી હોય છે; સ્નેહ વિના ત્યાગની વૃત્તિ, પોતાનો નિ:શેષ લોપ કરી દેવાની વૃત્તિ પણ સંભવતી નથી.

કેમ્યૂએ કહ્યું છે કે પ્લેગ જેવી મહામારી કે યુદ્ધ જેવો સાર્વત્રિક ભય આપણને જેટલા નિકટ લાવી દે છે તેટલો કદાચ પ્રેમ પણ લાવી દેતો નથી. માનવ માનવને શા માટે ઝંખે છે? આપણી બધાંની નિયતિ એક જ છે, આપણે બધાં એક જ પ્રકારની અર્થહીન અસંગતિની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં છીએ. જેને સાર્ત્ર 'એબ્સોલ્યુટ ઓફ સફરિન્ગ' કહે છે તેવું કશુંક આત્યન્તિક દુ:ખ આપણને સાંકળતું હોય છે. સુખ તો આપણને જુદા પાડે છે. દુ:ખની તીવ્રતાના પ્રકાશમાં જ આપણે સત્ય જોઈ શકીએ એવી આપણી નિયતિ છે.

સમ્બન્ધમાં અનાસક્તિ રાખવી છતાં દિલચોરી કરવી નહીં એવી, અશક્ય જેવી અપેક્ષા આપણી પાસે રાખવામાં આવે છે, જે થઈ ચૂક્યું તેને મનશ્ચક્ષુ સમક્ષ ફરીથી લાવીને જોવું, જે નથી બન્યું તેને કલ્પનાચક્ષુથી જોવું. આ જ માનવીની વિશિષ્ટતા છે અને એમાં જ એની યાતનાનાં મૂળ રહ્યાં છે. વળી આપણને બધાંને જ સહદેવનો વારસો મળ્યો હોય છે. આપણે બધું સમજતા હોઈએ છીએ, પણ એ કહી શકતા નથી. આ સમજનો ભાર વય વધવા સાથે વધતો જાય છે. એને જ તો આપણે વ્યક્તિત્વની ગરિમા કહીને નથી ઓળખાવતા? જીવનમાં જુદે જુદે તબક્કે આપણી સામે અનેક વિકલ્પો આવીને ઊભા રહે છે. શ્રેય અને પ્રેયનો વિવેક આપણે પણ નચિકેતાની જેમ યમની પાસે જઈને જ શીખી શકીએ? પણ યમ પાસે જઈને અહીં પાછા આવવાનો રસ્તો આપણે માટે તો બંધ છે! સાર્ત્રે આ સમ્બન્ધમાં એક પ્રસંગનો ઉલ્લેખ કર્યો હતો તે સંભારવા જેવો છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એક જુવાને એમની સલાહ માગી હતી : એણે જર્મનોના પ્રતિકારમાં જોડાવું કે પછી વૃદ્ધ ને નિરાધાર માતાની સાથે રહેવું? જો માતા સાથે રહે તો જર્મનોએ આણેલી રાજકીય અશ્લીલતાને સ્વીકારી લેવા જેવું નહીં થાય? બેમાંથી એક જ સ્વીકારી શકાય અને ગમે તે સ્વીકારે તો એનાં અસહ્ય એવાં જ પરિણામો આવે. આ પસંદગી કરવામાં જીવનનું કયું બળ એને દોરવણી આપી શકે? ખ્રિસ્તી ધર્મ તો કહેશે કે જે સૌથી વિકટ છે તે પસંદ કરો, બીજા ખાતર જાતનું વિલોપન કરો. તો અહીં વધારે વિકટ શું એનો નિર્ણય કોણ કરી આપે? કોઈ ધર્મ કે નીતિશાસ્ત્ર એનો જવાબ આપતાં નથી. જો પોતે યુદ્ધમાં નહીં જાય તો બીજા માનવીઓ જેઓ યુદ્ધમાં જોડાયા છે તેને એ સાધન તરીકે વાપરી રહ્યા છે એમ નહીં ગણાય? જો પોતે યુદ્ધમાં જાય તો માને પોતાના હેતુની સિદ્ધિ અર્થે સાધનરૂપે વાપરી ન ગણાય? આથી સાર્ત્રનો જવાબ તો આટલો જ હતો : વિકલ્પની પસંદગી કરવાની પૂરેપૂરી સ્વતન્ત્રતા તારી છે, માટે તું જ પસંદગી કરી લે. સામાન્ય નીતિ આમાં તને કશો માર્ગ ચીંધી શકે નહીં!

આગળ કરેલી કોઈ પસંદગી દોરવણી આપનાર સંકેત બની રહે અને એના વડે આ બીજી પસંદગીને કાંઈ નહીં તો પોતાની આગળ, સાચી ઠરાવી શકાય એવું પણ શક્ય નથી. બે પ્રકારના જીવનની આ પરિસ્થિતિ ગણાય, અને કોઈ એક સાથી બે પ્રકારનાં જીવન જીવી શકે નહીં. જે નવી પસંદગી કરો અને નવી જીવનરીતિ અપનાવો તેય ભૂતકાળમાં તમે જે રીતે જીવી ગયા અને એ જીવવાની રીતમાંથી જે મૂલ્ય ઉત્ક્રાન્ત થયાં

તેનાથી શી રીતે મુક્ત રહી શકે? તો કયા અર્થમાં વિકલ્પોમાંથી પસંદગી કરવાની મને સ્વતન્ત્રતા છે?

આ પસંદગી કરતાં પહેલાં જ મા મરી જાય કે યુદ્ધ પૂરું થાય તો એ સુખદ (!) અકસ્માત જ ગણાય. અકસ્માતથી ઉકેલની આશા રાખવી એ તો વાહિયાત જ ગણાય. પરમ્પરાગત નીતિ તો ઉચ્ચાવચતાનાં ધોરણો આપણને આપે છે અને પ્રેય કરતાં શ્રેયને ઊંચે સ્થાપે છે. પ્રેયને છોડતાં જે દુ:ખ થાય તે શ્રેયની પ્રાપ્તિથી ભુંસાઈ જશે એવી ગણતરી ભલે નીતિશાસ્ત્રની હોય, આપણું હૃદય એ સ્વીકારી લેતું નથી. આધ્યાત્મિક સિદ્ધિ માટે મૂલ્ય ચૂકવવું પડે એમ કહીએ ત્યારેય જે પામ્યા તે અને જે મૂલ્ય ચૂકવ્યું તે એ બેની તુલના કરવાનું ધોરણ ક્યાંથી લાવીશું? કદાચ ઈશ્વરના મનની પણ સૌથી મોટી સમસ્યા માનવી જ હશે!

18-8-77

# કોલાકોવ્સ્કીની વિચારસરણી

આપણે ત્યાં ડાબેરી વિચારસરણી ધરાવનારાઓમાં લેસેક કોલાકોવ્સ્કીનું નામ બહુ પરિચિત હોય એમ લાગતું નથી. આ વર્ષે જ એણે જીવનની અધી સદી પૂરી કરી. જન્મસ્થાન તો પોલેન્ડના વોરસો નગરમાં. વીસ વર્ષની વયથી તો ફિલસૂફીનું અધ્યાપન શરૂ કરી દીધું. એ વિષયમાં ડોક્ટરેટની ઉપાધિ 1953માં મેળવી. થોડાં વર્ષો ફ્રાન્સ અને હોલેન્ડમાં ગાળ્યાં. 1966માં એમને કોમ્યુનિસ્ટ પક્ષમાંથી હાંકી કાઢવામાં આવ્યા. 1968માં વોરસો યુનિવર્સિટીમાંથી પણ એમને પદભ્રષ્ટ કર્યા. પછી એઓ કેનેડામાં મેક્ગિલ યુનિવર્સિટીમાં અધ્યાપન કરવા ગયા. આ ઉપરાંત એમણે કેલિફોર્નિયા તથા બર્કલે વિદ્યાપીઠોમાં અધ્યાપન કર્યું. હાલમાં એઓ ઓક્સફર્ડની ઓલ સોલ્સ કોલેજમાં ફેલો છે અને એમનાં કુટુમ્બ સાથે હેડિંગ્ટનમાં રહે છે.

1956માં જુવાન વયે એમણે સ્તાલિન સામેની એમની પેઢીને બળવાન વાચા આપી. 'સમાજવાદ એટલે શું?' અને 'પુરાણકથાઓનો જમાનો ગયો' એવા બે નિબન્ધોમાં એમણે સ્તાલિનની વિચારસરણી અને સરમુખત્યારશાહીનો સબળ વિરોધ કર્યો. વેદાન્તીઓ 'નેતિ નેતિ' કહીને બ્રહ્મનું નકારાત્મક જ વર્ણન કરે છે તેમ એમણે વ્યંગાત્મક રીતે બોતેર નકાર દ્વારા સમાજવાદને વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે. આજના રાજકારણમાં સહુથી વગોવાયેલો શબ્દ 'સમાજવાદ' છે. હવે તો 'સમાજવાદ' અને 'લોકશાહી' સાથે સંભવે કે કેમ એવી શંકા લોકોના મનમાં ઉદ્ભવવા લાગી છે.

તો કોલાકોવ્સ્કી સમાજવાદ વિશે શું કહે છે? 'માર્ક્સિઝ્મ એન્ડ બિયોન્ડ' નામના પુસ્તકમાં એ વિશેનો વિચાર રજૂ કરતાં એઓ કહે છે : 'સમાજવાદ કાંઈ એવું રાજતન્ત્ર નથી જેમાં જેણે કશો અપરાધ નહીં કર્યો હોય એવો માનવી પણ ઘેરે બેઠો બેઠો

પોલીસ ક્યારે આવશે તેની રાહ જોતો હોય. જેમાં નર્સ કરતાં જાસૂસોની સંખ્યા જ વધારે હોય, જેમાં હોસ્પિટલ કરતાં જેલમાં વધારે માનવીઓ હોય, જેમાં વિચારશૂન્યતા કેળવીને જ માનવી સુખી થઈ શકે, જેમાં માનવીને જૂઠું બોલવાની ને ચોર થવાની ફરજ પાડવામાં આવતી હોય, જેમાં સરકારે ફિલસૂફી, પરદેશનીતિ, અર્થતન્ત્ર, સાહિત્ય અને નીતિશાસ્ત્ર પરત્વે નાગરિકો એક સરખો જ અભિપ્રાય ધરાવતા હોય એમ ઇચ્છતી હોય, જેમાં ચિન્તકો અને લેખકો, સેનાપતિ અને પ્રધાનો જે કહેતા હોય તેનું જ પુનરુચ્ચારણ કરતા હોય પણ તે એ લોકો એ બધું પહેલાં કરી જાય તે પછીથી (!) જેમાં આગલે દિવસે આપણે જે કહ્યું હોય તેનું ખંડન આપણે જ બીજે દિવસે કરવું પડતું હોય અને એને પણ આપણે સ્વીકારી લેવાનું હોય.'

કોલાકોવ્સ્કીની દૃષ્ટિએ સાચા સમાજવાદમાં એવો સમાજ હોય જેમાં માનવી વડે થતાં માનવીનાં શોષણ અને દમનને સ્થાન જ નહીં હોય. આવો સમાજ શક્ય છે એવી પ્રતીતિ જ આપણી મોટી સમ્પત્તિ છે. એ સમ્પત્તિને પ્રાપ્ત કરવાનું સહેલું નથી. કોઈકને એમ પણ થાય કે આ પણ આપણી રામરાજ્યની બાલિશ કલ્પના જેવી જ કોઈ કલ્પના તો નથી ને? એ ભ્રાન્તિથી વળી આપણે આપણી જાતને ફોસલાવવા તો નથી નીકળ્યા ને? એ ભ્રાન્તિમાંથી છૂટવાનું શું આપણે માટે વધુ ને વધુ મુશ્કેલ જ બનતું જશે? પણ આ પ્રતીતિ આપણે માટે તો પ્રાણદાયક બળ છે. માનવજાતિને આવી પ્રતીતિ વગર ચાલ્યું નથી. પણ આ પ્રતીતિને જ જો સાચવીને બેસી રહીશું તો એ પ્રતીતિ જ આખરે અન્ધશ્રદ્ધા બની જશે, એમાંથી જ નવાં દેવદેવીઓ જન્મશે ને આપણે વળી માનવીથી દૂર જતા રહીશું.

1956ના ઓકટોબરમાં પોલેન્ડવાસીઓએ સ્તાલિન સામે માથું ઊંચક્યું હતું. એને દાયકો વીતી ગયો. પછી વોરસો યુનિવર્સિટીમાં ઇતિહાસ વિભાગમાં એક સભા રાખવામાં આવી હતી. એમાં અધ્યાપક કોલાકોવ્સ્કીએ વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. એણે આ દાયકા દરમિયાન શું બની ગયું તેનું સરવૈયું કાઢતાં કહેલું કે અભિવ્યક્તિના સ્વાતન્ત્ર્ય પર નિયન્ત્રણ મૂકવામાં આવ્યાં છે. સેન્સરશિપ આકરી થતી જાય છે. માનવવિદ્યા તથા સમાજવિજ્ઞાનના અભ્યાસમાં રાજકારણીઓની દખલગીરી વધતી જાય છે, રાજકારણીઓ અને પ્રજા વચ્ચેનું અન્તર વધતું ગયું છે. કાયદાઓ મનસ્વી રીતે, શાસકના હિતને લક્ષમાં રાખીને ઘડવામાં આવે છે, પ્રજાનું હિત લક્ષમાં લેવામાં આવતું નથી. આ વ્યાખ્યાનને પરિણામે કોલાકોવ્સ્કીને વિદ્યાપીઠમાંથી હાંકી કાઢવામાં

આવ્યા! એમના ગુરુના દૃઢ વલણને કારણે એમને ફરીથી વિદ્યાપીઠમાં સ્થાન આપવું પડ્યું.

શાસકોના દમનની રીત એવી ચતુરાઈભરી હોય છે કે પ્રારમ્ભમાં તો એ દમન છે એવું પ્રજાને લાગતું જ નથી. જે થઈ રહ્યું છે તે પ્રજાના હિતાર્થે જ થઈ રહ્યું છે એવી પ્રબળ ભ્રાન્તિ ઊભી કરવામાં આવે છે. સરકાર દમનનાં પ્રથમ પગલાં તો કંઈક સંકોચપૂર્વક ભીતિથી ભરે છે. જો આ પ્રારમ્ભની અવસ્થામાં જ આપણે પ્રતિકાર નથી કરતા તો દમન કરનારાઓમાં આત્મવિશ્વાસ વધે છે અને એઓ બમણા ઉત્સાહથી દમનના ઉદ્યમમાં મંડી પડે છે. પછીથી તો એ દમનની કશી સીમા નથી રહેતી. એ દમન બધા વિરોધની શક્યતાના મૂળમાં જ કુઠારાઘાત કરે છે. પુસ્તકોનું પ્રકાશન ઘટી જાય છે. લેખકો નિષેધ સામે માથું ઉઠાવી શકતા નથી. વિદ્વત્તાનો ધીમે ધીમે હ્રાસ થતો જાય છે. એના વિકાસ આડે અનેક પ્રકારના અન્તરાયો ઊભા કરવામાં આવે છે. મુક્તપણે ચિન્તન કરીને એને પરિણામે સત્યોનો આવિષ્કાર કરનારના ચિન્તનના સ્વાતન્ત્ર્ય પર નિયન્ત્રણ આવી જાય છે. જ્યાં આવું બને ત્યાં એને સમાજવાદ કહીને ઓળખાવવો એ સમાજવાદની ક્રૂર મશ્કરી કરવા જેવું છે. માર્ક્સવાદ માનવનું કલ્યાણ કરશે એવી ભ્રાન્તિમાંથી મુક્ત થયા પછી કોલોકોવ્સ્કીને સાધનસાધ્યના વિવેકની અગત્ય સમજાઈ. માનવી માનવીનું સાધન નથી, માનવી જ સાધ્ય છે એ કાન્ટનું વાક્ય લાક્ષણિક બુર્ઝવા તરંગ છે એવું નથી, એથી ઘણાં અનિષ્ટો ટાળી શકાય છે એવું એમને લાગ્યું. ભય ફેલાવીને જૂઠાણાની મદદથી જો કોમ્યુનિસ્ટ સમાજ રચાતો હોય તો એ આપણે માટે ઇષ્ટ નથી, કારણ કે ભય અને જૂઠાણું તો અનિષ્ટ છે જ અને અનિષ્ટમાંથી સવાયું અનિષ્ટ જ ઉદ્‌ભવે, ઇષ્ટ નહીં. ગુનાહિત તત્ત્વો દ્વારા સત્તાને ટકાવી રાખવી તે સમાજવાદી પુનઃરચનાના સિદ્ધાંતની વિરુદ્ધની વાત છે. એથી તો સિદ્ધિ કુણ્ઠિત થઈ જાય છે.

ફિલસૂફો અને ચિન્તકોની લાંબી સાધનાને અન્તે જે સત્યોનો આવિષ્કાર થાય છે તેના પ્રાણને હણીને એની વિભાવનાનાં ખોખાંમાં પોતાને અનુકૂળ વિચારસરણી ભરીને એનો ગેરલાભ ઉઠાવવાનું સરમુખત્યારોનું કાવતરું જે પ્રજા જલદીથી પકડી પાડી શકે છે તે જ પ્રજા સરમુખત્યારીનાં અનિષ્ટોમાંથી જલદી છૂટી થઈ શકે છે. એમ નથી બનતું ત્યારે ક્રાન્તિ, પ્રતિક્રાન્તિ, પછી લાંબો ગાળો થાક અને જડતાનો આવી જાય છે. પછી એ વિષચક્રમાંથી આપણે નીકળી શકતા જ નથી. સ્વાતન્ત્ર્ય અને અભિવ્યક્તિસ્વાતન્ત્ર્યની અનિવાર્યતા આપણે સમજવી જોઈએ. પણ આપણી

વિદ્યાપીઠોમાં આને માટેનું વાતાવરણ છે ખરું? આજે વિદ્વાનો અને ચિન્તકો વિદ્યાપીઠો છોડી જતા હોય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. આ એક ખતરનાક પરિસ્થિતિ છે. રાષ્ટ્રનું હિત વિચારનારાએ ચેતી જવું જોઈએ.

8-9-77

# પારદર્શક નિખાલસતા

કાફ્કાએ એની ગદ્યકૃતિઓનો પ્રથમ સંગ્રહ પ્રકાશકને છાપવા માટે મોકલ્યો ત્યારે સાથે એક પત્ર લખ્યો હતો. એમાંની કેટલીક વિગતો નોંધવા જેવી છે. એણે લખ્યું હતું, 'આ સાથે, તમે જોવા માગેલા તે, કેટલાક નાના ગદ્યખણ્ડો મોકલું છું; એક નાનકડું પુસ્તક થાય એટલા એ છે. હું જ્યારે આ હેતુથી એનું સંકલન કરતો હતો ત્યારે મારે બે રીતે પસંદગી કરવી પડતી હતી : એક તો મારી જવાબદારીની ભાવનાને સંતોષે એ રીતે, બીજું તમારાં સુન્દર પુસ્તકોની શ્રેણીમાં મારું પણ પુસ્તક હોય એવી ઉત્સુકતાથી પ્રેરાઈને. આ બાબતમાં દરેક પ્રસંગે હું સ્પષ્ટ અને અસંદિગ્ધ નિર્ણય લઈ શક્યો છું એવું નથી. પણ તમને જો એથી પ્રસન્નતા થાય અને જો તમને આ છાપવા જેવું લાગે તો સ્વાભાવિક રીતે જ મને ખુશી થશે. ગમે એટલી નિપુણતા હોય અને ગમે તેટલી ઉત્તમ સમજ હોય તે છતાં એમાં જે નબળું રહેલું છે તે પહેલી નજરે તરત પકડી શકાય એવું નથી. દરેક સર્જક પોતાનું નબળું પોતાની આગવી રીતે પ્રચ્છન્ન રાખી શકે છે તે જ એ સર્જકની વિશિષ્ટતા નથી બની રહેતી?'

આ પત્રની પારદર્શક નિખાલસતા આપણને સ્પર્શી જાય છે. એમાં પ્રસિદ્ધિ માટેની ઉત્સુકતા, તથા તેથી થતા આનન્દને કાફ્કાએ ઢાંક્યાં નથી. તેમ છતાં, બીજા સહેલાઈથી પારખી નહિ શકે તેવી, પોતાની નિર્બળતાનો એ એકરાર કરી દે છે. પછી જે એ કહે છે તે આપણને વિચાર કરતા કરી મૂકે એવું છે. એમાં પ્રથમ દૃષ્ટિએ વક્રતાપૂર્વક કરેલો કટાક્ષ દેખાશે. પણ એમાં સત્ય પણ રહેલું છે. નિપુણતા નિર્બળતા ઢાંકવા માટે જોઈએ, બાકી સર્જનકર્મમાં તો નિરાડમ્બર સાહજિકતા જ હોય. કૃતિમાં વધુ પડતું ચાકચિક્ય હોય, ચતુરાઈ હોય તો એ કશીક નબળાઈને ઢાંકવા માટે જ હોય. વધારે પડતાં શૈલીનાં

નખરાં કોઈ કરે તો તે કશી નિર્બળતાને ઢાંકવા માટે. આ વાત સાચી લાગે છે. રસકીય દૃષ્ટિએ કશુંક સિદ્ધ કરવા માટે શૈલી યોજવી પડે છે. એવાં કશાં પ્રયોજન વિનાની શૈલી પોતે પોતાના તરફ ધ્યાન ખેંચે છે. જેને કશું આગવું રસકીય પ્રયોજન સિદ્ધ કરવાનું નથી તેને માટે શૈલીપ્રપંચ નિરર્થક છે. ચાતુર્યથી જ મુગ્ધ થઈ જનારાને કાફકા સાચી દિશા ચીંધે છે. સર્જનપ્રવૃત્તિના પ્રારમ્ભમાં જ આ વિવેકભરી સૂઝ હતી તે એક આશ્ચર્યકારક ઘટના છે. આપણે તો પૂર્વગ્રહના પાયા પર વિવેચનની ઇમારત રચીએ છીએ અને એને અપ્રામાણિકતાના ટેકા આપીએ છીએ. આમ છતાં એની પાછળ ઉદાત્ત દૃષ્ટિ રહી હોવાનો આપણે દાવો કરીએ છીએ. પ્રકાશકને કે વાચકોને રિઝવવાની વૃત્તિ રાખવી અને પછી એને જીવનાભિમુખતા અને વાસ્તવપરાયણતાને નામે ઓળખવાનો દમ્ભ કરવો તે ઉચિત નથી. સર્જનકાર્ય શરૂ કર્યા પછી, પ્રસિદ્ધિના ચક્રવાતમાં ફસાયા પછી, સર્જકોના જીવનમાં એવા તબક્કા આવે છે જ્યારે કશું રચી શકાતું નથી. આ ગાળો ભારે કસોટી કરનારો નીવડે છે. પ્રસિદ્ધિની આસક્તિ અને સર્જન કરવાની આસક્તિ હોય તો કંઈક ને કંઈક રચી કાઢવાના ઉધામા ચાલુ રહે છે. આવી, પરાણે રચાતી કૃતિઓની નિર્બળતા પૂરેપૂરી ઢાંકી શકાતી નથી. આથી વિવેચકોનાં મંતવ્યો જીરવી શકાતાં નથી. ફોકનર અને હેમિન્ગ્વેએ આથી જ આપઘાતના પ્રયત્નો કરેલા તે સુવિદિત છે. બીજી બાજુથી વાલેરી જેવાના પણ દાખલા છે. સતત વીસ વર્ષ સુધી એક કૃતિને મઠાર્યા કરવાની એની ધીરજ એક વિરલ ઘટના છે. માલ્કમ લાવરીએ ચારેક નવલકથા લખી છે, એ પૈકીની છેલ્લી તો મરણોત્તર પ્રસિદ્ધ થઈ. એક વાક્યને એ શક્ય તેટલી જુદી જુદી રીતે લખી જોતો. અઢીત્રણ હજાર પાનાંના લખાણમાંથી બસોએક પાનાં ઉદ્ધારીને એને એ આખરી રૂપ આપતો. સર્જન માટેની ઊંડી નિષ્ઠા વિના આ ન બની શકે.

કાફકાની ડાયરીમાં ઘણી વાર આવી નોંધો આવે છે : 'કશું લખી શકાયું નહિ', 'કશું જ નહિ, કશું જ નહિ'. પુસ્તક પ્રસિદ્ધ કરવા સાથે સંકળાયેલી બધી પળોજણ એને ઉદ્વિગ્ન કરી મૂકે છે. જૂનું લખીને રાખી મૂક્યું હોય, પોતે જ જેને પ્રસિદ્ધિને યોગ્ય નહિ ગણ્યું હોય, તેને પછીથી મળેલી પ્રસિદ્ધિને કારણે પ્રકટ કરવાના પ્રલોભનને કેટલાય લેખકો વશ થતા હોય છે તે આપણે ક્યાં નથી જાણતા! કાફકા આવી વૃત્તિને સાચા સર્જન માટે વિઘાતક લેખે છે : આ પ્રકારના ખોટા અભિમાનને એ હાસ્યાસ્પદ લેખે છે. આત્મતુષ્ટિની ગર્તામાં પડ્યા પછી ઘણા એમાંથી કદી બહાર આવી શકતા જ નથી. સર્જકને તો પોતાની જાત સાથે ઝઘડ્યા કરવાનું કૌવત મેળવી લેવું ખૂબ જરૂરી છે.

પુસ્તકના પ્રકાશન પછી વળી બીજા જ ઉધામા શરૂ થઈ જાય છે. અનુકૂળ વિવેચનો મેળવવાની તરકીબો, પુસ્તક વિશે ક્યાંક એકાદ પંક્તિ લખાઈ હોય તો તે જાણવાની ઉત્સુકતા, સામયિકો પર નજર નાખ્યા કરવાની લાચારી, અણગમતા વિવેચનથી થતી નારાજી – આ ગાળો પણ ઝાઝો સુખદ હોઈ શકતો નથી. આ બધા ઉધામામાં સર્જનકાર્ય માટે અનિવાર્ય એવી અવિક્ષુબ્ધતા એ ક્યાંથી પામી શકે? કાફકાએ તો નિશ્ચય કરેલો કે કોઈ સામયિક જોવાં જ નહિ. બૅકેટ પણ પોતાની કૃતિઓનાં વિવેચનથી સાવ અજાણ જ રહેવાનું પસંદ કરે છે. સર્જનકર્મ સાથે ગમ્ભીરતાથી કામ પાડનારને જ આ પરવડે, કારણ કે સર્જન કરતી વખતે એનામાં રહેલો વિવેચક સદા જાગૃત રહે છે.

ઉત્તમ કવિતાની એક પંક્તિ વાંચું છું ત્યારે મારું મન કૃતજ્ઞતાની લાગણીથી ભરાઈ જાય છે. એ પંક્તિ લખવા માટે એના સર્જકે શું શું નહિ વેઠ્યું હોય! પોતાની જાતથી દૂર સરી જવાની નિર્મમતા કેળવનારની રચેલી પંક્તિ આપણામાં કેટલી મમતા જગાડે છે! પણ સર્જકને તો સર્જનની પળે અણીશુદ્ધ રહેવા માટે કેટલું મથવું પડે છે! જગતને જોનારી દૃષ્ટિ પર પોતાનો ઓછાયો નહિ પડે તેની એણે કાળજી રાખવી પડે છે. પણ સર્જનકર્મ પત્યા પછી જ એની સાધના શરૂ થાય છે. પછી એણે માનવસહજ નિર્બળતાઓને વશ થવાનું નથી.

સમયને આપણા પક્ષમાં લેવાની મહત્ત્વાકાંક્ષામાંથી બચવું ઘણું અઘરું છે. કીર્તિ આપણને ઇતિહાસના કોટકિલ્લા પર ધ્વજા ફરકાવી આવવાની બાંહેધરી આપતી હોય છે. પણ દરેક કીર્તિનો સ્વાદ પાછળથી તો તૂરો જ આવતો હોય છે, કારણ કે મોટે ભાગે કીર્તિ થોડી વ્યક્તિઓએ રચેલા ષડયન્ત્રનું જ પરિણામ હોય છે; પછી ભલે આપણે એને ઘણાં રળિયામણાં નામે ઓળખાવીએ. પણ મેં જોયું છે કે તમે નરી નિ:સ્પૃહતા કેળવો તેય સમાજને તો ખૂંચતું હોય છે. એમાં એ આપણા અહંકારને જ રહેલો જુએ છે. આ અહંકારનું મારણ સામાજિક માન્યતા છે એવી સમજથી સમાજ તો ચાલતો હોય છે. ચાર પંક્તિના જોરે કાળસાગરને તરી જવાની હામ ભીડનારા સમાજને તો મૂરખ જ લાગે છે.

સર્જકનું અલગારીપણું એ શાપ પણ છે ને વરદાન પણ છે : શાપ એક વ્યક્તિ તરીકે પોતાને માટે, વરદાન એના સર્જનકર્મ માટે. વ્યક્તિ તરીકે એ માનવીય સમ્બન્ધની ઉષ્માને ઝંખતો હોય છે. ઘણી વાર આ સમ્બન્ધોની માત્રા એને સર્જનકર્મ વૈતથ્યપૂર્ણ છે એવું પણ બતાવતી હોય છે. ચાર માણસ જોડે સાવ નકામી વાત કરવાનો પણ આનન્દ છે. એ આનન્દ તે માનવ્યને અનુભવવાનો આનન્દ છે. જિંદગી કેવળ માનવ્યને

અનુભવવામાં, એમાંથી પ્રાપ્ત થતી હૂંફને માણવામાં જ વીતી જાય તોય શું ખોટું? રિલ્કેના જીવનમાં આવા બે તબક્કાઓ વારાફરતી આવતા હતા. એક તબક્કામાં એ બહિર્મુખ થઈને વસ્તુજગતની વિગતોમાં ખોવાઈ જવાનો આનન્દ માણે તો બીજા તબક્કામાં આ માનવસમ્બન્ધોથી દૂર સરી જઈને એકાન્તમાં સર્જનકર્મમાં ઓતપ્રોત થઈ જાય. આમ સર્જકના બે ભવ હોય છે. આ બધું જીરવવાની તાકાત નહિ હોય તો સર્જક થવાય જ નહિ, લહિયા થવાય.

આપણે ત્યાં તો સર્જનકર્મ એ એક ગૌણ આનુષંગિક પ્રવૃત્તિ માત્ર છે. ઘણાને મેં એમ કહેતા સાંભળ્યા છે : હવે તો વ્યવસાયમાં એવા પડ્યા છીએ કે બે લીટી લખવાની તો વાત જ જવા દો, બે લીટી વાંચવાનો પણ સમય મળતો નથી! એ સાચું કે આજીવિકા માટેના સંઘર્ષને આપણે વેઠવાનો રહે છે છતાં જો વોલેસ સ્ટિવન્સન બેન્કના કામકાજમાંથી સમય મેળવીને કે વિલિયમ કાર્લોસ વિલિયમ્સ બાળરોગના નિષ્ણાતની ફરજો બજાવતાં સમય મેળવીને ઉત્તમ કાવ્યો લખી શક્યા તો વ્યવસાયનું નામ દઈને એને જ ગાળ ભાંડવાની જરૂર નથી એવું મને લાગે છે.

આપણી સાહિત્યિક પ્રવૃત્તિ પરત્વે મને એક વાતનો અસન્તોષ સદા રહ્યા કર્યો છે. એમાં અનુચિત રીતે સ્વદેશીની ભાવના પ્રવૃત્ત થતી દેખાય છે. આને પરિણામે સાચા પરિપ્રેક્ષ્યમાં આપણી કૃતિઓને મૂકીને આપણે મૂલવી શકતા નથી. સંસ્કૃત કાવ્યસાહિત્યનું પરિશીલન તથા રવીન્દ્રનાથમાં થયેલું એનું પ્રતિફલન આ બેને આધારે પ્રારમ્ભમાં મેં મારી ભાષા ઘડી. પણ ત્યાં જ અટકી રહેવું તો જોખમકારક જ ગણાય. આથી, અપવાદરૂપે, દોસ્તોએવ્સ્કી અને કાફકા જેવાના ગદ્યનો પરિચય થયો. રેમંડ શેન્ડલર જેવા જાસૂસી વાર્તાકારના ગદ્યમાંથી હેમિન્ગ્વેએ પ્રેરણા મેળવેલી. મારી મુખ્ય પ્રવૃત્તિ ગદ્યમાં છે. આથી ગદ્યને કેળવવાને માટે જે કરવું ઘટે તે કરવાની મને હોંશ છે. પણ આપણે ત્યાં તો શુદ્ધિ ને સ્વદેશીને નામે બિનસાહિત્યિક સંકુચિત વલણો પ્રવર્તતાં જોઉં છું. કાફકાનું નામ દેતાં જ હજી ઘણાનાં નાકનાં ટેરવાં ચઢી જતાં જોઉં છું. જે લોકો સ્વેચ્છાએ આવા લેખકોથી વંચિત રહ્યા છે તેમની મને અદેખાઈ નથી આવતી. ઘણા ઓછી મૂડીએ ગાદી સ્થાપીને કણ્ઠી બાંધી આનન્દ લેતા હોય તો તેમની પણ મને ઈર્ષ્યા નથી. મારી ઇચ્છા આપણું સાહિત્ય ગજું કાઢે એ માટેની છે. આપણું મુખ્ય ધ્યાન અત્યારે નવલકથા અને ગીતગઝલો પર છે. એથી લોકોની તાળીના ગડગડાટની વધુ નજીક રહી શકાય એવી એક માન્યતા છે. આપણે તો સર્જનકર્મની નિકટ કશા વ્યવધાન વિના રહેવું

જોઈએ. હું એક સામાજિક તરીકે લોકસમ્પર્કથી વંચિત રહી શકું નહિ. પણ તારતમ્યનો વિવેક મારે જાળવવો જોઈએ. આપણે સાહિત્યથી દૂર ભાગવાનું જ નક્કી કર્યું હોય તો પછી એને ગાળ ભાંડી દૂર રહેવાની અસંસ્કારિતા આપણે દાખવવી નહિ જોઈએ.

1-12-80

# બુદ્ધિનિર્ભરતા

બુદ્ધિનિર્ભર રહીને જીવવામાં કેટકેટલા અન્તરાયો ઊભા થયા છે તેનો ખ્યાલ હવે તો આપણને આવી ગયો હોવો જોઈએ. સમાજ, રાજ્યસંસ્થા, ધર્મ આ બધાની અપેક્ષાઓને વશ વર્તીને જીવવાનું જો સ્વીકારવું પડતું હોય તો સ્વતન્ત્રતાનો કશો અર્થ રહે છે ખરો? છતાં સમાજવ્યવસ્થાનો કોઈ વિકલ્પ આપણી પાસે નથી. રાજ્યતન્ત્રના ઘણા વિકલ્પો અજમાવી જોયા પછી જગતનાં મોટા ભાગનાં રાષ્ટ્રો કોઈ ને કોઈ પ્રકારની આપખુદ સત્તા તરફ ઢળતાં જતાં હોય એવું લાગે છે. મનુષ્ય જે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારે છે તેને વ્યવહારમાં મૂકવા જતાં એ વિકૃત થઈ જાય છે. માનવી જમાને જમાને જે યાતના સહેતો આવ્યો છે તેમાં ધર્મ, રાજ્યસત્તા અને રૂઢિચુસ્ત સમાજે મોટો ભાગ ભજવ્યો છે. આ ત્રણેયને જે સ્વીકૃત ન હોય તેને વ્યક્ત કરતાં માનવીને ઘણું સહેવાનું આવ્યું છે.

ઘણા બુદ્ધિશીલો પણ બુદ્ધિને વર્તમાન સમસ્યાઓ પરત્વે પૂરી માત્રામાં પ્રયોજ્યા વિના જ બુદ્ધિની મર્યાદાઓને જલદી જલદી સ્વીકારી લેતા જણાયા છે. શ્રદ્ધાને નામે વિચારહીન બનવાની છૂટ મળી જતી હોય એવું લાગે છે. એ છતાં જો માનવતાપૂર્ણ અને ન્યાયપૂર્ણ સમાજ રચવો હોય તો બુદ્ધિને નેવે મૂકીને એ રચી શકાશે નહિ તે દેખીતું છે. બુદ્ધિમત્તા એ કોઈ જડ નિશ્ચિત વસ્તુ નથી. આપણું જ્ઞાન જેમ જેમ વધતું જાય તેમ તેમ એનાં પરિમાણો વિસ્તરતાં જાય છે. કોઈ બુદ્ધિશીલ એમ નથી કહેતો કે બુદ્ધિ પૂર્ણતાને પામી ચૂકી છે. આથી જ તો કોઈ આદર્શને આત્યન્તિક ભાવે સ્થાપી શકાતો નથી. રામરાજ્યની કે કલ્યાણરાજ્યની ત્રિકાલાબાધિત એવી કોઈ કલ્પના આપણે કરી શકતા નથી.

આમ છતાં પરિસ્થિતિની સંકુલતાને આપણે લક્ષમાં લેવી ઘટે. અત્યન્ત બુદ્ધિનિષ્ઠ

અને માનવતાભર્યા સમાજમાં કેટલાંક મૂલ્યોને સ્થાપવાને માટે હજી થોડે ઘણે અંશે કોઈ ને કોઈ પ્રકારના દમનનો આશ્રય લેવો પડતો હોય છે. તેમાં ઇચ્છા-અનિચ્છાએ પણ ઘણાંને અન્યાય થવાનો સમ્ભવ રહે છે. મર્યાદાનું ઉગ્ર ભાન અને એમાંથી મુક્ત થવાનો અભિનિવેશ જ કેટલીક વાર બીજી મર્યાદાઓ ઊભી કરી દે છે. કશુંક પણ સિદ્ધ કરવા માટે આપણે કંઈક ને કંઈક મૂલ્ય ચૂકવવાનું રહે છે. ઘણી વાર એને જ કારણે નવી પ્રાપ્તિ નહિવત્ લાગે છે.

વિલિયમ સેન્સમની એક વાર્તા આજના માનવસન્દર્ભની સ્થિતિને બહુ સૂચક રીતે વ્યંજિત કરે છે. કોઈ સરમુખત્યારશાહી દેશમાં વિદ્રોહી મનાતાં કેટલાંક માણસોને સજા કરવામાં આવે છે. દરેકને પાસે પાસે આવેલી નાની ઓરડીઓમાં પૂરી દેવામાં આવે છે. એ ઓરડીઓમાં કાણામાંથી ભીનું કપડું પસાર કરવામાં આવે છે. જો એ નીચોવીને એક્કી સાથે સૂકું કરી નાખે તો બધા છૂટે. પણ બધા એક સાથે તો એ કામ કરતા નથી. કોઈને થાય કે બીજો કરશે. કોઈ પ્રમાદી હોય. આમ દરેકે કરેલી અલગ અલગ મહેનત નિષ્ફળ જાય છે. માનવસમાજની સ્થિતિ પણ એવી જ છે. બધાં જ માનવીઓ પોતાની બધી જ શક્તિ અનિષ્ટ અને અન્યાયને ટાળવામાં ખરચે એવી અપેક્ષા રાખવી એ જ એક વાહિયાત વાત છે. એવું કરવા જઈએ તે પહેલાં અનિષ્ટ શું છે અને અન્યાય શું છે તે વિશે એકવાક્યતા પ્રવર્તતી હોવી જોઈએ. પણ બુદ્ધિના અમુક સ્તરે પહોંચ્યા પછી જ અનિષ્ટ અને અન્યાય વિશેની સૂક્ષ્મ સમજ કેળવી શકાય. દેખીતી રીતે જ આ બધાં કરી શકે નહિ. એને પરિણામે એક પ્રકારની બર્બરતા જ વ્યાપી જાય અને અત્યાર સુધીમાં માનવીએ જે વિજ્ઞાનના ક્ષેત્રમાં કે કળાના ક્ષેત્રમાં સિદ્ધ કર્યું હોય તેનો પણ ખાતમો બોલી જાય. જે તત્કાલીન પ્રયોજનને અનુકૂળ ન લાગે તે બધાંને નષ્ટ કરવાનું વલણ જોર પકડે. આથી કશુંક સારું અને ઇષ્ટ ગણાતું હોય તેને સિદ્ધ કરવા માટે માનવીએ કેટલી યાતના સ્વેચ્છાએ સહી લેવી જોઈએ એ પ્રશ્નનો ઉત્તર આપવાનું શક્ય નથી. આપણે માત્ર એટલું જ કહી શકીએ કે કશુંક પણ સિદ્ધ કરતી વેળાએ બીજા માનવીને જે સહન કરવાનું આવે તેની ઉપેક્ષા ન થાય તેટલી માનવતા આપણે જાળવી રાખવી જોઈએ. યાતના કોને કહેવાય એ વિશેની એકવાક્યતા કેળવવા પૂરતો તો માનવજાતિને એનો અનુભવ થઈ ચૂક્યો છે. એ યાતના દૂર થવી જ જોઈએ એવી સમજ કેળવવામાં હવે કશી મુશ્કેલી નહિ હોવી જોઈએ. હવે આપણે એવો વિકાસ સાધ્યો છે કે જો ધારીએ તો નવી યાતના ઊભી કર્યા વિના આપણે વધુ માત્રામાં આ યાતનાને ટાળવાનું આયોજન

કરી શકીએ. એમ કરવા જતાં મૂલ્યોનો ભોગ આપવો ન પડે એની પણ કાળજી રાખી શકાય. ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચેનો વિવેક, એ બે વચ્ચેનો સમ્બન્ધ, અનિષ્ટની ઇષ્ટ પરત્વેની ઉપકારકતા – આ બધાં વિશે ઊહાપોહ સતત ચાલ્યા જ કરશે એ તો દેખીતું છે. આ વિશે વિચારતાં સૌથી પહેલો જે પ્રશ્ન આપણને થાય છે તે આ : સત્યની સિદ્ધિ અને માનવયાતનાનું નિવારણ – એ બે વચ્ચે પરસ્પર વિરોધ હોઈ શકે? મોટા ભાગના વિદ્વાનો અને વિજ્ઞાનીઓની વિચારણા આ પ્રશ્ન પરત્વે ઉદાસીનતા સેવતી હોય એવું લાગે છે. કેટલાંક એમ પણ માનતા હોય છે કે લાંબે ગાળે આ વિરોધ આપોઆપ ટળી જશે. આ વિદ્વાનો અને વિજ્ઞાનીઓ પોતે પોતાનાં નાનાં ક્ષેત્રોમાં નિષ્ણાત બનવાને માટે શક્તિ ખરચી છૂટતા હોય છે. આથી માનવસન્દર્ભનો સાચો પરિપ્રેક્ષ્ય એમની દૃષ્ટિ સમક્ષ હોય છે જ એવું કહી શકાય નહિ. સત્યની સિદ્ધિના પ્રયત્નો જેમ વધુ ઉત્કટ બની રહેશે તેમ માનવયાતના ક્રમશ: ઓછી થતી જશે એવી એમને શ્રદ્ધા હોય છે. આ શ્રદ્ધા પરત્વે એમની કેળવાયેલી બુદ્ધિ એમને શંકાશીલ બનાવતી નથી એ અચરજની વાત છે! ધારો કે કોઈ વિજ્ઞાની એવી શોધ કરવાની અણી પર છે, જેને કારણે ભવિષ્યમાં મોટે ભાગે માનવીઓનું નિકન્દન નીકળી શકે, તો આ પરિણામ નિશ્ચિતપણે આપણે જાણતા હોઈએ ત્યારે એની શોધને, બળજબરીથી પણ અટકાવી દેવાની આપણી ફરજ નથી બની રહેતી? અહીં બે મૂલ્યો વચ્ચે ન ટાળી શકાય એવા સંઘર્ષની પરિસ્થિતિ ઊભી થાય છે એવું આપણને નહિ લાગે? મેક્સ વેબરને આવું નહોતું લાગ્યું? મૂલ્યોને ચઢતી ઊતરતી શ્રેણીમાં ગોઠવવાની ટેવને કારણે ઘણી વાર આપણને આવા સંઘર્ષનો ખ્યાલ આવતો નથી.

સાધનસાધ્યનો વિવેક કરવામાં પણ આવી જ મુશ્કેલી ઊભી થતી હોય છે. ઘણી વાર એવું બને છે કે કશુંક સિદ્ધ કરવામાં આપણને જે સાધનો ઉપલબ્ધ હોય છે તે જ જે સિદ્ધ કરવાનું છે તે પરત્વે આપણને હતોત્સાહ કરી નાખે છે. પેલા વિજ્ઞાનીની બાબતમાં આપણે એમ કહીશું કે જો માનવીનું જ નિકન્દન નીકળી જતું હોય તો પછી સત્યની શોધનો પણ કશો અર્થ રહેતો નથી. માનવી જ નહિ હોય તો વૈજ્ઞાનિક કે બૌદ્ધિક પુરુષાર્થ કરશે કોણ? એક મૂલ્યને સિદ્ધ કરવું તે બીજા મૂલ્યની પ્રાપ્તિ માટે અનિવાર્ય ઠરતું હોય ત્યાં મૂલ્યો વચ્ચે સંઘર્ષ ઊભો થયો છે એમ કહી શકાશે નહિ. અનિવાર્ય છતાં પોતાના હેતુને જ વ્યર્થ કરી મૂકતી એવી આપણી કેટલીક પ્રવૃત્તિઓ હોય છે જ. ઘણી વાર દમનની સામે માથું ઊંચકવામાં આપણે જુદા જ પ્રકારના દમનનો આશ્રય લેતા હોઈએ

છીએ. વિદ્રોહના પ્રચણ્ડ ફુત્કારમાં ત્યારે આપણને એનો ખ્યાલ આવતો નથી. બધી જ ક્રાન્તિઓ અનેક નિર્દોષના લોહીથી ખરડાયેલી હોય છે. આવા કેટલાક પાયાના વિરોધ હજીય આપણને મૂંઝવી રહ્યા છે. સમાજ જેને ઇષ્ટ ગણતો હોય એવી માન્યતાઓ અને સત્ય વચ્ચેનો વિરોધ તો સદા કાળથી ચાલતો આવ્યો છે. એક જમાનામાં પતિ પાછળ સતી થવાથી નારીનું ગૌરવ વધે એવું લેખાતું હતું. પછી એ આત્મહત્યા કે બળજબરીથી કરવામાં આવતી હત્યારૂપ લેખાવા લાગ્યું. વળી હમણાં જ દિલ્હીમાં સતી થવાના ગૌરવને ઇચ્છતી નારીઓનું સરઘસ નીકળ્યું. સામાજિક માન્યતા અને સત્ય વચ્ચેના વિરોધો કેટલીક વાર ટાળી શકાય એવા હોય છે, પણ કેટલીક વાર એ ટાળી શકાતા નથી તે પણ એટલું જ સાચું છે. સત્યપરાયણતા સામાજિક હેતુ કે રાજકીય હેતુને સિદ્ધ કરવામાં કાર્યકર નીવડશે એવું હંમેશાં કહી શકાશે નહિ. અત્યન્ત ભયપ્રદ કે અરુચિકર એવી હકીકતોને પણ બુદ્ધિપૂર્વક બરાબર સમજી લેવી એ હંમેશાં ડહાપણભર્યું છે એટલું તો જરૂર કહી શકાશે. એથી કદાચ એનાં અનિષ્ટ પરિણામોને ઘટાડવાનું તો સમ્ભવિત બની શકે. વળી અનિષ્ટનું જ્ઞાન સાવ એળે જતું નથી એટલું આશ્વાસન આપણે લઈ શકીએ.

આપણે સમગ્ર સત્યને તો કદી જાણી લઈ શકવાના નથી. આથી જો એવો કશો પ્રયત્ન કરવા જઈએ તો માત્ર મૂંઝવણ જ વધારી બેસીએ. આથી આપણા પ્રયોજનને માટે પ્રસ્તુત અને ઉપકારક નીવડે એટલા જ સત્યને જાણવા મથવું જોઈએ. જેનાથી માનવયાતના દૂર થઈ શકે તે જ સત્યને જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ પણ એ સત્યની જાણકારી હંમેશાં માનવયાતના ઓછી કરશે એવું ખાતરીપૂર્વક તો કદી કહી શકાશે નહિ. સીમિત રાજકીય કે સામાજિક પ્રયોજનને વશ થઈને સત્યને કુણ્ઠિત કરવાથી તો રૂંધામણ ઊભી થશે. વળી આ ઉપરાંતનાં બીજાં પણ ક્ષેત્રો છે. આથી બુદ્ધિનિર્ભર હોવાનો દાવો કરતા કોઈ પણ સમાજે એક સાથે અનેક ધોરણોને ધ્યાનમાં રાખીને વર્તવાનું રહે છે. એટલું જ નહિ, આ બધાં ધોરણોની સદા કસોટી કરતા રહેવું પડે છે.

સત્યને જાણ્યા પહેલાં એનાં સામાજિક પરિણામો શાં હોઈ શકે તેની કલ્પના કરી શકાય નહિ. જ્યાં સત્ય વિશે થોડીક પૂરતી જાણકારી હોય ત્યાં પણ લાંબા સમયને માટે પરિણામો વિશે નિશ્ચિતપણે કશું કહી શકાશે નહિ. એ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વધારે જાણકારી મેળવવાની રહેશે. આથી સત્યની શોધ માટે પૂરતા પ્રમાણમાં સ્વતન્ત્રતા રાખવી જરૂરી બની રહે છે. આથી બુદ્ધિશીલો જ્યારે સત્યશોધની પ્રવૃત્તિ

પરત્વે સ્વતન્ત્રતાની હિમાયત કરે છે ત્યારે સમાજનો એક વર્ગ એને પોતાને વિશિષ્ટ માનતા અમુક વર્ગની પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા માટેની એ પ્રવૃત્તિ છે એમ કહીને અવગણી કાઢે છે તે યોગ્ય ઠરતું નથી. વાસ્તવમાં આવી કશી સ્વતન્ત્રતા હોય તો પણ એટલાથી જ યાતનાભરી અને સંકુલ માનવજીવનની સમસ્યાઓનું નિરાકરણ થઈ શકતું નથી.

22-12-80

# માનવની એક બીજી છબિ

નાદેઝદા મેન્ડેલસ્ટેમના અવસાનના સમાચાર વાંચ્યા ને ઘણાં બધાં સ્મરણો જાગી ઊઠ્યાં. હિટલરના હત્યાકાણ્ડથીય વધુ આસુરી દુષ્ટતાભર્યો હત્યાકાણ્ડ હજી રશિયા અને બીજા દેશોમાં ચાલી રહ્યો છે. આજકાલ ભદ્ર સમાજનો અને સાહિત્યકારોનો એક વર્ગ ઊભો થયો છે જે આવી બધી યાતનાની વાતો સાંભળીને ભ્રમર ચઢાવે છે. એની સાથે આપણો સમ્બન્ધ જોડવાની એમને કશી જરૂર લાગતી નથી. એથી જાણે હતાશાના રોમેન્ટિક ઉદ્રેકને આક્રોશપૂર્વક ઘૂંટવાનું પાપ આપણે કરી રહ્યા હોઈએ એવું એમને લાગે છે. આપણી સંસ્કૃતિએ પણ મહા યુદ્ધો અને ઘોર હત્યાકાણ્ડો નથી જોયા એવું નથી, પણ આપણે તિતિક્ષા કેળવી છે તેથી આપણે એને જીરવી જાણીએ છીએ એવું એમનું કહેવું છે. સામ્યવાદી દેશોમાં કે નાઝીઓના હાથે થયેલા અત્યાચારની ફિલ્મો જોઈને પણ આ સ્થિતપ્રજ્ઞ જીવ ઉદ્ગાર કાઢતા હોય છે : ‘એક ને એક જોઈને કંટાળ્યા. આ લોકો તો પોતાની યાતનાને વટાવી ખાતા હોય એવું લાગે છે.’

આવું જ્યારે હું સાંભળું છું ત્યારે આપણી સહાનુભૂતિના છેડા કેટલા ટૂંકા છે તેનું મને ભાન થાય છે. વિદગ્ધતાનું એક લક્ષણ એ ગણાવા લાગ્યું છે કે આવીતેવી વાતો પરત્વે ગૌરવભરી ઉદાસીનતા કેળવવી. પણ ઇતિહાસની તેજ રફતારને આપણે સમજવી જોઈએ. કાલે જે બીજે બન્યું તે આજે અહીં પણ બને એ જો આપણે ન સમજીએ તો આપણી નાદાનીને કોઈ માફ નહિ કરે. વળી હિંસા પણ મહામારી જેવી ચેપી છે. એની જેમ તરત જ બધે વ્યાપી જાય છે. ઘણા સ્વતન્ત્ર થયેલા દેશોમાં લોકશાહીના પાયા ડગમગવા લાગ્યા છે. આ વાસ્તવિકતાને આપણે ઓળખી લેવી જોઈએ. કદાચ આ પ્રકારના સાહિત્યકારો અને વિચારકો ‘નાઇન્ટીન એઇટી-ફોર’ લખનાર જ્યોર્જ

ઓર્વેલને તો માફ નહિ જ કરી શકે. એણે તો ભવિષ્યની વિભીષિકાનું સમર્થ આલેખન કર્યું છે. આપણી પાસે રામરાજ્ય અને સમાજવાદ એ બે જ વિકલ્પો છે એવો ખતરનાક આશાવાદ આપણે કેળવી રહ્યા છીએ.

જાગતિક સન્દર્ભને જોવો, હતાશ થવાનાં કારણો સમજવાં અને એને દૂર કરવાને પુરુષાર્થ કરવો એ એક વાત છે ને 'આવું કશું નાહકનું આપણે ત્યાં ખેંચી લાવવાની જરૂર નથી' એમ કહીને આ બધું બનતું જ નથી કે બનવાનું જ નથી એવું વલણ કેળવી આપણે સુરક્ષિત છીએ એમ કલ્પવું તે બીજી વાત છે. નિરાશાને ઓળખી લઈને જે આશા તરફ વળવાની શક્તિ કેળવી શક્યો છે તેની સ્થિતિ વધુ સંગીન છે.

નાદેઝદા મેન્ડેલસ્ટેમની ડાયરીના બે ભાગ આપણા જમાનાના બે મહત્ત્વના દસ્તાવેજી પુરાવાઓ છે. એવી જ ડાયરી સિન્યાવ્હીસ્કીની છે. સલામતીની ખાતરી સાથે રોમેન્ટિક અભિનિવેશથી ક્રાન્તિનાં ગીત લખવાં સહેલાં છે. આપણી ત્રીસીના કવિઓએ પણ બલિદાનની અને આત્મસમર્પણની કવિતાઓ ઓછી નથી લખી. પણ સોલ બેલોએ કહ્યું છે તે સાચું છે : 'આજે જગતના સૌથી મગદૂરીવાળા સર્જકો મેન્ડેલસ્ટેમ અને સિન્યાવ્હીસ્કી દમ્પતી છે.' રશિયામાં સર્જકોને, વિચારભેદ ધરાવનારાને, સમર્થ પ્રતિભાશાળી વિજ્ઞાનીઓ અને ઇજનેરોને શ્રમછાવણીમાં ધકેલી દેવામાં આવે છે. સાયબિરિયાના ઠંડા પ્રદેશમાં કાતિલ ઠંડી, ભૂખમરો અને ભયંકર થાક અનુભવતાં છતાં એમનું ખમીર ઝંખવાયું નથી. સમાજની કે શાસકોની જોહુકમીને પોતાના અંતરાત્માની વિરુદ્ધ જઈને શરણે ન થવું તે ખમીરવાળાઓનું જ કામ છે.

સ્ટેન્ઢાલના નાયકો કારાવાસ ભોગવતાં પ્રેમ વિશે વિચારતા હોય છે. અમેરિકી કવિ ઇ.ઇ. કમિંગ્ઝને ફ્રેન્ચ સરકારે કોટડીમાં પૂરી દીધા ત્યારે એ છાવણીમાં એમને તો રસ માણવાનું સ્વર્ગ જ દેખાતું. આમ તો આપણે કવિસંમેલનોમાં અને મુશાયરાઓમાં વાહ-વાહ ઝીલતાં કવિતાઓ લલકારીએ છીએ, પણ બચવાની કશી આશા નહિ રહી હોય, ભૂખમરાથી અવાજ ક્ષીણ થઈ ગયો હોય એવી પરિસ્થિતિમાં પણ સહવાસી કેદીઓ આગળ કવિતાપાઠ કરવો તે જુદી વાત છે. ઓસિપ મેન્ડેલસ્ટેમે આ વાતાવરણમાં પોતાની કવિતા ગાઈ સંભળાવી. મરીના ત્યસ્વેતાયેવાએ આવા વાતાવરણમાં કવિતાઓ રચી. સિન્યાવ્હીસ્કીએ લખેલી કારાવાસની નોંધપોથીમાં મુખ્યત્વે કળાના આનન્દની ચર્ચા છે. આવા વાતાવરણમાં પણ કવિતાને જીવતી રાખવી એ જ ખરા રાજકારણનો મર્મ છે એમ કદાચ પાછળથી સમજાશે. માનવની લાગણીઓ અને અનુભૂતિઓ

માનવીનો ચહેરો પોતાનું સાચું સ્વત્વ ત્યારે પામે છે, ત્યારે જ એને અગ્રભૂમિમાં એનું સાચું સ્થાન પ્રાપ્ત થાય છે.

સિન્યાવ્હીસ્કીએ એમની આ નોંધપોથીમાં લખ્યું છે : 'હું અહીં માનવીને જોતો નથી. માનવીની રૂપરેખાઓ આજુબાજુના વિશાળ વિસ્તારોમાં, ખેતરોમાં લુપ્ત થઈ જાય છે. જ્યાં શાશ્વતીની રેખાને માનવી સ્પર્શે છે ત્યાં એની માનવી તરીકેની સીમારેખા ભુંસાઈ જાય છે. ત્યાં માનવી પોતાની જીવનકથાને ઉલ્લંઘી જાય છે. દરેક માનવી આમ પોતાની જીવનકથાની સીમામાંથી છટકી જતો હોય છે. તમારી અંગત ખાસિયતોના ટેકાને આધારે તમારું વજન ટકાવવા જશો તો કેડસમાણાં ખૂંપી જશો. આ વ્યક્તિતા તો એક ખાડો છે. એ તમારી ટેવ, કામ કરવાની રીત, માનસિક વિલક્ષણતાઓથી ઢંકાયેલી છે. હું મારી સામે આવી રહેલા અજાણ્યા માનવી તરફ જેવો એક ડગલું ભરું છું કે તરત મારો પગ એ ખાડામાં પડે છે.'

સિન્યાવ્હીસ્કી આ કારાવાસના વાતાવરણ વચ્ચે જીવન વિશે જે નોંધે છે તે મહત્ત્વનું છે : 'આપણે આ જગતમાં અમુક વસ્તુઓને સમજવાને આવ્યા છીએ. આ વસ્તુઓ ઝાઝી નથી. કદાચ જૂજ જ છે, છતાં તે અત્યન્ત મહત્ત્વની છે. કળા એ એક મિલનસ્થાન છે. એમાં સર્જક અને એના પ્રેમનું પાત્ર ભેગાં થાય છે. એમાં જડ અને ચેતન ભળી જાય છે. એમાં સત્ય અને કપોલકલ્પિતનો યોગ થાય છે. પેન્સિલથી દોરેલી એક રેખા, કોઈની કાયાના વળાંક – આ બન્ને ભળી જાય છે. એક શબ્દ બીજા શબ્દમાં એકરૂપ થઈ જાય છે. આ મળવું તે ભારે વિરલ વસ્તુ છે. એ સાવ અણધાર્યું જ હોય છે. 'શું આ તું છે?' 'આ તમે?' આવા સવિસ્મય પ્રશ્ન પૂછીને બન્ને એકબીજાંને ઓળખી લઈને ઉન્માદને વશ થાય છે અને બન્નેના હાથ એકબીજાંમાં ગૂંથાઈ જાય છે. આ વિસ્મય અને આનન્દની મુદ્રામાં આપણને કળાની ઝાંખી થાય છે. આવા અપ્રતિમ સર્જકો, ચિન્તકો અને વિદ્રોહીઓએ જે સહ્યું અને સહેવા છતાં જે આનન્દપૂર્વક કહ્યું તેની આપણે અવગણના ન કરી શકીએ. આપણા સમયમાં જે કોઈએ જે કાંઈ સહ્યું છે તેનો આલેખ આપણા હૃદયમાં અંકાઈ જ જવો જોઈએ. 'એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ'નો અહેવાલ અહીં નોંધવા જેવો છે. એમાં કહ્યું છે કે ભૂખ, કઠોર પરિશ્રમ અને બીજી હાડમારી(અપૂરતી દાક્તરી સારવારનો અભાવ)ને કારણે ઘણા કેદીઓ આપઘાતને માર્ગે વળી ગયા. નાસી છૂટવાનો ઢોંગ કરીને ચોકીદારની ગોળીથી વીંધાઈ જવાનું એમણે પસંદ કર્યું. એડવર્ડ ટોપકને આની વિગતો આપી છે :

'મેં કેદીઓને ઘણા બધા ખીલા અને કાંટાળા તાર ગળી જતા જોયા છે. એ લોકોને મેં મર્ક્યુરી થર્મોમિટરને ગળતા પણ જોયા છે. શતરંજનાં પ્યાદાં, સોય, કાચનો ભૂકો, ચમચીઓ, ચપ્પુ અને આવી ઘણીબધી વસ્તુઓ એઓ ગળી જાય છે. ઘણા કેદીઓ તારથી પોતાનું મોઢું અને આંખ સીવી દે છે. આંકડાવાળા ખીલાને દોરી બાંધીને ગળી જાય છે ને દોરીનો છેડો બારણાના આગળા જોડે બાંધી રાખે છે. તેથી જ્યારે જ્યારે બારણું ખૂલે કે બંધ થાય ત્યારે ત્યારે પેલો આંકડાવાળો ખીલો ઉપર આવે ને નીચે જાય. કેદીઓ પગ પરથી મોજાં ઉતારતાં હોય તેમ ચામડી ઊતરડી નાખે છે. પોતાના પેટ કે પગ ઉપરથી માંસના લોચા કાપીને કે રાંધીને ખાય છે.' બસ! જેને આશાવાદી થવું છે તેણે આ બધું પોતાની ચેતનામાં આત્મસાત્ કરવાનું રહેશે. આપણને જો માનવમાં આશા હોય તો માનવની આ છબિ પણ જોવાની રહેશે.

9-1-81

# અશ્રદ્ધા વિશેની શ્રદ્ધા

પ્રખ્યાત નવલકથાકાર ઇ.એમ. ફોર્સ્ટરે કહ્યું, 'મને કશી માન્યતામાં શ્રદ્ધા નથી.' ઘણાને પ્રશ્ન થશે કે આ આજે શક્ય છે ખરું? આપણા દેશના વાતાવરણમાં તો વળી એ અશક્ય જ લાગશે. ધર્મના કેટલા બધા સમ્પ્રદાયો આપણને ઘેરી વળીને રહ્યા છે. એ ઉપરાંત પણ રૂઢિગત ધર્મથી જુદા પડતા એવા કેટલા બધા વાદ છે. એટલે જ તો આપણને કોઈક ને કોઈક વાર આ પ્રશ્ન પૂછવામાં આવતો હોય છે : 'તો પછી તમે શેમાં માનો છો?' એનો જો સાદો જવાબ સચ્ચાઈપૂર્વક આપીએ, 'હું માનવીમાં માનું છું,' તો પ્રશ્ન પૂછનાર તમને આશ્ચર્યવત્ જોઈ રહેશે.

માનવીમાં શ્રદ્ધા રાખવી તે પણ કેટલું અઘરું છે! આપણી આ સદીમાં માનવી જે રીતે આત્મવિનાશ તરફ ધસી રહેલો દેખાય છે તે જોતાં તો એના ભવિષ્યમાં શ્રદ્ધા રાખવી એ બુદ્ધિહીનતાનું લક્ષણ લેખાય. આથી કેટલાક લોકો થોડાંક ભાવવાચક નામનો આશ્રય લે છે. પરમત-સહિષ્ણુતા, સૌજન્ય અને અનુકમ્પા આ જમાનામાં પૂરતાં થઈ પડે તેમ નથી. ધર્મને નામે, સામ્પ્રદાયિક ઝનૂનને કારણે, રંગભેદને નામે થતા અત્યાચારોને કારણે માનવજાતિ અસહ્ય યાતના ભોગવી રહી છે. આજે બુદ્ધિનિર્ભર વૈજ્ઞાનિક અભિગમના કરતાં વધુ વર્ચસ્ ધર્મને નામે પ્રવર્તતી અંધશ્રદ્ધાનું છે. આજે જ પરમતસહિષ્ણુતા, સૌજન્ય અને વ્યાપક સહાનુભૂતિની વિશેષ આવશ્યકતા છે. જો એ ગુણો આપણે કેળવીશું નહિ તો માનવજાતિનું નિકન્દન નીકળી જશે.

આપણી ઉદાત્ત ભાવનાઓ આજે હિંસાની એડી નીચે કચડાઈ ગઈ છે. આ ભાવનાઓને દૃઢ કરવા માટે શ્રદ્ધાની જરૂર રહે છે. પણ શ્રદ્ધાને સ્વીકારવાનું જોખમ ઘણું છે. પછી આપણે કશો વિચાર કરવાનું છોડી દઈએ, નિશ્ચિંત બની જઈએ તો

અન્ધશ્રદ્ધાને વહોરી લઈએ. આથી જ ફોર્સ્ટરની પ્રાર્થના આ છે : પ્રભુ, હું કશામાં માનતો નથી. મારી આ અશ્રદ્ધાને ટકાવી રાખવામાં મને મદદ કરજે.'

આમ છતાં આપણે તો શ્રદ્ધાળુઓથી ઘેરાઈને જીવવાનું છે. આપણે તો ગળથૂથીમાં જ શ્રદ્ધાનું પોષણ મેળવીને ઊછર્યા છીએ. તો પછી આપણે અન્ધશ્રદ્ધામાંથી બચવું શી રીતે? પહેલી શરૂઆત તો આપણા વ્યક્તિગત સમ્બન્ધોથી જ કરવાની રહે છે. અહીં કશુંક એવું છે જે નક્કર છે. આપણી આ ક્રૂરતા અને હિંસાથી ભરેલી દુનિયામાં જ રહેવા છતાં આપણે વ્યક્તિગત સમ્બન્ધોમાં સ્નેહ, આર્દ્રતા, સહિષ્ણુતા કેળવી શકીએ. અલબત્ત, આ 'વ્યક્તિ' જેને કહીએ છીએ તે પણ, આજનું મનોવિજ્ઞાન કહે છે તેમ, શતધાવિચ્છિન્ન થઈ ગઈ છે. અનેક રીતે આપણા જમાનામાં આગવી વ્યક્તિમત્તાનો લોપ થતો રહ્યો છે. આપણામાં, આપણી ગણતરીની બહારનું એવું કશુંક રહ્યું છે જે ગમે ત્યારે ચેતનાની સપાટી પર આવીને આપણી સ્વાભાવિક સમતુલાને જાળવી રાખવાનું અશક્ય બનાવી દે છે. આપણે પોતે વાસ્તવમાં શું છીએ તે વિશે આપણે જ શંકામાં પડી જઈએ છીએ. આપણે આપણી સાથે સમ્બન્ધમાં આવનારને પણ બરાબર ઓળખી શકતા નથી, તો પછી વ્યક્તિગત સમ્બન્ધોના પર આપણે શો આધાર રાખી શકીએ? એને ચારે બાજુના સંક્ષોભ વચ્ચે દૃઢ આધાર માનીને આપણી સલામતીને શી રીતે નિશ્ચિત માની લઈ શકીએ? સમાજમાં મૂલ્યોનો હ્રાસ થતો જતો દેખાય છે, એટલું જ નહિ, મૂલ્યબોધ ઉત્ક્રાન્ત થતો આવે એને માટેની કશી ભૂમિકા રચાતી હોય એવું પણ લાગતું નથી. રાજકારણનાં આન્દોલનો અને પ્રતિઆન્દોલનો ચાલ્યાં જ કરતાં હોય છે. એને કારણે આપણે હંમેશાં દોલાયમાન સ્થિતિમાં રહીએ છીએ.

આમ છતાં વ્યક્તિગત સમ્બન્ધની ભૂમિકા પર જ કશુંક સંગીન સિદ્ધ કરી શકાશે તે વ્યવહારમાં સ્વીકારવાનું જ રહેશે. આપણે કે આપણા સમ્બન્ધમાં આવતી અન્ય વ્યક્તિ કૂટસ્થ કે અવિકારી નથી તે આપણે જાણીએ છીએ; આમ છતાં આપણી વચ્ચે પ્રેમ અને નિષ્ઠા હોઈ શકે છે. જીવવાની પ્રક્રિયામાં કશાક અવિચલ તત્ત્વના આધારની જરૂર તો રહેવાની જ. આથી વ્યક્તિત્વ કે સ્વત્વ જેવા કશાકના આધારને સ્વીકારવાનો રહેશે જ. બુદ્ધિ ભલે મને એમ કહેતી હોય કે અહીં કશું દૃઢ, અવિકારી નથી, તેમ છતાં, વ્યક્તિગત સમ્બન્ધોમાં મારે એવી દૃઢતાનું આરોપણ કરવું પડશે. એવું આરોપણ મારે કશીક શ્રદ્ધાના જોરે જ કરવું પડશે. આથી જ તો વ્યક્તિગત સમ્બન્ધોમાં મને શ્રદ્ધા છે એમ કહેવું પડશે.

આજે ચારે બાજુ પ્રવર્તતી અરાજકતા વચ્ચે જો મારે કશીક વ્યવસ્થા સ્થાપવી હશે તો મારી આજુબાજુના લોકો સાથે મારે મેળ રાખવો પડશે. એમના પર મારે વિશ્વાસ મૂકવો પડશે. આ વિશ્વાસનો ભંગ નહિ થાય એવું નથી. પણ એથી જ તો મારે કોઈના વિશ્વાસનો ભંગ થાય એવી રીતે નહિ વર્તવું એવો દૃઢ નિર્ધાર કરવાનો રહેશે. પણ આ વિશ્વાસપાત્રતા બે વ્યક્તિ વચ્ચેના કરારથી સિદ્ધ થઈ શકતી નથી. આપણા સામાજિક સમ્બન્ધના અનુભવ અને આપણા વ્યાપારી સમ્બન્ધોના અનુભવ વચ્ચે આ જ તો મહત્ત્વનો ભેદ રહેલો છે. જ્યાં હૃદયનો સમ્બન્ધ છે ત્યાં કશા દસ્તાવેજ ઘડવાના રહેતા નથી. સાહજિક ઉષ્માની લાગણી વ્યક્તિ વ્યક્તિ વચ્ચે નહીં હોય ત્યાં સમ્બન્ધમાં શ્રદ્ધેયતા આવી શકતી નથી. સાહજિક રીતે જ આપણામાં આ ઉષ્મા હોય છે. પણ કેટલાક પ્રતિકૂળ અને દુ:ખદ અનુભવોને કારણે એ ઉષ્મા થીજી જતી હોય છે. આપણે જોઈએ છીએ કે રાજકારણના મુત્સદ્દીઓ કોઈ પર સહેલાઈથી વિશ્વાસ મૂકતા નથી. એમ સહેલાઈથી વિશ્વાસ મૂકી દેવો એ એમની દૃષ્ટિએ તો નરી બાઘાઈ જ લેખાય. તેમ છતાં એમને આવો વિશ્વાસ રાખવો તો પડે જ છે. એમ કર્યા વિના એમનું કાર્ય આગળ ધપી શકતું નથી. ચારે બાજુના અવિશ્વસનીયતાના અન્ધકારમાં આપણે આપણી વિશ્વસનીયતાનો લઘુક દીપ જરૂર પ્રગટાવી શકીએ. ત્યારે આપણને દેખાશે કે એ અન્ધકારમાં જે અજવાળું છે તે માત્ર આપણા જ દીપનું નથી. વ્યક્તિગત સમ્બન્ધોની આજે અવમાનના થાય છે. કેટલાક એને બુર્ઝવા ભોગવિલાસ કહીને પણ ભાંડે છે. અનુકૂળ આબોહવા દરમ્યાનનું એ ઐશ્વર્ય છે. પ્રતિકૂળ હવામાનમાં એને નભાવી ન શકાય. એમાં રાચવાને બદલે આપણે કશાક આન્દોલનમાં સક્રિય બનીએ કે કશાક વ્યાપક હેતુ માટે જીવનને સમર્પિત કરીએ એવી આશા રાખવામાં આવે છે. કોઈ હેતુ માટે જીવનને સમર્પિત કરી દેવાની વાત આમ તો ખૂબ ભવ્ય લાગે છે. પણ ઘણી વાર એ હેતુ પાછળથી બોદો પુરવાર થાય છે. દેશદ્રોહ સારો, મિત્રદ્રોહ નહીં એવું ફોર્સ્ટર અસંદિગ્ધપણે કહે છે. આજે કોઈ આ વાત નહિ સ્વીકારે. મને દેશદ્રોહી ગણીને, દેશભક્તિની લાગણીથી પ્રેરાઈને પોલીસ અધિકારીને એની જાણ પણ કરી દે. ઇટાલિયન કવિ દાન્તેએ ‘ધ ડિવાઇન કોમેડી’માં જે નરકની કલ્પના કરી છે તેમાં સૌથી કપરા નરકમાં મિત્રદ્રોહીને મૂક્યા છે. બ્રુટસ અને કેસિયસે જુલિયસ સીઝરનો દ્રોહ કરેલો માટે એ બન્ને આવા નરકમાં છે. આપણે ત્યાં તો સદ્ભાગ્યે એવી પરિસ્થિતિ અત્યારે તો પ્રવર્તતી નથી જેને કારણે આવા વિકલ્પોમાંથી એકની પસંદગી કરવાની આવે.

આપણે કોઈ પણ સિદ્ધાંત સ્વીકારીએ તો એને નિષ્ઠાથી વળગી રહેવા માટે આકરો ભોગ આપવાનો રહે છે. એને કારણે નિકટવર્તી આત્મીયોમાં પણ આપણે માટે અસન્તોષ અને ઊંડી ગેરસમજની લાગણી પ્રવર્તે એવો પૂરો સંભવ રહે છે. આ ભય, આ કઠોરતા અને કદાચ એને પરિણામે આવી પડતી સ્નેહીઓ વચ્ચેની એકલતાને પણ આપણે સ્વીકારી લેવાની રહે. ત્યાં જ આપણી પૂરેપૂરી કસોટી થતી હોય છે. પ્રેમ અને નિષ્ઠાની, એક વ્યક્તિને માટેની આપણી લાગણી રાજ્ય માટેની વફાદારીની વિરુદ્ધમાં જતી હોય તો પણ આપણે વ્યક્તિગત સમ્બન્ધને જ મહત્ત્વ આપવું જોઈએ એમ કહેવું સહેલું છે. પણ જ્યારે આપણા જીવનમાં એવી વાસ્તવિક પરિસ્થિતિ ઊભી થાય ત્યારે આપણે એ જ રીતે વર્તીશું એવું આપણે નિશ્ચિતપણે કહી શકતા નથી. જો એ રીતે વર્તીએ તો રાજ્ય આપણો ભોગ લે એ હકીકત રશિયામાં જે બન્યું છે તેના પરથી પુરવાર થઈ જ ચૂકી છે.

લોકશાહી તન્ત્ર માટે પણ આપણે આવું કહીશું? હા, એને વિશે અજ્ઞાનવશ આપણે જે ભ્રાન્તિઓ સેવીએ છીએ તેમાંથી પણ મુક્ત થવાનું રહેશે. લોકશાહી એ, બીજી રાજ્યવ્યવસ્થા કરતાં પ્રમાણમાં સારી પદ્ધતિ છે એટલું જ. એમાં લોકોની એકબીજા પ્રત્યેની તિરસ્કારની માત્રા ઓછી હોય છે, એથી જ આપણે એનું સમર્થન કરતા હોઈએ છીએ પણ જો રાજકીય પક્ષો એકબીજા સામે પ્રચાર કરીને ઝેર જ ઓકતા રહે તો લોકશાહીને ઊછરવાની આબોહવા ક્યાંથી રહે?

લોકશાહીમાં વ્યક્તિના મહત્ત્વનો સ્વીકાર છે. વિભિન્ન સ્વભાવની વ્યક્તિઓનો રાષ્ટ્રને ખપ પડતો હોય છે. આથી શેઠ અને ગુમાસ્તા, ખેડૂત અને હળપતિ, અમલદાર અને કારકુન – આવા ભેદો પાડવા ન જોઈએ. પણ કાર્યક્ષમતા સિદ્ધ કરવાને બહાને લોકશાહીના ઓઠા હેઠળ સરમુખત્યારશાહી વ્યવહાર શરૂ થઈ જાય છે. આજે સત્તા ધરાવનાર પ્રધાન કે અધિકારીને આવકારવા લોકો હારતોરા લઈને ઊભા રહે છે તેથી એવી ભ્રાન્તિ નહિ થવી જોઈએ કે આ બધું સાચા આદરથી થતું હોય છે. જે લોકો કશુંક નવું સર્જન કરે છે, કશુંક નવું શોધે છે, માનવજ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારે છે તેઓ જ સાચા માનના અધિકારી રહ્યા છે. પણ આજે સત્તાનો ઉપભોગ એ જ સમાજમાં પ્રતિષ્ઠાનો સંકેત હોય એવું લાગે છે. અમલદારશાહી માનવીય સમ્બન્ધોની, કાર્યદક્ષતાને નામે ઉપેક્ષા કરે છે. અદનો આદમી પણ કશુંક આગવું સર્જતો હોય છે. જેણે એક ફૂલ સરખું નથી ઉછેર્યું, શાતા વળે એવો એક શબ્દ સુધ્ધાં જે નથી બોલ્યો તે સાચા અર્થમાં નાગરિક જ કહેવાય નહિ.

સુરેશ જોષી

12-1-81

# આદિમ સંસ્કૃતિના પ્રદેશમાં

રાતે કોઈક વાર એકાએક નરી નિ:શબ્દતા છવાઈ જાય છે, ત્યારે ચૈત્ર-વૈશાખના રજાના દિવસોની બપોરે સોનગઢની આજુબાજુની ટેકરીઓ પર એકાન્તમાં જઈને બેસતો તે વેળાની નિ:શબ્દતા મારા મનમાં રણકી ઊઠે છે. સોનગઢના કિલ્લાનાં ખંડેરોની ઈંટોનો માટીનાં પકવેલાં વાસણો જેવો સૂકો રંગ, ઉપર ભૂરું આકાશ અને નિ:શબ્દતાના સૂર સાથે તાલ મેળવીને વાતો આછો પવન – આ બધાંનું એવું તો કામણ અનુભવતો કે વૃક્ષો વચ્ચે, ધરતી વચ્ચે, આકાશ નીચે એ બધાંથી નોખો માણસ બનીને બેઠો છું એ વાત ભુલાઈ જતી. પંખીના ટહુકા, વૃક્ષોનો પર્ણમર્મર, ક્યાંક દૂર ભાંભરતી ગાય એ શાન્તિના પોતને જર્જરિત કરતાં નહોતાં. ત્યારે તો જાત સાથે વાત કરવાની વય નહોતી. મન બહાર દોડીને બધે વ્યાપી જતું. એ શાન્તિનાં સરોવર મનમાં સંઘરીને હું મહાનગર મુંબઈ ગયો હતો. હજી આજેય એ સરોવર સુકાયાં નથી.

આમ છતાં પહેલાં જે શક્ય હતું તે આજે દુર્લભ બની ગયું છે. આ પાસેના લીમડાઓને એકાન્તમાં મળવાનું બનતું નથી. આ પાસે જ ચંપાનાં ખીલેલાં ફૂલનો ગુચ્છો નમતા પહોરના તડકામાં શોભી ઊઠ્યો છે. એને નિર્નિમેષ જોવાનું મન થાય છે, પણ વચમાં કેટલા અન્તરાય! સોનગઢની એ ટેકરી પર, ખુલ્લા અવારિત આકાશ નીચે, બેઠાં બેઠાં હવાને દૂરની ટેકરીઓ પર ભૂરી બનીને છવાઈ જતી જોતાં કેવો રોમાંચ થતો! સૂર્યમાં ચળકતું હવાનું પોત મુગ્ધ બનીને જોયા કરતો. આજે ઉત્તરપશ્ચિમમાં નેપ્થાકેકરના ભડકા છે, હવામાં ક્લોરીનની વાસ છે, ક્ષિતિજના છેડા તો દેખાતા જ નથી. દૂરથી કોઈક વાર સોનગઢવ્યારા તરફના આદિવાસીઓને જોઉં છું. હવે તો

એ લોકો પણ શહેરી થઈ ગયા છે. એમની દન્તકથાઓ, એમનાં દેવદેવીઓ, એમનાં વાજંત્રિો, એમના ઉત્સવો, નૃત્યો ને ગીતો – એ બધાંની શી દશા થઈ હશે?

ઓર્લાન્ડો, ક્લોડિયો અને લિયોનાડી ત્રણ ભાઈઓ હતા. બ્રાઝિલમાં અરણ્યઘન પ્રદેશમાં ઊંડે ઊંડે જઈને ત્યાં રહેતી આદિવાસી પ્રજાઓ, ત્યાંની વનસ્પતિ, ત્યાંનાં પશુપંખી – આ બધાંનું સંશોધન કરવા માટે પશ્ચિમ તરફ જવા નીકળેલા સાહસિક સંશોધકોની મંડળીમાં એ ત્રણેય ભાઈઓ હતા. એ મંડળીના બીજા બધા તો પાછા ફર્યા પણ આ ભાઈઓ એ આદિવાસી પ્રજા વચ્ચે જ રહી પડ્યા. ત્યાંનું પ્રાકૃતિક સૌન્દર્ય અને એ આદિવાસીઓની સંસ્કૃતિની સમૃદ્ધિએ એમને આકર્ષ્યા. આ પ્રજાની સંસ્કૃતિને અણીશુદ્ધ રાખવી, જમીનના લોભી વેપારીઓ, હીરાની ખાણ શોધનારાઓ, ચામડાનો વેપાર કરનારાઓ, રબર એકઠું કરનારાઓ – આ બધાથી એ પ્રજાને બચાવી લેવી જોઈએ એવું એ ભાઈઓના મનમાં વસ્યું. આજે એ પ્રજા હેમખેમ રહી છે તે આ ત્રણ ભાઈઓને પ્રતાપ. એમાંનો સૌથી નાનો ભાઈ તો ત્યાં જ મરી ગયો.

આ ઝિન્ગુ જાતિ કુલુએને નદીના પ્રદેશમાં રહે. ત્યાં જંગલમાં રસ્તા નહિ, કેડી પણ નહિ. ઝાડઝાંખરાં કાપીને હાથે રસ્તો બનાવવો પડે. એ પ્રજાને બીજી કહેવાતી સુશિક્ષિત પ્રજાના અસ્તિત્વ વિશે કશી જ જાણ નહિ. આ ભાઈઓ એ લોકો જોડે ભળી ગયા. એ લોકો ખાય તે ખાધું, એમની હસ્તકળા જોઈને એઓ ચકિત થઈ ગયા. એઓ વસ્ત્રો પણ વણે ને માટી પકવીને વાસણ પણ બનાવે. આ ભાઈઓએ એ લોકોમાં જે માંદા હતા તેની દવા કરી, એમને ભેટો આપી ને બદલામાં કશું માગ્યું નહિ. જંગલમાં શાન્તિને વિક્ષુબ્ધ કર્યા વિના કેવી રીતે ચાલવું તે એઓ શીખી ગયા. વરસાદ અને ઠંડીના દિવસોમાં પોતાનું રક્ષણ શી રીતે કરવું તે પણ એઓએ જાણી લીધું. સૌથી વધુ પ્રભાવ એ ત્રણ ભાઈઓ વિશે આ લોકો પર એ પડ્યો કે આ ભાઈઓ માંહેમાંહે કદી લડતા નહોતા. એ લોકોએ આ ભાઈઓની પ્રામાણિકતા જોઈ લીધી. એ પ્રજાના રીતરિવાજ પ્રત્યે પણ એમણે આદર દાખવ્યો. એ લોકોને એમ લાગ્યું કે આ ભાઈઓ પણ બીજી કોઈ જાતિના વડા હશે. કશાક કારણથી એમની જાતિના લોકોને, એમની સ્ત્રીઓને અને એમની જીવનરીતિને છોડીને એઓ અહીં આવીને રહ્યા છે.

મોટો ભાઈ આ પ્રજાની ભાષા ન જાણવા છતાં એમની વાત સમજી લેતો, સૌથી નાનો ભાઈ ગામને ચોરે આદિવાસીઓ વચ્ચે નિરાંતે પગ વાળીને બેસતો કે ઝાડની ડાળી વચ્ચે બાંધેલી ઝોળીમાં સૂઈ રહેતો. વચેટ ભાઈ આ બન્નેથી સાવ જુદો. એ હંમેશાં થેલામાં

પુસ્તકો લઈને ફરે : એ રહસ્યમય કાગળને જોતો આખો દિવસ એકાગ્ર ચિત્તે બેસી રહે તેની આદિવાસીઓને ખૂબ નવાઈ લાગે. બહુ ધીમે અવાજે બોલે. આ આદિવાસીઓએ પણ જે જાતિને દુષ્ટ માનીને બહિષ્કૃત લેખેલી તેમની સાથે પણ આ ભાઈઓ ભળી ગયા.

આવા કપરા સંજોગોમાં આ ભાઈઓ શી રીતે ટકી રહ્યા હશે? વચેટ ભાઈ કલોડિયો તો લાગલગાટ નવ વરસ સુધી એ જંગલ છોડીને ક્યાંય બહાર ગયો નહોતો. જંગલમાંના એમના વસવાટ દરમ્યાન બસો વાર તો મેલેરિયાના હુમલા થયા હશે. આ ઉપરાંત એકલવાયાપણું અને ભૌતિક સુખસગવડનો નર્યો અભાવ! આ ભાઈઓએ બે દાયકા સુધી તો કોઈ પણ ધર્મના પ્રચારકોને આ પ્રજાથી દૂર રાખ્યા, કહેવાતા ક્રાન્તિકારીઓને પણ ટાળ્યા. બબ્બે વાર શાન્તિ માટેનાં નોબેલ પારિતોષિક માટે એમનાં નામ સૂચવવામાં આવ્યાં હતાં. પણ એક આદિવાસી કઠિયારાની વિધવાને એના દુ:ખના કપરા દિવસોમાં અધી કોથળો ચોખા મોકલ્યા હતા તે બદલ આભાર માનતી અક્ષરો ન વંચાય એવી ચબરખી એમને સાચવી રાખેલી. નોબેલ પારિતોષિક કરતાં એમને મન એનું મૂલ્ય ઘણું હતું.

આ ઝિન્ગુ જાતિને કહેવાતા સંસ્કૃત સમાજમાં ભેળવી દેવાના પ્રયત્નને આ ભાઈઓએ રોક્યો. એમણે જે અહેવાલ રજૂ કર્યો તેમાં સ્પષ્ટપણે એમણે કહ્યું, ‘અમારા નમ્ર મત પ્રમાણે આ જાતિની સાચી રક્ષા તે એમને ઘટતું માન આપવું અને એમનાં જીવનમૂલ્યો પ્રમાણે એઓ જીવી શકે એવી બાંહેધરી આપવી. આપણી કહેવાતી ‘સંસ્કારી’ પ્રજા એમને ભવિષ્યમાં આત્મસાત્ કરી શકે એવી પરિસ્થિતિ ઊભી કરે નહિ ત્યાં સુધી એમને એ સમાજમાં ભેળવી દેવાનો પ્રયત્ન એમના વિનાશની યોજનાને અમલમાં મૂકવા બરાબર ગણાશે. આપણે હજી એમને આપણામાં ભેળવી દેવા માટે પૂરા તૈયાર થયા નથી.’

આ આદિવાસીઓમાં પ્રચલિત દન્તકથાઓ, એમના આચારવિચાર અને ધાર્મિક વિધિઓને બરાબર સમજવાં હોય તો એ લોકો માનવી અને પશુ, રાત અને દિવસ, પ્રાકૃતિક અને અતિપ્રાકૃતિક વચ્ચેના સમ્બન્ધોને જે રીતે જુએ છે તેને બરાબર સમજી લેવાનું રહેશે. આપણાં સાંસ્કૃતિક વળગણોને ઘડીભર અળગાં કરીશું તો જ એમના લોકસાહિત્યમાં માનવ વિશેનું જે સત્ય પ્રકટ થાય છે તેને આપણે સમજી શકીશું. વાઉરા નામની આદિવાસી જાતિના એક માણસને જ્યારે એમ કહેવામાં આવ્યું કે હવે તો માણસને ચન્દ્ર પર મોકલ્યો છે ત્યારે એને કશું અચરજ થયું નહોતું. ચન્દ્ર આપણે મન જેટલો દૂર

છે તેટલો એમને મન નથી. આપણાં બાળકો અને ઘણાં મોટેરાંઓ પણ હવે પુરાણકથાઓ કે રામાયણ-મહાભારતની વાતો જાણતા નથી, પણ આદિવાસીઓ તો એમની આ વંશપરમ્પરાગત ચાલી આવતી કથાઓથી પૂરા વાકેફ હોય છે. એ વાર્તા વાંચવાની નથી હોતી, કહી સંભળાવવાની હોય છે અને એથી એ વધારે જીવન્ત બની રહે છે.

આ ઝિન્ગુ જાતિ વિશે સંશોધન કરવા ગયેલા એક વિદ્વાન લખે છે : 'મારા બે વર્ષના સંશોધનકાર્ય પછી બાટોવી નદી પરના વાઉરા લોકોની હું વિદાય લેતો હતો ત્યારે એ જાતિના મુખીનો જમાઈ મારી સાથે આવતો હતો. એને સારણગાઠનું દર્દ હતું. એ જાતિના લોકો ઘણા રોગોની અસરકારક દવા જાણતા હોય છે, પણ શસ્ત્રક્રિયા કરવાનું જાણતા નથી. મારી જાતિના લોકો એ જાણે છે એવું મેં કહેલું તેથી એ મારી સાથે આવવા તૈયાર થયો હતો. બ્રાઝિલિયન એરફોર્સના માલવાહક વિમાનમાં અમે જેમ તેમ કરીને જગ્યા મેળવી. એ વિમાન જ એ પ્રદેશને બહારની દુનિયા સાથે જોડનારી એકમાત્ર કડી હતી. છ છાપરાંના ગામમાં રહેનારો એ આદમી પહેલી વાર એ છોડીને બીજી દુનિયામાં જઈ રહ્યો હતો. જતી વેળાએ મારા મનમાં અવઢવ હતી. મારા સમાજને જોતાં આ માણસના મન પર શી અસર પડશે? એને માટે એ જબરો આઘાત હશે તે તો હું જાણતો હતો, પણ એની જિન્દગી બચાવવી એ પણ એટલું જ જરૂરી હતું. મારી સંસ્કૃતિનાં વૈભવઐશ્વર્યથી એ હેબતાઈ જશે અને એથી એના મનમાં અસન્તોષ જાગશે અને એ પોતાની જાતિથી અળગો થઈ જશે એવો મને મનમાં ભય હતો. આથી હું મારી જાતિ વિશે એને ઝાઝી માહિતી આપતો નહોતો. એ લોકો મને મારી જાતિનો મુખી માનતા હતા. હું અહીં માટીનાં વાસણો કેમ બનાવવાં તે શીખવા આવ્યો હતો એવું તેઓ ધારતા હતા. એની ભાષા હું જ એકલો જાણતો તેથી મારે એની પડખે રહેવું જોઈએ એવું મને લાગતું હતું. સાઓ પાઉલોના વિમાનઘરે અમે ઊતરવામાં હતા ત્યારે એણે મને પૂછ્યું કે આ નીચે દેખાય છે તે ગામમાં કેટલાં ઘર હશે? ગગનચુમ્બી ઇમારતની હાર તરફ મેં આંગળી ચીંધી. મેં એને પહેલાં સાઓ પાઉલોની છબી બતાવી હતી. એ લોકોની લીધેલી છબી પણ બતાવી હતી. માણસો સપાટ ટપકાં ટપકાં જેવા હોઈ શકે તે એના માન્યામાં આવતું નહોતું. આથી ગગનચુમ્બી ઇમારતોનું પરિમાણ એના ધ્યાનમાં આવ્યું નહિ.

સાઓ પાઉલો બ્રાઝિલનું ઝડપથી વિકસી રહેલું અને સૌથી દૂષિત વાતાવરણવાળું શહેર છે. પહેલા થોડા કલાક તો એ કશું બોલ્યો જ નહિ. અમે ટેક્સીમાં અમારે નિવાસસ્થાને જતા હતા ત્યારે મૂંગો મૂંગો કેવળ જોઈ રહ્યો. એ મારો હાથ પકડી

રાખીને બધું એકાગ્ર ચિત્તે જોતો હતો. એનું આત્મગૌરવ જરાય ઝંખવાયું નહોતું. આજુબાજુ બોલાતી ભાષામાંથી પોતાની ભાષાના શબ્દો સાંભળવા એણે કાન સરવા રાખ્યા હતા. ઝાડની ડાળ વચ્ચે બાંધેલી ઝોળીમાં સૂવાને બદલે સપાટ પોચી પથારીમાં સૂવું, ફ્લશવાળા જાજરૂનો ઉપયોગ કરવો, જે કાવો પીતો તેને બદલે ચા પીવી, આ બધું એને માટે નવું હતું, પણ એની કશી પ્રતિક્રિયા જોવામાં આવતી નહોતી. એ મારી જોડે ચર્ચા કરે એની હું ધીરજથી રાહ જોઈ રહ્યો હતો.

એકાદ અઠવાડિયા પછી એણે મને એની સાવ પાસે ખેંચ્યો અને મારી આંખમાં આંખ માંડીને વિષાદભરી દૃષ્ટિએ જોતાં એણે સ્વસ્થ અવાજે કહ્યું, ‘અમે કેવી રીતે જીવીએ છીએ તે જોયા પછી તમને આ દુનિયામાં પાછા ફરવાનું શી રીતે ગમ્યું? આ ગંદી હવામાં તમે શ્વાસ શી રીતે લો છો? આટલા બધા ઘોંઘાટ અને વાહનોના એકધારા અવાજ વચ્ચે તમને ઊંઘ શી રીતે આવે છે? જે ખોરાકમાં એનો પોતાનો સ્વાદ નથી તેને તમે શી રીતે ખાઈ શકો છો? જે સ્ત્રીઓ સ્ત્રીઓ તરીકે જીવતાં ગભરાતી હોય એવું લાગે છે ને કાળા કાચ પાછળ આંખો ઢાંકી દે છે તેની સામે તમે સમ્બન્ધ શી રીતે રાખી શકો છો? અને આ ગામના રસ્તા પર સદા બંદૂક લઈને ઊભા રહેતા આ લોકો કોણ છે?’ મેં કહ્યું કે એ તો મુખીના માણસો છે. એણે કહ્યું, ‘તો તમારો મુખી સાચો મુખી નથી લાગતો, નહિ તો એના ગામનું રક્ષણ કરવા આટલા બધા બંદૂકવાળા માણસો જોઈએ? અમારી સાથે રહ્યા પછી તમે અહીં આવ્યા જ શી રીતે?’ મેં એને પૂછ્યું કે એ એની જાતિના લોકોને અહીં એણે જે જોયું તેની વાત કરશે ખરો? એણે કહ્યું, ‘ના, હું કહું તો એ લોકોને મારી વાત પર વિશ્વાસ બેસશે નહિ. તમારે આવી દુનિયામાં રહેવું પડે છે એ જાણીને એ લોકો દુ:ખી થશે. અમારા મુખી ઘરડા છે. એ આ બધું ન જાણે તે જ સારું. કદાચ કોઈક વાર મારા દીકરાને તમારી જાતિ વિશે હું કહીશ, કદાચ નહિ પણ કહું.’ એવી તીક્ષ્ણ દૃષ્ટિએ એણે બધું માપી લીધું.

એક જર્મન કવિએ કહ્યું છે તે યાદ આવે છે : હજી સૂર્યોદય થાય છે, રાત પડવાનું નાટક હજી ભજવાય છે. આ કેવું અચરજ? આ વહેલી સવારે મેં મને જીવતો જોયો. મને રાહત થઈ ને મારી બાજુમાંથી કોઈનો શ્વાસ મને સ્પર્શ્યો. અરે, હજી પૃથ્વી પર લોકો વસે છે ખરા? રેડિયો પર જે નાનું યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં આપણે કરેલી પ્રગતિના સમાચાર છે. આથી મને વિશ્વાસ બેસે છે કે માણસજાત મરી પરવારી નથી. સાંજના છાપામાં મેં

વાંચ્યું કે જે લોકો રોજ શાન્તિની વાતો કરતા હતા તેમણે જાતે જ પોતાનો અન્ત આણ્યો. આમ છતાં દરરોજ હજી સૂર્યોદય થાય છે ને રાત પડવાનું નાટક ભજવાય છે.

26-1-81

# સુખદુ:ખના તાણાવાણા

સાંજ ઢળે છે. વાતાવરણને હું સમજવા મથું છું. એમાં થોડોક નારકી દાહ છે, થોડું સ્વર્ગીય સુખ છે. એ બે તન્તુઓ એકબીજામાં એવા તો ઓતપ્રોત થઈ ગયા છે કે એને છૂટા પાડી શકાતા નથી. મન જ્યારે આવું કશુંક પારખવા મથે છે ત્યારે શબ્દો કાચા પડે છે. નરક અને સ્વર્ગ બન્નેનાં પરિમાણોને સમાવવાનું એમનું ગજું નથી. નીતિની ફૂટપટ્ટીથી માપેલું જીવન તો ક્યારનું સંકેલીને ઊંચે મૂકી દીધું છે. નીત્શેનો ઉન્માદ, રિલ્કેની ચેતનાનો વિસ્તરતો અવકાશ, ગટેના ફાઉસ્ટની સંવેદના – આ બધાનો મને લોભ છે. આથી હું કેવળ સુખ કે આનન્દની પ્રતીક્ષા કરતો બેઠો નથી કે રોમેન્ટિકોને હોય છે તેવી વિષાદપૂર્ણ વિહ્વળતાનું મને આકર્ષણ નથી. ચક્રાકાર ગતિનાં આવર્તનોમાં હું ઘણી વાર ફસાઈ જાઉં છું. આથી પ્રગતિની સીધી રેખાએ ચાલતો માર્ગ મને જડતો નથી. અતિશયતા જે વેદના લાવે છે તે મારે માટે પથ્ય છે, કારણ કે એથી મારી ચેતનાનાં બૃહત્ પરિણામની મને ઝાંખી થાય છે. કોઈક વાર તિરસ્કારની ભંગી મને મોહિત કરી જાય છે. કોઈક વાર એકાદ આંસુના સ્ફટિકમાં આકાશના ઘુમ્મટને મુગ્ધ બનીને જોયા કરું છું. યાતના લોહીના લયને ચાબૂક ફટકારીને દ્રુત બનાવી દે છે. બધું જ અનુભવી લેવાના લોભમાંથી હું ઊગરી ગયો છું. આથી મારું મન કોઈ દુ:ખની કે સુખની સીમામાં પુરાઈને રહેવા ઇચ્છતું નથી. માનવીમાત્રના અનુભવના સ્પન્દનથી હું ઝાઝો દૂર રહેવા ઇચ્છતો નથી. મારું નાનકડું હૃદય ઊંચાં શિખરો અને ઊંડી ગર્તાને એક સાથે આવરી લે છે. આમ કરવા જતાં જો છિન્નભિન્ન ને વિશીર્ણ થઈ જવાય તો કોઈ મને એક સ્નેહભર્યા દૃષ્ટિપાતથી ફરીથી અખણ્ડ કરી દઈ શકશે એની મને પ્રતીતિ છે.

આથી વાતાવરણની, પરિસ્થિતિની કે શરીરની પ્રતિકૂળતાની ફરિયાદ કરવાનું મને

છાજતું નથી. આ જેવો છે તેવો વર્તમાન જ મારા સર્વ આનન્દનો જનક બની રહે એવું હું ઇચ્છું છું. અસીમ માટેની મહત્ત્વાકાંક્ષા હોઈ શકે, પણ મારો પુરુષાર્થ મારી સીમા આંકે નહિ ત્યાં સુધી મને સુખનો અનુભવ થાય નહિ. સદા કાળને માટે વણપુરાયેલી રહેવા નિર્માયેલી ઇચ્છા સાથે જેણે પાનું પાડ્યું છે તે સમગ્ર માનવતા સાથે અભિન્ન બનતાં ખંચકાશે નહિ. લખવા વિશે કશો મોટો દાવો કરવો તે બાલિશતા છે. તેમ છતાં એ નિમિત્તે ચેતનામાં જગત ગોઠવાતું આવે છે, સાકાર થતું આવે છે. ઉપનિષદમાં તો જગતને બ્રહ્મનું ઉચ્છ્વસિત કહ્યું છે. રવીન્દ્રનાથે કહ્યું હતું તેમ ઈશ્વર નર્યો ઈશ્વર નથી, ભુવનેશ્વર છે. માટે જ એને ઓળખવો હોય તો ભુવનને ઓળખો. જે લીલાપુરુષ છે તેને ઓળખવા હોય તો એની લીલામાં તદ્રૂપ થતાં આવડવું જોઈએ. આથી ભાષા દ્વારા એ લીલાને ઓળખવાનું કામ સર્જકનું છે. સમાજ સર્જક પાસે હવે કશું ઇચ્છે છે ખરો? સર્જક હોવા જોઈએ એવી સભાનતા સમાજમાં છે ખરી? સાહિત્યકારનો રસાનુભવ જેને માટે આવશ્યક હતો એવો વર્ગ ધીમે ધીમે લુપ્ત થતો જાય છે. સર્જકો પણ અનુચિત સ્પર્ધા રાગદ્વેષનો ભોગ બનતા દેખાય છે. આવી સ્થિતિમાં સર્જનકર્મ એ એકાન્તમાં કરવાની પ્રવૃત્તિ બની રહે છે. છતાં સમાજ સર્જક પાસે એક સામાજિક તરીકે ઘણી અપેક્ષા રાખે છે. એણે જીવનસંઘર્ષથી દૂર ન રહેવું જોઈએ, એણે વાસ્તવિકતા ઓળખવી જોઈએ, માનવજીવનની સમસ્યાઓ પારખવી જોઈએ, એટલું જ નહિ, એના ઉકેલો પણ સૂચવવા જોઈએ.

આ બધું છતાં સર્જક ગાળ પણ ઘણી ખાતો હોય છે. એને વાણીવિલાસમાં રાચનાર કહેવામાં આવે છે. તરંગોમાં રાચે છે, એ કલ્પનાને જ વશ વર્તે છે. સમાજમાં લોકોનાં સુખદુ:ખમાં સંડોવાતો નથી, નિલિર્પ્ત થઈને રહે છે, સમાજને બદલવામાં કશો સક્રિય ફાળો આપતો નથી. એક વ્યક્તિ તરીકે સર્જકનેય પોતાની આશાઆકાંક્ષા હોય છે, એને પણ એનાં સુખદુ:ખ હોય છે. એ પણ ભય પામે છે, એને પણ સંઘર્ષમાં સંડોવાવું પડતું હોય છે. છતાં એને લોકોત્તર ગણીને એની પાસે અસાધારણ ત્યાગની અપેક્ષા રાખવામાં આવે છે.

આજે વાતાવરણ સર્જનપ્રવૃત્તિને પ્રતિકૂળ છે એવું ઘણાંને લાગતું હશે, છતાં મરણોન્મુખ સ્થિતિમાં પણ સર્જકનો કણ્ઠ કોઈ રૂંધી શક્યું નથી. સર્જકે તિતિક્ષા પણ કેળવવાની રહે છે. આથી સર્જક કશી અનુકૂળતાની સમાજ પાસે યાચના કરતો નથી.

એને સમાજ સામે કશી ફરિયાદ હોતી નથી. સમાજ એના સર્જનને લુપ્ત ન થવા દે એવો લોભ પણ એને નથી. જ્યાં સુધી માનવતા જીવન્ત હશે ત્યાં સુધી સર્જન લુપ્ત નહિ થાય.

ઘણી વાર પ્રશ્ન થાય છે : આ બધું લખવાનો અર્થ શો? ઘણું બધું તો લખ્યા પછી મને પોતાને જ અજાણ્યું લાગવા માંડે છે. કોઈ એ વાંચે, એના હૃદયને એ હલાવી જાય એવી મારી ઇચ્છા નથી. ઘણી વાર એ અજાણપણે, ક્યાંક ઊંડે ઊંડે, પ્રચ્છન્ન રહીને, એકાદ નાનું શું ચિહ્ન મૂકી જાય એથી વિશેષની મેં ઇચ્છા રાખી નથી. વાચાળ બનેલી વેદનાને મહાપ્રયત્ને મેં મૌનનું ગૌરવ સમજાવ્યું હોય ને જે શબ્દોનું ટોળું છૂટું મૂકી દે તેને મેં વાર્યું હોય ને આ બધાંને અન્તે એકાદ નિરુપદ્રવી વાક્ય ટપકી પડ્યું હોય તો એના પર અન્યમનસ્ક બનીને નજર ફેરવી જનાર એના સન્દર્ભને શી રીતે સમજે? ચારપાંચ વાર અટકીઅટકીને, બીજી અનેક આકસ્મિક જ ઊભી થયેલી વાતોમાં વધુ રસ લઈને, કોઈ મારી આખી ઉન્નિદ્ર રાત્રિની મથામણ પછી તારવેલી પાંચેક પંક્તિને વાંચે ત્યારે કાફકાની જેમ મનેય લખેલું બધું બાળી મૂકવાનું મન થાય.

આથી લખ્યા છતાં જાણે કશું બન્યું જ નથી, લખવા જોડે મારે કશો સમ્બન્ધ જ નથી, લખવાને નિમિત્તે નજીકના મિત્રોમાં પણ સહેજ સરખો વિક્ષોભ ન જાગે એવી રીતે વર્તવાનું જ હવે તો ઠીક લાગે છે. જે અંગારા દઝાડતા હતા તેને ઠારીને, જે હૃદયના ધબકવાના લયને દ્રુત બનાવે તેને શાન્ત પાડીને, ઠાવકા થઈને વર્તવાનું ડહાપણ મને સમજાતું જાય છે. આ ગઈ સાંજની વાતાવરણમાં છવાયેલી ઉદાસી સાથે મારે અંગત રીતે કશો સમ્બન્ધ નહોતો. પણ એકાએક શાન્ત બની ગયેલો પવન, દુઃસ્વપ્નને જોતાં હોય તેમ સ્તબ્ધ થઈ ગયેલાં વૃક્ષો, ક્યાંકથી સંભળાતું કોઈ અસહાય શિશુનું ક્રન્દન, ઉત્તરમાંથી આવતી દૂષિત હવા આ બધું મળીને જે વિષાદને સાકાર કરી મૂકતું હતું તેને મૂર્ત કર્યા વિના ખંધા થઈને બેસી રહેવાનું મને રુચતું નહોતું. કોઈને કદાચ આ જ ક્ષણોમાં આનન્દનો ઉદ્રેક થયો હોય તો તેને હું નકારી કાઢતો નથી. જુદી જુદી ચૈતસિક વાસ્તવિકતાઓ મૂર્ત થઈ ઊઠે, સ્મરણમાં રહી જાય એવું કશુંક રચાઈ આવે તે મહત્ત્વનું છે – સુખદુઃખની વાત ગૌણ છે. ઉદાસી ખતરનાક નથી, ઉદાસીનતા ખતરનાક છે. જે હૃદય આ જગત તરફ અભિમુખ જ થયાં નથી, જે પ્રત્યક્ષતાથી મુખ ફેરવીને જ ચાલે છે તેને આપણી ચેતનાના પરિસ્પન્દે સ્પન્દિત કરી શકવા જેટલી સમૃદ્ધ સજીવતા તો આપણે સિદ્ધ કરેલી હોવી જ જોઈએ. આમ છતાં વર્જીનિયા વૂલ્ફને થઈ હતી તેવી નિર્વેદની લાગણી પણ થઈ આવે છે. લેખનની કળા વિકસાવવાની બધી ઇચ્છાવાસના

લુપ્ત થઈ જાય છે. કોઈ પુસ્તકને રૂપે મારી ચેતનાને પ્રવાહિત કરવાનો ઉત્સાહ રહેતો નથી. મારા મનને એના ઘાટ પ્રમાણે ઢાળવાનો ઉદ્યમ રુચતો નથી. પુસ્તક તો ઠીક, એક પરિચ્છેદની સીમામાં પણ મારું મન ગોઠવાતું નથી; એ પંક્તિઓ વચ્ચેથી એ નાસી જ છૂટે છે ને હું કેવળ ઠાલાપણાનો બોદો રણકો સાંભળતો બેસી રહું છું. ઘણી વાર આવું ઠાલાપણું પણ મને અર્થગર્ભ લાગ્યું છે. એ નવી સભરતાનું પાત્ર બની રહે એવી સુખદ પરિસ્થિતિ પણ મેં અનુભવી છે. આ લખવું તે અઘરું નથી, પણ એનું સંયોજન, સ્થાપત્યપરિશ્રમથી મને ક્લાન્ત કરી નાંખે છે. ઘણી વાર વાક્ય નાહકનું ભારેખમ બની જાય છે, ઘણી વાર હળવેથી ઊડી જઈ શકે એવા શબ્દની નાજુક પાંખ પર મેં વિચારોનો ટનબંધી બોજો લાદી દીધો હોય છે. એક પરિચ્છેદ પૂરો થાય, એના પર નજર નાખું, જરા અસન્તોષની લાગણી થાય; હું સહેજ ધૂંધવાઈને એને સુધારવાની મથામણ કરું ને બધું સરખું ગોઠવાયેલું લાગે ત્યાં બીજા પરિચ્છેદના પ્રારમ્ભની જવાબદારીનો ભાર વર્તાવા લાગે. આયાસહીનતાથી લખનારા પ્રતિભાશાળીઓ હશે તેની ના નહિ, પણ મને તો બે પરિચ્છેદ વચ્ચે મોટા માનસિક વિરામની જરૂર લાગે છે. સમયનો તકાજો તો ઊભો જ હોય છે. થોડી વાર જાણે બારાખડીનો, વિરામચિહ્નોનો, પરિચય જ નહિ હોય એમ વર્તું છું. ધીમે ધીમે મનના હળવા વાતાવરણમાં થોડા ભીરુ શબ્દો હિમ્મત કરીને બહાર નીકળે છે. થોડાક શબ્દો વચ્ચે સારો મેળ જામે છે; પ્રસન્નતા છવાઈ જાય છે ને એકાદ સરસ ઝરૂખો, એકાદ સરસ તોરણ ઊપસી આવે છે.

આ દરમ્યાન કોઈએ પોતાની કૃતિ પરત્વેનો ‘બે લીટીનો’ પ્રતિભાવ માગ્યો હોય છે તે મહિનાથી લખ્યો નથી તેનું ભાન થાય છે. કોઈના પત્રમાં તીખા વ્યંગનો અણસાર હતો. પણ એનેય ગળી ગયો છું. મનમાં થાય છે કે હવા જેવું હળવું પણ પોલાદ જેવું નક્કર કશુંક રચવું જોઈએ. થોડી કાવ્યપંક્તિના તન્તુઓ ગૂંચવાઈ ગયા છે તેને ઉકેલ્યા નથી. એક-બે પાત્રની આછી રેખાઓ ઊપસી આવી હતી, પણ એ પાત્રોને સજીવન કરી શકાયાં નથી. જો મનને ઠરવા દઉં, કશી અધીરાઈથી એને ચંચળ કરી મૂકું નહિ તો કદાચ આ બધું જ શક્ય છે. પણ જડ થઈ જવાનો ભય મને એક નવી વેદના તરફ હડસેલી મૂકે છે.

9-2-81

# ધોળે દિવસે અંધારું

માનવીઓ તો હવે જાણે મહોરી ઊઠવાનું ભૂલી ગયાં છે, પણ મારી પાસેના બધા જ લીમડાઓ મહોરી ઊઠ્યા છે. હજી ચૈત્રને થોડી વાર છે. સંસ્કૃતના એક કવિએ તો ચૈત્રને જ શ્રેષ્ઠ ગણ્યો છે. વૈશાખનો અજંપો ચૈત્રમાં હોતો નથી. આકાશ ધૂંધળું હોતું નથી. ચાંદનીમાં લીમડાની મંજરીની મહેક ભળે એટલે ચૈત્રની ચણચણતી બપોરને ભૂલી જઈએ અને રાત્રિની સુગન્ધી-શીતળતાને માણ્યા કરીએ.

આમ છતાં રંજ તો રહેવાનો જ. હવે એ સૌહાર્દ નથી. સૌજન્ય નથી. ધોળે દિવસે અન્ધકારભરી ગુફાઓ વિસ્તરતી જાય છે. એમાં શિકારભૂખી આંખો તગતગે છે. માનવ થઈને જીવવાનું કદાચ ક્યારેય આટલું અઘરું થઈ પડ્યું નહોતું. માનવીઓ થોડા શબ્દો બોલે છે ને જાણે આજુબાજુનાં ફૂલ ચીમળાઈ જાય છે; માનવીની દૃષ્ટિ પડે છે ને એના ઓછાયાથી વાતાવરણમાં થોડી કાળાશ ભળી જાય છે. હું તો માનવીને ઉલ્લંઘીને ઈશ્વર સુધી પહોંચવાની વાત માનતો નથી, માનવીને માટે જ મારું હૃદય દ્રવી જાય છે, ને તે છતાં માનવીને જોઈને એનાથી દૂર ક્યાંક લપાઈ જવાનું મન થાય છે. આ લાગણીવેડા નથી, બુદ્ધિહીનતા નથી, માનવદ્વેષ નથી. ખૂબ ઊંડેથી કશુંક હચમચી ઊઠ્યું છે.

પહેલાં દરરોજ સવારે એક પ્રૌઢ માણસ એક પગને ઘસડતો ધીમે ધીમે ચાલતો જતો હતો. એના મુખ પર જે યાતના હતી તે ભૂલાય એવી નથી, આવી નફ્ફટાઈભરી જીવનને માટેની એષણા જોઈને મને રોષ થતો હતો. થોડા મહિના પછી મેં એને અપંગો માટેની ટ્રાઇસિકલ ચલાવતો જોયો. એની જીવાદોરી ફરી લંબાઈ. હમણાં હમણાં એ દેખાતો નથી. તો વળી એક નવું પાત્ર ઉમેરાયું છે : એક વૃદ્ધા કદમાં ઠીંગણી બેચાર પોટલાં ઉપાડીને હાથમાં ડંગોરો રાખીને ટૂંકે ટૂંકે પગલે કશુંક બબડતી બબડતી રોજ

સવારે જતી જોઉં છું. છોકરાંઓ એને ચીઢવે છે, કોઈ વાર પથ્થરો મારે છે. પણ વરસાદ હોય, કે ઠંડી હોય, ધોમ ધખતો હોય તોય અચૂક એ તો રસ્તા પરથી પસાર થવાની જ. એને બિચારીને સિસિફ્સનું ગૌરવ કોણ આપવાનું હતું? પણ એને જોઉં છું ત્યારેય મન ખિન્ન થઈ જાય છે.

ઘણાં પરિચિતો એવા છે જેમની જીવનરીતિમાંથી નર્યા સ્વાર્થની બદબૂ આવે છે. ઠાઠ જુઓ તો બાદશાહી, બોલવે-ચાલવે ચતુરાઈ દાખવે પણ હૃદયની કૃપણતા કાંઈ મીઠું મીઠું બોલવાથી થોડી જ ઢાંકી શકાવાની હતી? ઘણા દમ્ભીઓ વચ્ચે રહીને દમ્ભ પારખવાનું શીખી ગયો છું. આથી એ લોકોની વાતો સાંભળતાં શ્વાસ રૂંધાવા લાગે છે. પહેલાં તો આખાબોલો હતો, તડનું ફડ કહી નાખતો એથી શત્રુઓ વધ્યા, મિત્રો ઘટ્યા. સ્વભાવની ઉગ્રતા વિશે અતિશયોક્તિભરી વાતો પણ ફેલાઈ. આથી સ્વભાવમાં નહિ એવું મૌન સેવવાનું શીખ્યો પણ મૌન સર્વાર્થ સાધનમ્ – એટલે એને મીંઢાપણામાં ઘટાવવાનું શરૂ થયું. મને રવીન્દ્રનાથનું એક પાત્ર બોલે છે (ગુલાબદાસ બ્રોકર પણ ઘણી વાર એ રટે છે) તે વાક્ય યાદ આવ્યું : 'સંસારટા બડો જટિલ' – સંસાર ભારે અટપટો છે. આમ છતાં આ સંસારને ઉઘાડી આંખે જોતો બેઠો છું. જે લોકો બંદૂક તાકે છે ને આંખમાં કરડાકી સાથે ગોળી છોડે છે તેમને ખબર છે ખરી કે કેટલી બધી આંખો એમને જોઈ રહી છે? એ આંખોનાં પોપચાં આ છૂટેલી ગોળીની ઝાળથી જ બળી ગયાં છે. એ આંખોએ તમને તમારાં બાળકોનાં મોંમાં કોળિયો મૂકતા જોયા છે, તમારા હાથને – જે હાથે તમે ગોળી છોડી છે તે હાથને – શિશુને વહાલ કરતો જોયો છે. ગોળીથી ઢળી પડેલાને જોયા વિના તમે મર્દાનગીભરી રીતે પીઠ ફેરવીને જતા રહ્યા તે પણ કેટલી બધી કરુણાભરી આંખોએ જોયું છે. આપણા એક કવિએ 'બારણે બારણે બુદ્ધ'ને જોયેલા. હવે દરેક આંખે બુદ્ધ પ્રકટતા દેખાવા જોઈએ. જેની હત્યા થઈ છે તેની પત્ની જુવાન છે, તેનું બાળક તો હજી જન્મ્યું નથી. એ જન્મતાં પહેલાં જ વેરનો કીડો લઈને જન્મવાની હઠ પકડશે. એ યુવતી જ્યારે તમારી પત્નીને સાંસ્કૃતિક કાર્યક્રમમાં કથ્થકની ઘૂઘરી રણકાવતી જોશે ત્યારે એના હૃદયમાં વેદનાની ઝાલર બજી ઊઠશે. તમે કદાચ ભવિષ્યમાં પરમ વીર ચક્ર પણ પામશો. મને તો કોઈ ચક્ર પર વિશ્વાસ નથી, ચક્ર બીજાને કચડી નાખવાનું જ જાણે છે. જેણે પોતાના પતિને ગોળીથી વીંધાઈને મરતા જોયો છે તેની આંખ બિડાવાની નથી. એ રાત-દિવસ તમને નિર્નિમેષ જોયા કરશે. તમે

જો અશ્વત્થામાની જેમ અમર થઈ જશો તોય એ આંખો સદા તમારી પાછળ જ ભમ્યા કરશે.

આંખો બંધ કરું છું તોય નજર સામે લોહી અને હાડકાંનો ઢગલો દેખાય છે. એ બધાં જ હાડકાં તૂટેલા છે. કેટલાંક તો ખૂબ કુમળાં છે. અહીં મારા જ શહેરમાં કોઠીકચેરી આગળ લાઠીમારથી ભાગતા લોકોની ભીડમાં ચાર વર્ષનું બાળક કચડાઈને મરી ગયું હતું તેની ચીસ હજી ગઈ નથી. આધાર શોધતા એ નાના ટબૂકડા હાથ આધાર વિનાના રહ્યા એ ઘટના આ નગરના સાંસ્કૃતિક ઇતિહાસમાં આરસની ખાંભી પર ભલે નહિ કોતરાય, જે સો ટકા માનવી હતા (એવા કેટલા?) તેના હૃદયમાં તો કોતરાઈ જ ગઈ છે. તે રાતે શિશુને સ્તન્યપાન કરાવતી માનું દૂધ આ ઘટનાના સ્મરણથી સુકાઈ ગયાની નોંધ છાપામાં નથી આવી તેથી શું? હું જાણું છું કે હવે એવો વખત આવશે જ્યારે બે આંસુ પાડીને લોકો પાપનું પ્રાયશ્ચિત્ત કરવા ઇચ્છતા હોય, હૃદય હળવું કરવા ઇચ્છતા હોય તોય એ બે આંસુ એમની આંખમાં રહેશે નહિ. બીજા વિશ્વયુદ્ધના સંહાર પછી જર્મનીમાં લોકોની આવી જ દશા થઈ હતી. આથી એક દુકાને પાટિયું માર્યું હતું. તેમાં લખ્યું હતું : ‘આવો, ઘણા વખતથી રડી નહિ શક્યા હોય તો અહીં આવો. અહીં તમને રડાવવાની વ્યવસ્થા છે.’ ભવિષ્યમાં સરકાર પોતે જ પોતાના જુલમથી જડ, સૂનમૂન થઈ ગયેલી પ્રજાથી ભયભીત બનીને એને રડાવવા માટેનું નવું ખાતું ખોલશે.

આ જે કહું છું તેને જમાનાના ખાધેલા ડાહ્યાડમરા સ્વસ્થ લોકો નર્યા લાગણીવેડા કહીને હસી કાઢશે તે હું જાણું છું. આ ‘લાગણી’ શબ્દ જ સુરતમાં જન્મેલો, નર્મદ એનો પિતા. એ જો આજે જીવતો હોત તો આપણી લાગણીશૂન્યતા જોઈને ડઘાઈ જ ગયો હોત. આ બધી માનવતાને ભરખી જનારી ઘટનાઓ છાતીમાં ડૂમો ભરી દે છે, મગજમાં કાંકરાની જેમ ખખડ્યા કરે છે. રિલ્કેએ કહ્યું હતું તે યાદ આવે છે : ‘મારું હૃદય, એને વિશે એમ કહું કે એ કડવાશથી છલકાઈ ઊઠ્યું છે....પણ ના, મારા હૃદયમાં જે છે તે તો આકાર વગરના, ઘાટઘૂટ વિનાના ગઠ્ઠાઓ છે. એનો ભાર ઉપાડીને હું ફર્યા કરું છું.’

ટિયરગેસથી ભરેલાં ફેફસાં, લાઠીથી તૂટેલાં હાડકાં અને પલકારા મારવાનું ભૂલી ગયેલી આંખોવાળા માણસોનાં ટોળાંને કોઈ ચિત્રકાર આંકશે ખરો? આથી જ તો કહું છું કે હવે બાગમાં જઈને ગુલાબો જોવાની મારામાં હિમ્મત નથી. એ ગુલાબની પાંખડી પર બંદૂકના ધુમાડાની કાળાશ બાઝી ગઈ છે. કોઈ માણસ બોલવા જાય છે તો મને કાન બંધ કરી દેવાનું જ મન થઈ આવે છે. મિત્રશત્રુનો ભેદ હું કરતો નથી. માનવી આગળ

લગાડવાને માટે કોઈ પણ વિશેષણ બચ્યું નથી. બધાં ક્રિયાપદો એક જ ક્રિયાપદનાં અંગ બની ગયાં છે. હવે ભાષા કયા અલંકાર સર્જશે? આ જે લખું છું તે પાન ચાવતાં ચાવતાં હિંચકે ઝૂલતાં વાંચવાની વસ્તુ નથી. મરિના સ્વેતાયેવાએ કહેલું તેમ આંસુના બિલોરી કાચમાં થઈને જ વાંચવી પડે એવી આ વાતો છે. પંક્તિઓને બેયોનેટનો ધક્કો વાગે છે ને એ ઊંધીચત્તી થઈ જાય છે. આ બધું બનવા છતાં જેમને મોઢે કોળિયો બરાબર ઊતરતો જ રહ્યો છે, ચાલતાં ચાલતાં જેમનું એક્કેય પગલું કશીક દ્વિધાથી થંભ્યું નથી, જેમની દૃષ્ટિમાં સહેજસરખી શૂન્યમનસ્કતા દેખાઈ નથી, જેમના અવાજમાં ક્યારેય સહેજસરખો કાપ વરતાયો નથી, જેઓ એવા ને એવા સ્વસ્થ ને શાન્ત છે તેઓ આ જમાનાના નવા સ્થિતપ્રજ્ઞો છે.

બુદ્ધિશાળીઓના અહંકારની બુઠ્ઠી ધારનો માર પણ મેં ખાધો છે, સત્તાધીશોના કાચની અણિયાળી કચ્ચર જેવા શબ્દોથી પણ હું વીંધાયો છું. ભરી સભા વચ્ચેથી હું ઉપેક્ષાનો સરપાવ લઈને ગુપચુપ ઊઠી ગયો છું, છતાં કોણ જાણે શાથી માનવીને ચાહું છું. એના શબ્દોને વળેલી ફૂગ કાળજીથી લૂછી નાખવાનું મન થાય છે. એનું કકરાપણું એને પોતાને નહિ ઉઝરડી નાખે એવી હું ચિન્તા કરું છું. કોઈને ઉડાઉ બનીને આંસુને વેડફી નાખતા જોઉં છું તો મને કહેવાનું મન થાય છે : ‘આંસુને સાચવી રાખો. આવતી કાલે ઘણાંને એની જરૂર પડશે.’

વિદ્યાપીઠમાંય વર્ણભેદથી દાઝ્યો છું. વિદ્યાના તેજને બદલે અભિમાનના દઝાડતા અંગારાનો જ અનુભવ થયો છે. પાત્રતા, યોગ્યતા જેવા શબ્દો અનેક કડવા અનુભવને કારણે મેં ઝનૂનથી ભૂંસી નાખ્યા છે. સહીસિક્કા જોઈને મને ઊબકા આવે છે. નિયમો અને ધારાધોરણોને કારણે હું જાતને વધેરતો રહ્યો છું, છતાં મારી આંખ માનવીને શોધે છે. હું માનવીના હાથને શોધું છું, એની આંખમાં આંખ મેળવવા ઇચ્છું છું. એ જે શબ્દ બોલે તે નરવો હોય, એનાથી સૂર્ય વધુ દીપે ને પવન શીતળ બને એવી આશા સેવું છું. ઉપેક્ષા અને અપમાન બધાં મારે ખભે લાદીને જે કોઈનો ભાર હળવો થતો હોય તે કરવા હું ઇચ્છું છું. દેવો વિશે શ્રદ્ધા રાખી શક્યો નથી, પણ માનવીના માનવ્યની શ્રદ્ધા એ જ તો એક માત્ર આધાર છે. એ જો નથી તો પછી કશું જ નથી.

30-3-81

# મોટેરાંઓનાં રમકડાં

રશિયાના કવિ યેવતુશેન્કોએ કહેલું કે અનુકૂળ ભૌગોલિક પરિસ્થિતિ અને ઐતિહાસિક સંજોગો ધરાવનારી ભાગ્યશાળી પ્રજાઓ જ આજે સ્થૂળ મનોવૃત્તિ અને શિથિલ નીતિમત્તાનું પ્રદર્શન કરી રહી છે. આવાં રાષ્ટ્રો સમ્પત્તિની દૃષ્ટિએ બહારથી ગમે તેટલાં સમૃદ્ધ લાગતાં હોય તોય એ રાષ્ટ્રો ખરેખર સુખી છે એમ તો કહી શકાશે જ નહિ. સમૃદ્ધોને પણ ભાવનાશૂન્યતા પીડી રહી છે, પણ જે લોકો અનિવાર્ય વસ્તુઓની ઊણપથી ખરેખર પીડાઈ રહ્યા છે તેમને માટે તો કશીક ભાવના હોવી એ જ પ્રથમ અનિવાર્યતા છે. જ્યાં ધનધાન્ય પુષ્કળ છે ને ભાવનાઓ નથી ત્યાં ભાવનાઓની અવેજીમાં ધનધાન્ય કામ આપી શકતાં નથી, પણ જ્યાં પેટપૂરતું ખાવાનું જ નથી મળતું ત્યાં મોંમાં ધાન્યનો કોળિયો જ પરમ આદર્શ બની રહે છે.

આજે આપણે 'કન્ઝ્યુમર્સ સોસાયટી'માં જીવીએ છીએ એવું કહેવાય છે. આથી ખરીદાય એવી વસ્તુઓનું ઉત્પાદન અને એના વિક્રય તરફ વધારે ઝોક છે. વિક્ટર પાપાનેક કહે છે કે આજે મોટા ભાગનું ઉત્પાદન તો 'મોટેરાંઓ માટેનાં રમકડાં'નું થઈ રહ્યું છે. ચળક ચળક થતી ચિત્તાકર્ષક રૂપરંગવાળી પણ ઝાઝી ઉપયોગમાં નહિ આવનારી કેટલીય વસ્તુઓ બજારમાં આવે છે. આ માટે જવાબદારી કોની તેનો નિર્ણય સહેલાઈથી કરી શકાય તેમ નથી. જુવાનિયાઓ, અજાતશત્રુ તરુણો અમુક વસ્તુઓ તરફ આકર્ષાય તે માટે ભારે જાહેરાત થઈ રહી છે. એ લોકો અમુક વસ્તુઓ ખરીદે, સંઘરે અને પછી એને નિરુપયોગી ગણીને ફગાવી દે એવી ખરચાળ તુચ્છ વસ્તુઓના ગંજ ખડકાય છે. યુવાન વર્ગ આ પ્રલોભનોમાંથી અને જાહેરાતો અને પ્રચારના વશીકરણમાંથી મુક્ત રહી શકતો નથી.

પાપાનેકે સ્વીડનમાં આ તરુણોને આકર્ષવાને માટે ભરાયેલા એક મેળાનો ઉલ્લેખ કર્યો છે. એ મેળો દસ દિવસ ચાલેલો. પણ નોંધપાત્ર વાત તો એ છે કે તરુણોને આ મેળો પોતાને ભોળવવા માટે છે એ સમજાઈ ગયેલું ને તેથી એમણે એ મેળાનો બહિષ્કાર કરેલો. આ મેળાના વિરોધમાં એમણે મેળો ભરેલો. ઠેકઠેકાણે સૂત્રો લખીને પૂઠાં મૂકેલાં, 'અમે કશું ખરીદવાનાં નથી.' મેળાને દિવસે ખાસ બસ તરુણોને પ્રયોગાત્મક નાટ્યકૃતિઓ, ચિત્રપટો રજૂ કરતાં થિયેટરોએ લઈ ગઈ. કેટલાંક તરુણોએ જગતમાં વ્યાપેલો ભૂખમરો, પ્રદૂષણ, ભાંગગાંજોચરસનાં અનિષ્ટો – આવા વિષયો પર ચર્ચાસભાઓ ગોઠવી.

આપણે ત્યાં 'ફનફેર' – આનન્દમેળાઓનું તૂત ચાલ્યું છે. સસ્તી ખાવાની વસ્તુઓ મોંઘે ભાવે ખરીદીને એમાં થોડી ધૂળ ભેળવીને ખાવી, રમતોને નામે અનેક પ્રકારનો જુગાર રમવો, સંગીતને નામે નર્યો ઘોંઘાટ મચાવવો, ચગડોળમાં મનગમતા સાથી સાથે બેસીને ફરવું અને ખાસ તો એ મેળામાં વ્યાપેલા વાતાવરણનો જ નશો કરવો – આ બધું થતું આપણે જોઈએ છીએ. આમાં અપવાદરૂપ મેળાઓ પણ હોય છે એની ના નહિ, પણ સ્વીડનના તરુણોએ યોજેલો 'એન્ટીફેર' તો હજી ક્યાંક દેખાયો નથી. પદાર્થોનું ઉત્પાદન અને વેચાણ કરનારા એની નૈતિકતા પરત્વે ઉદાસીન હોય છે. ઘણે ભાગે એમને લોકોને સોહામણી રીતે છડેચોક છેતરવાનો જાણે પરવાનો જ મળી જતો હોય છે, એટલું જ નહિ, ધનિકોના વર્ગ દ્વારા એમને સામાજિક માન્યતા મળે છે અને શેખીખોર લોકોને ઉત્તેજન મળે છે તે જુદું. પોલ ગૂડને નોંધ્યું છે કે અમેરિકા જેવા દેશમાં આવી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓ પોતાનો આગવો સંશોધનવિભાગ રાખે છે. આની પાછળ કરોડોનો ધુમાડો થાય છે. વૈજ્ઞાનિક સંશોધનને નામે સરકારનાં અને પ્રતિષ્ઠાનોનાં અનુદાનો પણ એને મળતાં રહે છે. આથી એ વસ્તુઓની કિંમતમાં વધારો થાય છે. પણ મોટા ભાગનું કહેવાતું સંશોધન તો પ્રતિસ્પર્ધી ઉત્પાદકોની વસ્તુઓને કેવી રીતે આંબીને વટાવી જવી તેની પ્રયુક્તિઓ જ શોધતું હોય છે. ઘણા પ્રામાણિક વિજ્ઞાનીઓ આ બદલ ખેદ પણ અનુભવે છે. આ ઉત્પાદકો સામાજિક અને નૈતિક જવાબદારીઓમાંથી સમૂળગા મુક્ત થઈ જાય તો તે કેવી રીતે વર્તે તે વિચારવા જેવું છે. વસ્તુઓ 'ડિઝાઇન' કરવી, બનાવવી, એની જાહેરાત કરવી, માર્કેટ રિસર્ચનાં ખાતાં ચલાવવાં અને નફાનાં કોષ્ટકો તૈયાર કરવાં – આ બધાં માટે તો પછી એમને છુટ્ટો દોર જ મળી જાય! એમના પાળેલા વિજ્ઞાનીઓ, ઇજનેરો, મનોવિજ્ઞાનીઓ, સમાજવિજ્ઞાનીઓ

એમની ઇચ્છા પ્રમાણે 'સંશોધનો'નાં પરિણામો તૈયાર કરી આપે. આના પ્રતાપે આ ઉત્પાદકો પોતે ધારે તેવી રીતે જગતનો ચહેરો બદલે અથવા વિકૃત કરી શકે.

પાપાનેકે આ પરિસ્થિતિ પર વ્યંગ કરવાના હેતુથી 'ધ લોલિટા પ્રોજેક્ટ' નામનો એક લેખ 'ધી ફ્યુચરિસ્ટ' નામના સામયિકમાં લખેલો. જે સમાજ સ્ત્રીઓને કેવળ ઉપભોગની સામગ્રી લેખે છે તે સમાજમાં આવી કૃત્રિમ બનાવટી સ્ત્રીઓનું ઉત્પાદન કરવાનો ધંધો સારો વિકસી શકે. આ પ્લાસ્ટિકની સ્ત્રીઓમાં વીજળીની મદદથી હૃદયનો ધબકારો અને નાડીનો સંચાર ઉત્પન્ન કરીને એનામાં સજીવતાની ભ્રાન્તિ ઊભી કરી શકાય. એનામાં સ્પર્શથી થતા રોમાંચ, શરીરની ઉષ્મા, વગેરેની વ્યવસ્થા થઈ શકે. વાળનો રંગ ગમતો હોય તેવો કરી શકાય. આ રીતે તૈયાર કરેલી આદમકદ ઢીંગલીઓ આશરે ચારસો ડોલરની કિંમતે વેચી શકાય એવો અંદાજ પણ કોઈ ઉત્પાદકે કાઢેલો અને 'આગૌસી' નામના સામયિકના ફેબ્રુઆરી ઓગણીસસો અગણોસિત્તેરના અંકમાં એ ઢીંગલીની જાહેરાત છબીઓ સાથે આવેલી પણ ખરી. એ ઢીંગલી જેકી કેનેડી (ઓનાસિસ)ના જેવી દેખાતી હતી. એની કિંમત માત્ર દસ ડોલર હતી. એને 'અપરિણીતોની સંગિની' તરીકે વર્ણવી હતી. હાર્વર્ડમાં સામાજિક મનોવિજ્ઞાનનો વિષય શીખવનાર પીએચ.ડી. થયેલા અધ્યાપકે એનું ઉત્પાદન કરવાનો પરવાનો પણ માગ્યો હતો.

રાજકારણવાળાઓ પણ પોતાની એકહથ્થુ સત્તાનો ઉપયોગ કરીને લોકોના હિતને નામે અમુક વસ્તુનું ઉત્પાદન કરવાના તરંગો સેવતા હોય છે. હિટલરને વોકસવેગન મોટરકાર મોંઘી લાગેલી. આથી એણે પોર્શે નામના ઓટોમોબિલ એન્જિનિયરને રોકીને પાંસઠ હજાર ડોલરનું અનુદાન આપી સસ્તી મોટરકાર તૈયાર કરાવી હતી. પણ અમેરિકા જેવા મૂડીવાદ દેશમાં તો લોકહિતનું નાટક સુધ્ધાં કરવામાં આવતું નથી. છકેચોક વધુ નફો મેળવવાના આશયથી જ આવાં ઉત્પાદનો થતાં હોય છે. એમાં મોટે ભાગે મધ્યમ વર્ગના ઉપલા થરની માગણીઓને લક્ષમાં રાખવામાં આવી હોય છે.

મંદીના ગાળામાં ઉત્પાદનનું ખરચ ઓછું હોય, વેચાણ કિંમત ઘટે અને છતાં વસ્તુ રૂપેરંગે સારી લાગે છે એ માટે મોટી મોટી ઉદ્યોગ પેઢીઓએ 'ડિઝાઇનિંગ' શરૂ કરેલું. પણ આજે તો આ કહેવાતા 'ડિઝાઇનિંગ'ને પરિણામે બધું અમાનવીય અને નર્યું વન્ધ્ય લાગવા માંડ્યું છે. વસ્તુ જરૂરી છે અને લોકોને ખરેખર ખપમાં આવશે એવી દૃષ્ટિ એની પાછળ રહી નથી. બજાર જીતવાની વૃત્તિ જ એની પાછળ કામ કરી રહી છે. આવી આ

આખી પ્રવૃત્તિમાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર ઊભી થઈ છે. લોકોની જરૂરિયાત સાથે એનો ફરીથી સમ્બન્ધ જોડવાનો રહેશે. વળી સમાજમાં મધ્યમ સવર્ગના ઉપલા થર સિવાયના બીજા લોકો પણ જીવતા હોય છે તેની નોંધ લેવાની રહેશે.

‘લો ઇન્કમગુ◌્રપ’ નામની એક નવી ન્યાત ઘર બાંધનાર સરકારી પ્રતિષ્ઠાનો અને ઉદ્યોગપતિઓએ ઊભી કરી છે. આ ભદ્ર સમાજના નવા અછૂતો છે. મેં વડોદરામાં જોયું છે કે આવા વર્ગને માટે બાંધી આપેલા વસવાટોમાં જુદા જ લોકો રહેતા હોય છે. આ વર્ગના હોવું એ જાણે સામાજિક કલંક હોય એવું મનાવા લાગ્યું છે. આમ ગરીબાઈ તો ઠીક, ઓછાં સાધનસમ્પત્તિ હોવાં તે પણ જાણે નીચું જોવા જેવું ગણાવા લાગ્યું છે. ખાનદાનીને આપણે પૈસા સાથે જ જોડી છે. શ્રમ દેખાડો કરવા માટે થાય છે, શ્રમનું ગૌરવ આપણે કરી શક્યા નથી. હવે મધ્યમ વર્ગના લોકો ઊંચા સ્તરના લોકોની રહેણીકરણીનું અનુકરણ કરે છે. આથી એમણે પણ રેફ્રીજરેટર, ફોન વગેરેની જરૂર લાગવા માંડી છે. એને માટે પણ ‘સસ્તાં’ રેફ્રીજરેટર બનાવવામાં આવે છે. એ બરાબર નથી ચાલતાં ત્યારે એનો વાંક આ નીચલા થરના લોકોને એ વાપરવાની આવડત નથી એમ કહીને એમને માથે ઢોળવામાં આવે છે. આ પરિસ્થિતિનો ચિતાર આપતું પુસ્તક વિલિયમ ર્યાને લખ્યું છે. એનું નામ જ છે ‘બ્લેઇમિંગ ધ વિક્ટિમ!’

આજે જ્યારે જાતિભેદની વિષમતા, આર્થિક વિષમતા, ‘હાઇ કલ્ચર’ અને ‘લો કલ્ચર’ના અનેક પ્રકારના ભેદો ઊભા થાય છે ત્યારે આ ભેદો ઊભા કરતી આખી પ્રક્રિયાને આપણે તપાસવી પડશે. કોઈ આજે ધર્મને કારણે અછૂત નથી. ગિજુભાઈએ ઘણાં વર્ષો પહેલાં લખેલું કે હરિયો આંગણે પાણી પીવા આવે તો એને ધૂત્કારી કાઢીએ, પણ એ જ જો હેરી થઈને આવે તો એને સલામ ભરીએ. જેઓ પૈસેટકે પછાત છે તેઓ કદાચ વધુ પ્રામાણિક હોય, ખાનદાન હોય તોય તેમને ઊતરતી કોટિના ગણવાનું વલણ સમાજમાં છે. સાધનસમ્પન્ન સાહિત્યકારો સાથેના સમ્બન્ધમાં પણ મને એવો અનુભવ થયો છે.

આજે ઊભી થયેલી સમસ્યાનું ખોટું નિદાન કરીશું તો વેરઝેર વધશે. ઉન્નતભ્રૂ લોકો બીજાઓને અપાંક્તેય ગણીને જ પોતાની ઉચ્ચતા સાબિત કરવાનું અસંસ્કારીપણું દાખવતા રહેશે ત્યાં સુધી ઉપલકિયા ઉપાયોથી, કાયદાકાનૂનથી કે રાજકારણના દાવપેચથી કશું વળવાનું નથી. ઓછી શક્તિવાળો કવિ માણસ તરીકે ન્યૂન નથી, પણ વધારે શક્તિવાળો અહંકારી તુંડમિજાજી કવિ માણસ તરીકે મારી દૃષ્ટિએ તો ઓછો

જ ઊતરે. છતાં એની પ્રત્યે મારો સમભાવ ઊણો પડવો નહિ જોઈએ. ફાટેલાં કપડાં પહેરનાર અને એક ટંક જોગું માંડ મેળવનારાની ખાનદાની જોઈને મારું ગૌરવથી મસ્તક ઝૂક્યું છે. સાહિત્યકારોનાં ખોટી તોછડાઈ, અવિવેકી વર્ગભેદ અને અમાનુષીપણું જોઈને શરમથી મારું માથું નમી ગયું છે. અભદ્ર ચડસાચડસી જેવું કુત્સિત કશું નથી. આથી જ તો સાચા માનવનાં દર્શનને જ હું પરમ સાક્ષાત્કાર ગણું છું.

30-4-81